WEDNESDAY
૧૭-૦૨-૨૦૨૧
વિ.સં. ૨૦૭૭, મહા સુદ ૦૬
અંક : ૧૧૩
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

મધ્યપ્રદેશના સિદ્ધિથી સતના જઈ રહેલી બસ ટ્રાફિક જામને કારણે આડા માર્ગે ફંટાઈ જતા સર્જાઈ ગમખ્વાર દુર્ઘટના : એસડીઆરએફ દ્વારા બચાવકાર્ય પૂરજોષમાં

# એમપીમાં બસ કેનાલમાં ખાબકતા ૪૮ના મોત

(જી.એન.એસ.)ભોપાલ,તા.૧૬

મધ્યપ્રદેશના સીધીમાં મંગળવારના રોજ સવારે મોટા અકસ્માત થયો છે. મુસાફરથી ભરેલી એક બસ બાણસાગર નહેરમાં પડી છે. હમણાં સુધી ૨૫ લોકોની લાશો બહાર કઢાઈ છે. ૭ યાત્રિઓનો બચાવ થયો છે જ્યારે ડ્રાઈવર નહેરમાં તરીને બહાર નીકળી ગયો છે. અધિકારીઓને આશંકા છે તે મૃતકોની સંખ્યા ૪૫એ પહોંચી શકે છે. સવારે ૧૧.૪૫ વાગ્યે ક્રેનની મદદથી બસને બહાર કઢાઈ છે. કેટલીક લાશો પાણીમાં તણાઈ ગઈ છે. એએસપી અંજુલતા પટેલે જણાવ્યું છે કે ૩૭ લાશોને બહાર કઢાઈ છે. બાકીના મુસાફરોની પણ મોતની આશંકા છે. ગૃહમંત્રી અમિત શાહે પણ આ મામલે શિવરાજ સિંહ સાથે વાત કરી હતી અને ઝલદીથી રાહત કાર્ય થાય તે માટે ચર્ચા કરી હતી. અમિત શાહે કહ્યું કે સ્થાનિક પ્રશાસન હાલમાં લોકોની મદદ માટે યુદ્ધના ધોરણે કાર્ય કરી રહ્યું છે. આ ઉપરાંત તેમણે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રી શિવરાજ સિંહે સરકાર તરફથી વળતરની જાહેરાત કરી છે.

દરેક મૃતકના પરિવારને ૫ લાખ રૂપિયા આપવામાં આવશે. સીધી બસ દુર્ઘટના બાદ મધ્ય પ્રદેશમાં આજે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ યોજાનારા ગૃહપ્રવેશ કાર્યક્રમને સ્થગિત કરી દેવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના હસ્તે મધ્ય પ્રદેશને ભેટ મળવાની હતી. મંગળવારે (૧૬ ફેબ્રુઆરી) વસંત પંચમીના પ્રસંગે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ માટે એક મોટો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. દુર્ઘટના બાદ બાણસાગર ડેમથી છોડવામાં આવતું પાણી બંધ કરી દેવામાં આવ્યું છે જેનાથી બસને પાણીના તેજ વહેણમાંથી તણાઈ જતાં રોકી શકાય. ક્રેનની મદદથી પહેલા બસને શોધવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશના પરિવહન મંત્રી ગોવિંદ રાજપૂતે જણાવ્યું કે બસની પરમિટ રદ કરીને ટ્રાન્સપોર્ટ કમિશ્નરને આ દુર્ઘટનાની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. તપાસમાં જે પણ દોષી પુરવાર થશે તેને છોડવામાં નહીં આવે.





**મુખ્યમંત્રી શિવરાજસિંહે સરકાર તરફથી મૃતકના પરિવારને પાંચ લાખ વળતર પેટે આપવાની કરી જાહેરાત**

ડેપ્યુટી ટ્રાન્સપોર્ટ કમિશ્નરને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે. આ અકસ્માત રામપુરના નૈકિન વિસ્તારમાં સવારે લગભગ સાડા સાત વાગે થયો છે. બસ સીધીથી સતના જઈ રહી હતી. પોલીસના જણાવ્યા અનુસાર બસની ક્ષમતા માત્ર ૩૨ મુસાફરોની હતી. આ બસમાં ૫૪ મુસાફરો હતા. સીધીથી આ બસ છુહિયા ઘાટીથી સતના તરફ જઈ રહી છે. ટ્રાફિક હોવાથી ડ્રાઈવરે રૂટ બદલી દીધો હતો. આ સમયે રસ્તો સાંકડો હોવાથી ડ્રાઈવરે બસના સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતાં બસ નહેરમાં ખાબકી હતી. ઝાંસીથી રાંચી જતો આ રસ્તો સતના, રીવી, સીધી અને સીંગરોલી થઈને જાય છે. એટલે અહીં ટ્રાફિક જામની વર્ષોથી સમસ્યા રહેતી હોય છે.

એસડીઆરએફની ટીમ રેસ્ક્યુ ઓપરેશનમાં લાગી ગઈ છે. બસને ક્રેનની મદદથી બહાર કઢાઈ છે. ગોતાખોરો હાલમાં લાશો શોધી રહ્યા છે. નહેરમાં પાણીનો પ્રવાહ વધારે હોવાથી ટીમ પાણી ઘટવાની રાહ જોઈ રહી છે. એ પણ આશંકા છે કે પાણીના તેજ પ્રવાહને પગલે લાશો દૂર સુધી પાણીમાં તણાઈ ગઈ પણ હોય. હાલમાં બાણસાગર ડેમમાંથી પાણીનો પ્રવાહ અટકાવી દેવામાં આવ્યો છે. પાણીનું સ્તર ઘટ્યા બાગ બીજી લાશો મળી શકે છે. પાણીનું હાલમાં ડ્રાયવર્ઝન કરી સિહાવલ નહેરમાં મોકલાઈ રહ્યું છે.

# પોંડુચેરીમાં કોંગ્રેસ સરકાર ખતરામાં : ચાર ધારાસભ્યોના રાજીનામા બાદ સ્થિતિ નાજૂક

(જી.એન.એસ.)પુંડુચેરી,તા.૧૬

કેન્દ્ર શાસિત પ્રદેશ પુંડુચેરીમાં આ વર્ષ ચૂંટણી થવાની છે. આ વચ્ચે રાજ્યમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અહિયાંના ૪ ધારાસભ્યોના રાજીનામા અને એક ધારાસભ્ય અયોગ્ય જાહેર કરવામાં આવતા પાર્ટીને બહુમત ગુમાવી દીધો છે. ખાસ વાત એ છે કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી ચૂંટણીની ચર્ચા માટે પુંડુચેરી પહોંચવાના હતા. આ પહેલા જ કોંગ્રેસ નેતાઓએ પાર્ટી છોડી દીધી છે. ૫ ધારાસભ્યોના નુકશાનથી કોંગ્રેસ પાર્ટીએ પુંડુચેરી ભારે કિંમત ચુકવવવી પડી છે. પાર્ટી રાજ્યમાં બહુમત ગુમાવી ચુકી છે. થોડા દિવસ પહેલા પાર્ટીના એક બાદ એક ધારાસભ્યોએ રાજીનામા આપી દીધા હતા. કેટલાકે તો ટ્વિટરના માધ્યમથી રાજીનામાની જાહેરાત કરી હતી. ૨૦૧૬ની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રસે ૧૫ સીટ પર વિજય મેળવ્યો હતો જ્યારે તેમની ગઠબંધન પાર્ટી ડીએમકેને ૪ સીટ મળી હતી.

સાથે એક અપક્ષ ઉમેદવારે સમર્થન આપ્યું હતું. તેની સામે એમઆર કોંગ્રેસને ૭, તેના સહયોગી એઆઈએડીએમકેને ૪ સીટ પર જીત મળી હતી. જો કે ગવર્નર કિરણ બેદીએ બીજેપીના ત્રણ લોકોને વોટિંગ અધિકાર આપી દીધો હતો, જેના કારણે ૩૦ સદસ્યીય સભાની ગણતરી વધીને ૩૩ થઈ ગઈ હતી. પુંડુચેરીના મુખ્યમંત્રી વી નારાયણસ્વામીએ ગવર્નર પર કામ નહીં કરવા દેવાનો આરોપ લગાવ્યો હતો. તાજેતરમાં જ તેમણે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ સાથે મુલાકાત કરીને કિરણ બેદી સામે મેમોરેંડમ સોપ્યું હતું.

નારાયણસ્વામીએ રાષ્ટ્રપતિને આ મામલે સંજ્ઞાન લેવાની અપીલ કરી હતી. તેમણે કહ્યું હતુ કે, ગર્વનર તરફથી અધિકારીઓને ધમકીઓ મળી રહી છે. જેના કારણે તેઓ સારી રીતે કામ કરી શકતા નથી. સીએમએ પ્રધાનમંત્રી મોદી અને કિરણ બેદી પર પુંડુચેરીનો દરજો બદલાવાનો આરોપ લગાવ્યો છે. તેમણે દાવો કર્યો કે, તે કેન્દ્ર શાસિત રાજ્યને તમિલનાડુમાં ભેળવી દેવા માગે છે.

# રાજકોટના રામ મોકરીયા બનશે રાજ્યસભાના સાંસદ : બન્ને બેઠકો બિનહરીફ થવાની વકી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૬

ભાજપે રાજ્યસભાની ખાલી પડેલી બેઠેકો પર બે ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે દરવખતની જેમ આ વખતે પણ બંને બેઠકો પર નવા જ નામો જાહેર કર્યા છે. ભાજપે રાજ્યસભાની બે બેઠકો પર દિનેશભાઈ જેમલભાઈ પ્રજાપતિ અને રામભાઈ મોકરિયાનું નામ જાહેર કર્યું છે.

કોંગ્રેસના અહેમદ પટેલ અને ભાજપના અભય ભારદ્વાજના નિધન બાદ આ બંને બેઠકો ખાલી પડી છે. નોંધનીય છે કે, ૧ માર્ચના રોજ રાજ્યસભાની પેટાચૂંટણી યોજાવવાની છે. હાલ મળતી માહિતી પ્રમાણે, બે ઉમેદવારોમાંથી એક સૌરાષ્ટ્ર છે અને અન્ય ઉત્તર ગુજરાતમાંથી આવે છે. જો આપણે ઉમેદવારોની વાત કરીએ તો દિનેશ પ્રજાપતિ ઓબીસી ચહેરો છે, તેઓ બનાસકાંઠામાંથી આવે છે. તેઓ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી, જિલ્લા ભાજપ પૂર્વ યુવા મોરચા પ્રમુખ રહી ચૂક્યા છે. હાલમાં તેઓ બક્ષીપંચ મોરચાના પ્રમુખ છે. રામભાઈ



મોકરિયા એબીવીપી કાર્યકર્તા છે. તેઓ મૂળ પોરબંદરના નિવાસી છે. તેઓ હાલ રાજકોટમાં કાર્યરત છે.

તેઓ મારુતિ કુરિયરના મલિક છે અને ભાજપ સાથે વર્ષોથી જોડાયેલા છે.

હાલમાં રાજકીય વર્તુળોમાં તેવી ચર્ચા ચાલી રહી છે કે, બંને બેઠક પર ભાજપ પોતાના બે ઉમેદવાર રાજ્યસભામાં મોકલવા માટે સફળ થશે. કારણકે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી બાદ અમિત શાહ અને સ્મૃતિ ઈરાનીની ખાલી પડેલી રાજ્યસભા બેઠક પર યોજાયેલી ચૂંટણીમાં ધારાસભ્યોએ બંને બેઠકો માટે અલગ-અલગ મત આપવા પડ્યા હતા એટલે કે, ચૂંટણી ભલે એક જ દિવસે યોજાય પરંતુ બંને બેઠકો માટે વિધાનસભાના તમામ સભ્યો અલગ-અલગ મતદાન કરશે.

કોંગ્રેસે જે તે સમયે આ મુદ્દાને સુપ્રીમ કોર્ટમાં પણ પડકાર્યો હતો. પરંતુ ચૂંટણી પંચ દ્વારા વર્ષ ૨૦૦૯ અને ૧૯૯૪માં યોજાયેલી ચૂંટણીનો રેફરન્સ આપતા એક જ જાહેરનામા બંનેએ બેઠકોની અલગ-અલગ ચૂંટણી કરવા થયેલા આ પ્રક્રિયાનો હવાલો આપ્યો હતો એટલે કે ગુજરાતની ખાલી પડેલી બંને બેઠકો પર ભાજપના બંને ઉમેદવારને જીત મળશે અને રાજ્યસભા પહોશે.

રાજ્યસભામાં ભાજપના બન્ને ઉમેદવાર બિનહરીફ થયા છે. કોંગ્રેસ એક પણ ઉમેદવાર રાજ્યસભામાં નહીં ઉતારે કારણ કે, વિધાનસભામાં કોંગ્રેસ પાસે પુરતુ સભ્ય સંખ્યાબળ છે જ નહીં. અને પુરતુ સભ્ય સંખ્યાબળ ન હોવાથી જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. બન્ને બેઠક માટે અલગ અલગ જાહેરનામું હોવાથી નિર્ણય લેવામાં આવ્યો છે. હાલની સ્થિતિએ કોંગ્રેસના ઉમેદવાર જીતવાની સ્થિતિએ નથી.




# ગુગલને દંડ : ફ્રાન્સના ૧૨૧ ન્યૂઝ પેપરોને ૫૫૧ કરોડ રૂપિયા ચૂકવવાની તાકીદ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૬

પોતાના પ્લેટફોર્મ પર ન્યુઝ પેપર તેમજ સમાચાર વેબસાઈટ્સની ખબર સાથે વિજ્ઞાપન બતાવી લાખોની કમાણી કરી રહેલા ગુગલ હવે ફ્રાન્સને ૧૨૧ ન્યુઝપેરોને ૫૫૧ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. ફ્રાન્સના નવા કાયદા મુજબ ગયા મહિને ફ્રાન્સના ન્યુઝ પેપર સંગઠને એપીઆઈજી એલાયન્સ સાથે ત્રણ વર્ષ માટે આનો કરાર કર્યો હતો, પરંતુ કેટલી કિંમત ચુકવશે એ હજુ સામે આવ્યું નથી. ખાસ વાતએ છે કે આ પૈસે એને સમાચારના નાના સ્વરૂપને પોતાના પ્લેટફોર્મ પર બતાવવા માટે ચૂકવવા પડશે.



શરૂઆતમાં ગુગલ એના માટે તૈયાર ન હતું. પરંતુ ૨૦૧૪માં સ્પેન સમાચાર સંગઠનોને પણ આ પ્રકારની રકમ ચૂકવવા માટે કાયદો બનાવવામાં આવ્યો હતો. એના પર ગુગલે સ્પેનમાં પોતાનું 'ગુગલ ન્યુઝ' સેક્સન બંધ કરી દીધું જેથી કમાણીનો હિસ્સો ન આપવો પડે. આના પર ગુગલ સર્ચ પરિણામોમાં ફ્રાન્સિસ સમાચાર સંસ્થાઓના કન્ટેન્ટ હટાવવાની તૈયારી કરી લીધી હતી. એના પર ફ્રાન્સના પ્રતિસ્પર્ધા આયોગે ચેતવણી આપી. સરકારના કડક રૂખ સામે ગુગલે નમવું પડ્યું. કરાર સાથે સમાચાર સંસ્થાઓથી મળેલ કન્ટેન્ટ અનુસાર એમની ભાગીદારી નક્કી થશે. ઉદાહરણ તરીકે પ્રમુખ દૈનિક અખબાર લા મોડને લગભગ ૯.૫ કરોડ રૂપિયા ને સાપ્તાહિક અખબાર લા વોક્સને ૧૦ લાખ ચૂકવવા માટે આવશે.

# અમેરિકાના બાઈડન પ્રશાસનમાં ભારતીયોની બોલબાલા : સંઘીય એજન્સીઓમાં નિમણૂંકો

(જી.એન.એસ.)વોશિંગટન,તા.૧૬

અમેરિકામાં બિડેન પ્રશાસનમાં ભારતીય મૂળના લોકોનું મહત્વ વધી રહ્યું છે. બાયડન વહીવટીતંત્રે જાહેર સેવા ક્ષેત્રના બે ભારતીય મૂળના નિષ્ણાતોની સ્વયંસેવા અને સેવા માટે સંઘીય એજન્સી એમેરિકોપ્સના મુખ્ય હોદ્દા પર નિમણૂક કરી છે. સોનાલી નિઝવાનને અમેરિકોર્પ્સ સ્ટેટ એન્ડ નેશનલની નિયામક અને પ્રેસ્ટન કુલકર્ણી (૪૨)ને વિદેશી બાબતોના નવા વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. કુલકર્ણી ટેક્સાસથી બે વખત કોંગ્રેસ માટે ચૂંટણી લડ્યા હતા, જેમાં તેઓ નિષ્ફળ રહ્યા હતા.

અમેરિકોર્પ્સ દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદનમાં જણાવાયું છે કે, નિઝવાન અને ડેન કોલ સાથે કુલકર્ણીની નિમણુક, વિવિધ નેતૃત્વ પ્રત્યે બાઈડેન પ્રશાસનની પ્રતિબદ્ધતા દર્શાવ છે. અમેરિકોર્પ્સે કહ્યું કે, આ નેતાઓ તેમની ભૂમિકામાં વહીવટના કાર્યસૂચિને ટેકો આપવા માટે સેવાનો ઉપયોગ કરશે અને અમારા સમયની ચાર સૌથી મોટા પડકારો પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં કોવીડ-૧૯, આર્થિક સુધારા, વંશીય સમાનતા અને આબોહવા પરિવર્તનનો સમાવેશ થાય છે. કુલકર્ણી એમેરિકોર્પ્સમાં તેમની સેવા અને જાહેર બાબતોના વિવિધ શ્રેણીના અનુભવનો ઉપયોગ કરશે. સોનાલી નિઝવાન અને પ્રેસ્ટન કુલકર્ણી ઉપરાંત અન્ય ભારવંશી રોહિત ચોપરાને કન્ઝ્યુમર ફાઈનાન્શિયલ પ્રોટેક્શન બ્યુરોના વડા પદ માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.

# યુએઈનો અંતરીક્ષમાં દબદબો સ્પેસકાફ્ટ હોપ મંગળની નજીક

(જી.એન.એસ.)અબુ ધાબી,તા.૧૬

ભારતનું મિશન મંગળ સફળ રહ્યું હતું, ત્યારબાદ બોલિવૂડમાં વિદ્યા બાલન અભિનેતા ફિલ્મ બની હતી તે પણ હિટ રહી હતી. ભારત બાદ હવે યુએઈનું મિશન સફળ થયું છે. એટલું જ નહીં હોપ માર્સ મિશન દ્વારા સંયુક્ત આરબ અમીરાતે ઈતિહાસ રચી દીધો છે. યુએઈનું સ્પેસક્રાફ્ટ 'હોપ' મંગળ ગ્રહની નજીક પહોંચી ગયું છે. યુએઈના પહેલા ઈન્ટરપ્લેનેટરી અંતરિક્ષ યાન 'હોપે' ગયા મંગળવારે સફળતાપૂર્વક મંગળની કક્ષામાં પ્રવેશ કરી લીધો હતો. મળતી માહિતી મુજબ, મંગળ પર યુએઈનું પેહલું મિશન મંગળવારના રોજ લાલ ગ્રહને એકદમ નજીક પહોંચી ગયું અને પહેલા પ્રયાસમાં જ સફળતાપુર્વક તેની કક્ષામાં પણ પ્રવેશ કરી લીધો છે. ઈહોપપ્રોબના નામથી ઓળખાનારા યુએઈના માર્સ મિશને એક સંકેત મોકલીને આ અંગેની પુષ્ટી આપી દીધી છે. મંગળ મિશનના ટ્વીટર અકાઉન્ટના એક ટ્વીટ પ્રમાણે, સફળતા હોપપ્રોબ સાથે સંપર્ક ફરીથી સ્થાપિત થઈ ગયો છે. માર્સ ઓર્બિટ મિશન હવે પૂરુ થઈ ગયું છે. અંતિરક્ષ યાન મંગળની કક્ષામાં પહોંચ્યો તો મંગળની કક્ષામાં પહોંચનારો તે પાંચમો દેશ બની ગયો છે અને અરબ દેશોમાં પહેલો દેશ બન્યો છે.આ અંગેની જાણકારી નેશનલ સ્પેસ એજન્સીએ પણ આપી દીધી છે. હોપે સૌર મંડળના સૌથી મોટા જ્વાળામુખીના ફોટા ક્લિક કરીને પૃથ્વી પર મોકલી આપ્યા છે.

### રાજકોટમાંથી જળ સમસ્યાને મળ્યો છે કાયમી જાકારો

# પાણીદાર રૂપાણી સરકારના રાજમાં દુષ્કાળ બન્યો ભૂતકાળ

રાજકોટ તા. ૧૫

આજથી થોડા વર્ષો પહેલાં રાજકોટ જે લોકો આવ્યા હોય એમને ખબર હશે ફેબ્રુઆરી-માર્ચ માસ આવ્યો નથી અને અહીં પાણીની તંગી શરુ થઈ નથી. બેડાં લઈને લાઈનમાં ઉભતી બહેનો, પાણીના ટેન્કર અને છકડાના રસ્તા પર આંટાફેરા. સ્ટેન્ડ પોસ્ટ પર કલાકો સુધી ઊભા રહેલા માણસને એકાદ બે ડોલ પાણી મળે. લોકો કહેતા કે રાજકોટમાં કોઈના ઘરે મહેમાન ન થવાય. જમવા તો મળે પણ પાણીનું શું, રાજકોટમાં દીકરી દેતાં ય કોઈ વિચાર કરે એવી લોકોક્તિ હતી. ભારતીય જનતા પાર્ટીના શાસકોએ રાજકોટની જળસમસ્યાના ઉકેલ માટે સતત પ્રયાસ કર્યા. વર્ષોથી રાજકોટના લોકોની પાણીની તંગી દૂર કરવા માટે પ્રયત્નો થયાં. હવે છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી પાણીની તંગી અહીં ભૂતકાળ બની છે. લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. એનું કારણ છે તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરાવેલી અને વર્તમાન મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીએ અંગત રસ લઈને ઝડપથી ચાલુ કરાવેલી સૌની યોજના.

વરસાદ પડ્યો હોય કે ન પડ્યો હોય સૌરાષ્ટ્રના ગામોમાં અને રાજકોટ શહેરમાં પાણીની સમસ્યા ઊનાળાની શરુઆતથી શરુ થઈ જતી. ક્યાંક એકાંતરા તો ક્યાંક બે દિવસે પીવાના પાણીનું વિતરણ થતું. રાજકોટમાં પણ પ્રાઈવેટ ટેન્કર્સ અને છકડો દ્વારા પાણી વિતરણ થતું. બિલ્ડીંગ કંધસટ્રક્શન કે અન્ય ઉદ્યોગો પર રીતસર એની અસર પડતી. જળસંકટના સમયમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ દોડાદોડી કરવી પડતી. ઊનાળામાં આજી-૧, ન્યારી-૧, ભાદર સહિતના ડેમો ખાલી થઈ જતા ત્યાં છોકરાઓ ક્રિકેટ રમતા હોય એવા પણ દ્રષ્યો હતા.

૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર નર્મદા અવરણ ઈરિગેશન - સૌની યોજનાની જાહેરાત કરીને જાહેર કર્યું કે સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમ નર્મદાના નીરથી ભરવામાં આવશે. શરુઆતમાં તો એવો પ્રશ્ન થયો હતો કે આવું કેવી રીતે શક્ય છે. પરંતુ ચાર જ વર્ષમાં એ શક્ય બન્યું. વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૨ જળાશય, ૩૮ તળાવમાં સૌની યોજના થકી પાણી પહોંચ્યું હતું, બીજા તબક્કામાં રુ.૧૭૬૫ કરોડની જોગવાઈ સૌરાષ્ટ્રના ૫૭ જળાશય ભરવા માટે કરાઈ હતી. ૧૦ લાખ ૨૨ હજાર ૫૮૯ એકર વિસ્તારને આ યોજનાને લીધે સિંચાઈનો લાભ મળે એવું આયોજન શરુઆતથી જ કરાયું હતું.

ચાર લિંકમાં યોજના વિભાજિત છે અને પ્રથમ તબક્કામાં ૧૬ ડેમને એકબીજા સાથે જોડવામાં આવ્યા જેને લીધે ૪ શહેર, ૪૯૦ ગામને પીવાનું પાણી મળ્યું હતું, ત્રીજા તબક્કામાં ૩૫ મોટાં જળાશય અને ૧૦૦ ચેકડેમ ભરવાનું આયોજન છે. તાજેતરમાં જ વિવિધ માધ્યમોની મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રુપાણીએ કહ્યું હતું કે સૌની યોજના સિત્તેર ટકા પૂર્ણ થઈ ગઈ છે. અત્યાર સુધીમાં ૬૪ ડેમ ભરાઈ ચૂક્યા છે. અને આગામી દિવસોમાં ૧૧૫ ડેમ ભરશું જ. રાજકોટ








જિલ્લાનો સૌથી મોટો અને સૌરાષ્ટ્રનો બીજા નંબરનો કહેવાય એવા ભાદર ડેમમાં પણ નર્મદાનું પાણી ઠલવાયુ છે. એ ઉપરાંત ગોંડલના વેરી તળાવ, ન્યારી-૧ જળાશય આજી -૧, સરતાનપર, આજી-૩માં નર્મદાનું પાણી સૌની યોજના થકી પહોંચાડાયું હતું.

આજે ૧૫મી ફેબ્રુઆરી છે, યોગાનુયોગ ૨૦૧૪ની ૧૭મી ફેબ્રુઆરીએ નરેન્દ્રભાઈ મોદીએ રાજકોટમાં યોજાયેલા એક જળ સંમેલનમાં સૌની યોજનાનું ખાતમૂહુર્ત કર્યું હતું. ૨૦૧૬ની ૩૦મી ઓગસ્ટે સૌની યોજનાના પ્રથમ તબક્કાનું લોકાર્પણ થયું હતું. ચાર વર્ષમાં આવડી મોટી યોજના પૂર્ણ થઈ હતી. ૨૦૧૪માં તો વિજયભાઈ ધારાસભ્ય પણ નહોતા. પરંતુ પછી રાજકોટમાંથી ચૂંટણી લડ્યા, પાણી પુરવઠા વિભાગના મંત્રી બન્યા. રાજકોટની જળ સમસ્યાથી તેઓ સંપૂર્ણ વાકેફ હતા. એમને ખ્યાલ હતો કે લોકોને મુશ્કેલી કેટલી પડે છે. નર્મદા કેનાલના પાણી સૌરાષ્ટ્રમાં અને છેક કચ્છ સુધી પહોંચાડવા માટે તેમણે પ્રતિબદ્ધતા દર્શાવીને પરિશ્રમ કર્યો હતો.

સૌની યોજના પૂર્ણ કરવા માટે ૮૭ નદી, ૧૩ રેલવે લાઈન, ૨૯ સ્ટેટ હાઈ-વે, ૪ નેશનલ હાઈ-વે મળીને કુલ ૧૩૩ ક્રોસિંગ કરવાના હતા. જ્યારે આ યોજના સંપૂર્ણ સાકાર થશે ત્યારે ૭ ભાદર ડેમ, ૪ શેત્રુંજી ડેમ, અને રાજકોટનો આજી-૧ છે એવા ૪૫ ડેમ ભરી શકાય એટલું પાણી સૌરાષ્ટ્રના હિસ્સામાં આવશે. સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારના ડેમો ભરવા માટે ૪ લિંક કેનાલનું નેટવર્ક રચાયું છે. સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાની નદીઓ દ્વારા પાણી અન્ય ડેમમાં પહોંચે છે. પરિણામે નદીઓમાં પાણી વહેવાને લીધે ભૂગર્ભ જળની માત્રા પણ વધી છે. વિજયભાઈએ રાજકોટની જળ સમસ્યાની સતત ચિંતા કરી છે. ભાજપની સરકારોએ પણ એ જ કર્યું છે. ૧૯૮૦ના દાયકામાં ભાદર ડેમમાંથી રાજકોટ પાણી લાવવા માટે ૬૫ કિલોમીટરની પાઈપલાઈન નંખાઈ હતી. ત્યારબાદ લાપાસરી, ખોખડદડી ડેમની યોજનાઓ અમલી બનાવાઈ. આજી-૩, ન્યારી-૨માંથી પણ રાજકોટને પાણી અપાયું હતું. મહિ પરી એજ યોજનાનો અમલ શરુ થયો. ૧૯૯૯માં જ્યારે કાળમો દુષ્કાળ પડ્યો ત્યારે વાંકાનેર વિસ્તારમાં બોરયોજના કરીને કેશુભાઈ પટેલની સરકારે રાજકોટને પાણી પૂરું પાડ્યું હતું. રાજકોટે વર્ષો સુધી આ સ્થિતિ જોઈ છે. આમ તો સૌરાષ્ટ્ર આખાએ જોઈ છે. અમરેલીમાં પંદર દિવસે પાણી મળતું હોય તો સુરેન્દ્રનગરમાં આઠ-આઠ દિવસે પાણી વિતરણ થયું હોય એવું બન્યું છે. પરંતુ હવે એ દિવસો દૂર થયા છે. મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીના માર્ગદર્શન, દુરંદેશીથી આ સૌની યોજના થકી લોકોની સમસ્યાનો હલ આવ્યો છે.

હવે તો નલ સે જલ યોજનાનો અમલ શરુ થયો છે. ૨૦૨૨ સુધીમાં રાજ્યમાં કોઈ ઘર નળ વગર ન રહે એવું આયોજન છે. ઉપરાંત છે ડીસેલીનેશન પ્લાન્ટ શરુ થવા જઈ રહ્યા છે. દરીયાના ખારા પાણીને મીઠું કરીને ઉપયોગમાં લેવાશે. દરરોજ ૩૭ કરોડ લીટર પાણી એ રીતે મીઠું કરાશે. આવું કરનારું પણ ગુજરાત પ્રથમ રાજ્ય છે. હવે જ્યારે ૨૧મીએ મહાનગરપાલિકાઓની અને ૨૮મીએ નગરપાલિકા, પંચાયતોની ચૂંટણી આવી રહી છે ત્યારે સ્પષ્ટ છે કે લોકો ભાજપને જ ખોબે ખોબે મત આપશે. કારણ કે સૌરાષ્ટ્રની વર્ષો જુની પાણીની સમસ્યા માટે ભાજપના શાસકોએ જે કામ કર્યું છે એના સાક્ષી સૌરાષ્ટ્રના લોકો પોતે જ છે.

### વિજય વિકાસ યાત્રાની ઝલક......

★ વિજયભાઇ મેયર અને મંત્રી હતા ત્યારે પણ રાજકોટની જળ સમસ્યાના નિવારણ માટે પ્રયત્નશીલ હતા, હવે મુખ્યમંત્રી છે ત્યારે સતત કરી રહ્યાં છે રાજકોટના જળસંકટની ચિંતા અને લાવ્યા છે તેનો ઉકેલ

★રાજકોટમાં ભાજપના શાસનમાં ખોખડદડી, લાપાપરી, આજી-૩, ભાદર, નર્મદા સહિતની યોજનાઓ બની

★સૌની યોજનાને લીધે ઉનાળામાં પણ રાજકોટના ડેમો છલોછલ ભરેલા રહે છે

★વિજયભાઇ રૂપાણીની નિષ્ઠા અને નિસબતને લીધે રાજકોટની પાણીની તંગી કાયમ માટે દૂર થઇ છે.

★ બહેનો, દીકરીઓ, ગૃહિણીઓએ કલાકો સુધી બેડાં લઇને લાઇનમાં ઊભવું પડતું, બેડાં યુદ્ધ હવે ભુલાયાં. નપાણિયું કહેવાતું રાજકોટ બન્યું પાણીદાર

★ ટેન્કર રાજ, રસ્તા પર ખાડા કરીને પાણી ભરવાના દ્રષ્યો ફક્ત ઇતિહાસમાં રહી ગયા: રાજકોટને મળી પાણીની કાયમી યોજના.

★આજે ૧૫મી ફેબ્રુઆરી છે, યોગાનુયોગ ૨૦૧૪ની ૧૭મી ફેબ્રુઆરીએ નરેન્દ્રભાઇ મોદીએ રાજકોટમાં યોજાયેલા એક જળ સંમેલનમાં સૌની યોજનાનું ખાતમૂહુર્ત કર્યું હતું.

## જામનગરની જિલ્લા-તાલુકા પંચાયતમાં ૮૮ ઉમેદવારોના ફોર્મ માન્ય રહ્યા

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૬

જામનગરની જિલ્લા-તાલુકા પંચાયતમાં ચૂંટણી માટે ઉમેદવારોની ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ સોમવારે ફોર્મની ચકાસણી હાથ ધરવામાં આવી હતી, જેમાં જામનગર જિલ્લા પંચાયતની ૨૪ બેઠકો માટે ભરાયેલા કુલ ૧૫૨ ઉમેદવારીપત્રોમાંથી ૮૮ ઉમેદવારના ફોર્મ માન્ય રહ્યાં હતા. સોમવારે ફોર્મ ચકાસણીમાં ૬૩ ફોર્મ અમાન્ય ઠર્યા બાદ ૮૯ ફોર્મ માન્ય રહ્યા હતા. આમાંથી એક ઉમેદવારે ફોર્મ પરત ખેંચતા હાલ ૮૮ ઉમેદવાર રહ્યાં છે.

ખીમરાણા અને મોરકંડાની સૌથી ઓછી ૨-૨ બેઠક રહેવા પામી છે. જેમાં અલિયા બેઠક માટે ૫, ધૂતારપર માટે ૫, ખીમરાણા બેઠક માટે ૨, મોરકંડા બેઠક માટે ૨, આમરા બેઠક માટે ૩, બેડ બેઠક માટે ૪, ચેલા બેઠક માટે ૨, ધુંવાવ બેઠક માટે ૪, ભણગોર બેઠક માટે ૩, લાલપુર બેઠક માટે ૪, પીપરટોડા બેઠક માટે ૪, સિંગચ બેઠક માટે ૫, ગીંગણી બેઠક માટે ૨, મોટીગોપ બેઠક માટે ૫, સત્તાપર બેઠક માટે ૪, શેઠવડાળા બેઠક માટે ૪, ખંઢેરા બેઠક માટે ૩, ખરેડી બેઠક માટે ૩, નવાગામ બેઠક માટે ૩, નિકાવા બેઠક માટે ૩, જોડિયા બેઠક માટે ૭, ખારવા બેઠક માટે ૪, લતીપુર બેઠક માટે ૪, પીઠડ બેઠક માટે ૩ મળી કુલ ૮૮ ઉમેદવારો છે. અલિયા બેઠક માટે ૫, ધૂતારપર માટે ૫, ખીમરાણા બેઠક માટે ૨, મોરકંડા બેઠક માટે ૨, આમરા બેઠક માટે ૩, બેડ બેઠક માટે ૪, ચેલા બેઠક માટે ૨, ધુંવાવ બેઠક માટે ૪, ભણગોર બેઠક માટે ૩, લાલપુર બેઠક માટે ૪, પીપરટોડા બેઠક માટે ૪, સિંગચ બેઠક માટે ૫, ગીંગણી બેઠક માટે ૨, મોટીગોપ બેઠક માટે ૫, સત્તાપર બેઠક માટે ૪, શેઠવડાળા બેઠક માટે ૪, ખંઢેરા બેઠક માટે ૩, ખરેડી બેઠક માટે ૩, નવાગામ બેઠક માટે ૩, નિકાવા બેઠક માટે ૩, જોડિયા બેઠક માટે ૭, ખારવા બેઠક માટે ૪, લતીપુર બેઠક માટે ૪, પીઠડ બેઠક માટે ૩ મળી કુલ ૮૮ ઉમેદવારો છે. તાલુકા પંચાયતની ૧૧૨ બેઠક માટે અધધ ૫૯૭ ઉમેદવારીપત્રો રજૂ થયા હતા, જામનગર તાલુકા પંચાયતની કુલ ૧૧૨ બેઠક માટે ૫૯૭ ઉમેદવારીપત્રો રજૂ થયા હતા, જેમાંથી સોમવારે ફોર્મ ચકાસણીમાં ૨૩૮ ફોર્મ રદ થયા છે અને ૩૫૯ ફોર્મ માન્ય રહ્યા છે, જેમાં જામનગર તાલુકા પંચાયત માટે ૮૪, કાલાવડ તાલુકા પંચાયત માટે ૫૮, લાલપુર તાલુકા પંચાયત માટે ૬૨, જામજોધપુર તાલુકા પંચાયત માટે ૭૨, ધ્રોલ તાલુકા પંચાયત માટે ૪૦ અને જોડિયા તાલુકા પંચાયત માટે ૪૩ ઉમેદવારી ફોર્મ માન્ય રહ્યા છે.

## જામનગરમાં મોડીરાત્રે ધમધમતા ડીજે પર ઉતરી પોલીસની તવાઈ: પાંચ સ્થળે દરોડા

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૬

જામનગરમાં મોડીરાત્રે ડીજે કે વાંજીત્રો વગાડી નિંદ્રાધીન લોકોને અસહ્ય ખલેલ પહોંચાડતા પાંચ સામે પોલીસે કાયદાકીય કાર્યવાહી કરી છે. હાલમાં ચાલી રહેલા લગ્નસરામાં જેના ઘેર પ્રસંગ હોય તે સિવાયના લોકોને પણ ખલેલ પહોંચાડવાની માનસિકતા પર પોલીસે અંકુશ લાદવાનો પ્રસંશનીય પ્રયાસ શરૂ કર્યો છે. પોલીસે ડીજે વગાડતા આસામીઓના સાધન સરંજામ જપ્ત કર્યા છે. જામનગર સહિત રાજયભરમાં આજે વસંત પંચમીની ઉજવણી થઈ રહી છે ત્યારે સેંકડો લગ્ન પણ યોજાયા છે. ગયા વર્ષે કોરોના મહામારીના કારણે લગ્નના મોટાભાગના મુહૂર્ત નિષ્ફળ ગયા હતાં અને ચાલુ વર્ષે પણ ઓછા મુહૂર્ત આવતા હોય, આજે લગ્નના સંખ્યાબંધ આયોજન છે. લગ્નમાં થતાં ધૂમ ખર્ચા વચ્ચે પણ લોકો આ પ્રસંગમાં મ્હાલવા માટે થનગનતા હોય છે. પ્રસંગના આગલા દિને જમણવારથી માંડી દાંડીયા રાસ સુધીના ભવ્ય આયોજન થઈ રહ્યા છે ત્યારે રાત્રે દસ વાગ્યા પછી અન્ય નાગરીકોને ખલેલ ન પહોંચે તે માટે માઈક-ભૂંગળા વગાડવા સામે પ્રતિબંધ હોવા છતાં નગરના અમુક વિસ્તારોમાં મોડીરાત્રી સુધી લાઉડસ્પીકર ગાજતા રહે છે અને લોકો તેનાથી ત્રાહીમામ થતાં રહે છે. આવી પરિસ્થિતિમાં ગઈકાલે પોલીસે પાંચ સ્થળે પહોંચી જઈ લાઉડસ્પીકર બંધ કરાવવા ઉપરાંત ગુન્હા નોંધી દાખલારૂપ કામગીરી કરી છે. નગરના જુના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલા ભીમવાસની શેરી નં. ૧માં ગઈરાત્રે સવા વાગ્યે વાગતા સ્પીકરને બંધ કરાવવા ધસી ગયેલી પોલીસે ત્યાંથી ડીજે સાઉન્ડ સીસ્ટમનો વ્યવસાય કરતા મુકેશ વિનુભાઈ સોલંકીની જાહેરનામાના ભંગ અંગે અટકાયત કરી હતી. જયારે બાજુમાં જ આવેલા અન્ય સ્થળેથી પણ ડીજે સાઉન્ડ સીસ્ટમવાળા મુકેશ રામજીભાઈ ચૌહાણની પણ પોલીસે રાત્રે સવાબે વાગ્યે મોટા અવાજે માઈક વગાડવા અંગે અટકાયત કરી હતી. તે ઉપરાંત નવાગામ ઘેડમાં આવેલી કોળી સમાજની વાડી પાસેથી રાત્રે બે વાગ્યે મોટા અવાજે માઈક અને વાંજીત્રો વગાડતા રોહિત કાનજીભાઈ મકવાણા અને રમેશ હમીરભાઈ મકવાણા સામે કાયદાનો દંડો ઉગામવામાં આવ્યો હતો. શંકરટેકરી નજીકની હનુમાન ટેકરી વિસ્તારમાં પણ મોડીરાત્રે ડીજેની ધૂમ મચાવતા સંજય શિવલાલ સીંધવની પણ પોલીસે અટકાયત કરી તેના બે એમ્પ્લીફાયર અને ચાર સ્પીકર કબ્જે કર્યા છે. નગરની ભાગોળે આવેલા બેડી પાસેના જોડીયા-ભુંગા વિસ્તારમાં પણ રાત્રે ત્રણેક વાગ્યે મોટા અવાજે માઈક વગાડી અવાજનું પ્રદુષણ સર્જતા અલ્તાફ મામદભાઈ રાજાણી સામે પોલીસે કાર્યવાહી કરી છે.

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન સંદર્ભે પ્રતિબંધાત્મક આદેશો

ચક્રવાત ટીમ ખંભાળિયા, તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી ૨૮મીના રોજ યોજના જિલ્લા પંચાયત તાલુકા પંચાયત તથા નગરપાલિકાની જુદી-જુદી સાત સામાન્ય ચૂંટણી અંતર્ગત જિલ્લામાં મતદારો નિર્ભિકરીતે અને શાંતિપુર્ણ વાતાવરણમાં મતદાન કરી શકે તેમજ મતદાન કાર્યવાહી દરમ્યાન તોફાની તત્વો કોઈ ખલેલ પહોંચાડે નહીં, અન્ય ગેરકાયદેસર પ્રવૃતિ આચરે નહીં સાથે આદર્શ આચારસંહિતાનું પાલન થાય, તેમજ મતદાનના દિવસે મતદારોના મતની ગુપ્તતા જળવાઈ રહે તે હેતુથી દેવભૂમિ દ્વારકાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ કે.એમ.જાનીએ એક જાહેરનામું પ્રસિધ્ધ કરી, જિલ્લામાં મતદાનના દિવસે તા. ૨૮ માટે નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ મૂક્યો છે.

મતદાનન દિવસે મતદાન મથકના ૨૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણીપ્રચાર વિગેરે સબંધી બુથ ઉભા કરી શકાશે નહીં. ચૂંટણી એજન્ટ અથવા પક્ષના કે ઉમેદવારના કાર્યકર મતદાન મથકથી ૨૦૦ મીટરની બહાર મતદાર કાપલીના વિતરણ માટે ટેબલ અને ખુરશી રાખી શકશે. મતદાનના દિવસે મતદાન મથકની ૧૦૦ મીટરના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર કરી શકાશે નહીં. ચૂંટણી સબંધિ પત્રિકાઓનું વિતરણ થઈ શકશે નહીં તેમજ ચૂંટણી પ્રતિકો દર્શાવી શકાશે નહીં. મતદાન કરવા જતા મતદારને ડર કે ભય ઉભો થાય તેવું કૃત્ય કરી શકાશે નહીં. મતદારને કોઈ ઉમેદવારની તરફેણમાં કે વિરૂદ્ધમાં મતદાન કરવા કે મતદાન ન કરવા દબાણ કરી શકાશે નહીં, દોરવી શકાશે નહીં કે કોઈપણ પ્રકારનું પ્રલોભન આપી શકાશે નહીં. મતદાનના દિવસે ઉમેદવાર કે રાજકીય પક્ષના મંજુરીવાળા ચૂંટણી સબંધી વાહનોને પણ મતદાન મથકવાળા બિલ્ડીંગમાં પ્રવેશ કરવા ઉપર પ્રતિબંધ રહેશે. આ પ્રતિબંધ ચૂંટણી તેમજ ચૂંટણીના સંચાલન અંગેની ફરજ જે અધિકારી-કર્મચારીઓને સોંપવામાં આવી છે તે તમામ તથા ફરજ પરના પોલીસ, એસઆરપી, હોમગાર્ડ, પેરામીલ્ટ્રી ફોર્સના જવાનોને લાગુ પડશે નહીં. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર ઠરશે. તેમ વધુમાં જણાવાયું છે.

## રોડ સેફ્ટી પેટ્રોલ યુનિટના પૂર્વ કમાન્ડર દ્વારા ટ્રાફિક સમસ્યાઓ નિવારવા સૂચન

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૬

જામનગર રોડ સેફ્ટી પેટ્રોલ યુનિટના પૂર્વ કમાન્ડર તથા જિલ્લા ટ્રાફિક સલાહકાર સમિતિના પૂર્વ સભ્ય નટુભાઈ ત્રિવેદી શહેરની ટ્રાફિક સમસ્યાઓ નિવારવા સાડાત્રણ દાયકાથી માનદ્ સેવાઓ આપી રહ્યા છે. તેમના સૂચનોથી અનેક સમસ્યાઓ દૂર થઈ છે. તેઓ શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુચારૃ રહે તથા અકસ્માતો નિવારી શકાય એ માટે તંત્રનું સતત માર્ગદર્શન કરતા રહે છે. છેલ્લા ઘણાં સમયથી જામનગરની વિવિધ ટ્રાફિક સંબંધિત સમસ્યાઓ અંગે તેમણે સ્થાનિક તંત્રથી લઈ રાજ્ય કક્ષા સુધી રજૂઆતો કરી છે.

શહેરમાં અનેક જગ્યાએ રોડના લેવલથી ઊંચા વાલ્વનું લેવલીંગ કરવું, દરબારગઢથી બર્ધનચોક થઈ માંડવી ટાવર જતાં માર્ગ પર વન-વે નું કડક અમલિકરણ કરાવવું, બર્ધનચોકમાં નો હોકીંગ ઝોનનો કડક અમલ કરાવવો, ટ્રાફિક બ્રિગેડના યુવાનોને યોગ્ય તાલીમ આપવી, લાયસન્સ વગર ગાડી ચલાવતા કે સગીર વયના વાહનચાલકોના વાલી વિરૂદ્ધ ગુન્હો દાખલ કરવો વગેરે પગલાંઓ જરૃરી છે. ઠેબા ચોકડી તથા લાલપુર ચોકડી પર ટ્રાફિક નિયમન જળવાઈ રહે તથા અકસ્માતો નિવારી શકાય એ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવવા, વાલસુરા પાસે આવેલ મરીન પોલીસ સ્ટેશનથી ગુલાબનગર સુધી રીંગરોડ બનાવવા, વાહનો ડીટેઈન કરવા જેવી દંડાત્મક કાર્યવાહી સૂર્યાસ્ત પછી ન કરવા, હનુમાન ગેઈટ પોલીસ ચોકીનું જી.જી. હોસ્પિટલ પાસે રેકર્ડ ઓફિસ નજીક ૧૭ વર્ષ પહેલા ફાળવાયેલ જગ્યાએ તાત્કાલિક સ્થળાંતર કરવા સહિતના જરૃરી સૂચનો નટુભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યા છે. અગત્યના સૂચનોમાં ગુરુદ્વારા સર્કલથી જી.જી. હોસ્પિટલ સુધીનો માર્ગ વન-વે કરવો, હનુમાન ગેઈટ પોલીસ ચોકીનું સ્થળાંતર કરવું, બેડી ગેઈટ કડિયા માર્કેટનું સ્થળાંતર કરવું, ટાઉનહોલ સર્કલ પાસેનો ત્રિકોણ નાનો કરી રોડ પહોળો કરવો, સ્પીડ બ્રેકરો પર સમયાંતરે સફેદ પટ્ટા અંકિત કરવા, મરીન પોલીસ સ્ટેશનથી ગુલાબનગર સુધી રીંગ રોડ બનાવવા અંગે સુચનો દર્શાવવામાં આવ્યા છે.

## જામનગર નજીકના બાયપાસ પાસે કાર અને રીક્ષા વચ્ચે સર્જાયો અકસ્માત : ૪ ઘાયલ



ચક્રવાત ટીમ જામનગર, તા.૧૬

જામનગર થી થાવરિયા જતી વખતે ઠેબા બાયપાસ પાસે આવેલ ચોકડીની આગળ અને કુદરત કોમ્પલેક્ષ પાસે બે ઓટોરિક્ષા અને એક ક્રેટા કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જામનગર નજીક થાવરિયા નજીક બાયપાસ ચોકડી પાસે અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં ૨ રીક્ષા અને એક કાર વચ્ચે અકસ્માત સર્જાતા દિલીપસિંહ શિવુભા કેર (ઉ.વ.૫૪), અજયસિંહ દિલીપસિંહ કેર (ઉ.વ.૨૬), રાજેશ જેસાભાઈ લોખિલ (ઉ.વ. ૪૫), લખમણભાઈ હઠાભાઈ સરસિયા (ઉં.વ.૨૫) લોકો ઈજાગ્રસ્ત થતા ૧૦૮ એમ્બુલન્સ મારફતે તમામ ચારેયને સારવાર અર્થે જામનગર જી.જી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં એક ઈજાગ્રસ્તની હાલ ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

ભવિષ્યમાં બેંકો વ્યાજ બંધ કરશે, ગ્રાહકો પાસે સર્વિસ ચાર્જ અને દંડ વસુલાશે : બેંકોના ખાનગીકરણનો ફુપ્રારંભ, બેંકોમાં રહેલા નાણાં માલીકો ભોગવશે

# ભારતમાં લોકશાહીનો મૃત્યુઘંટ, જનતાના નાણાંના માલીક સરમુખત્યારો બનશે

ચક્રવાત ટીમ રાજ પ્રજાપતી, તા.૧૬

દેશની જનતાના કરવેરાથી બનેલી અબજો રૂપિયાની મિલ્કતો ધરાવતી કંપનીઓનું વેચાણ કરીને ખાનગીકરણ કર્યા શરુ કર્યા પછી ભારતની સામાન્ય જનતાના બચતના રૂપિયાનું સંચાલન કરતી બેંકોનું ખાનગીકરણ શરુ કરી લોકશાહીનો અંત લાવવાની શરૂઆત કરી દેવામાં આવી છે. ખાનગીકરણના હિમાયતી તરફદારોને ખાનગીકરણમાં ફાયદાઓ દેખાય છે, પરંતુ વાસ્તવમાં બેંકોના ખાનગીકરણથી દેશની જનતાના રૂપિયાના ઉદ્યોગપતિઓ ખાનગી બેંકો દ્વારા માલીક બનશે પ્રજા આર્થિક ગુલામ બની ચુકી છે. અગાઉ મોદી સરકારે ૨૩ કંપનીઓ, સંસ્થાઓ વેચીને રૂપિયા મેળવી લીધા છે ખરીદી કરનારા ઉદ્યોગપતિઓ પાસે સરકાર કરતા વધારે પૈસા ક્યાંથી આવે છે ? બેંકોના પૈસાથી સરકારી સંપતિઓ ખરીદવામાં આવી જેથી દેશની મોટા ભાગની બેંકો કાચી પડી ચુકી છે તમામ બેંકોની મુડી લોનો આપવાથી ફડચામાં જતી રહી છે આ ફડચામાં ગયેલી બેંકોનું ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે.

ખાનગી માલીકો એના એજ કર્મચારીઓ અને બાબુઓ પાસે કામ કરાવી નફો કરી શકે છે સરકાર શા માટે એ કર્મચારીઓ પાસે કામ કરાવી શકતી નથી, સરકારી તંત્રમાં ભ્રષ્ટાચારને નાથવાનો અને સરકારી નોકરીયાતોને ગેરરીતીઓ, ભ્રષ્ટાચાર કરવાના ગુનાઓને લગતા કોઈ કાયદાઓ અસ્તિત્વમાં નથી, અંગ્રેજોએ દમન ગુજારવા સરકારી બાબુઓને સ્વતંત્ર મનસ્વી સતાઓ આપતા કાયદાઓ બનાવેલા એના એજ નિયમો આજે પણ અમલમાં છે, જેથી સરકારી નોકરીયાતો ભ્રષ્ટાચારી ગુનાઓ કરીને પ્રજા ઉપર સતાવાહી દમન આચરી શકે છે, અને ભ્રષ્ટાચારી નેતાઓ સરકાર તંત્રનો બેફામ ઉપયોગ કરી સતાઓ ભોગવી રહ્યા છે જેના ભયાનક પરીણામ રૂપે દેશની મુળભુત જનસેવાઓ નાબુદ થઈ ચુકી છે. ભારતમાં અંગ્રેજોના બનાવેલા કાયદાઓ પ્રમાણે બેંકીગ વ્યવસ્થા ચાલે છે અંગ્રેજોએ પ્રજાને ગુલામ બનાવવા જે કાયદાઓ અમલમાં મુકેલા એ કાયદાઓનો લોકશાહી પછી પુરતો દુરઉપયોગ કરીને ભારતની પ્રજાને લોકશાહીના નામે ગુલામ રાખવામાં આવી છે. બેંકોના ખાનગીકરણથી સંચાલન સારુ થશે અને પ્રજાની બચતના નાણાંમાંથી આપેલી લોનો વસુલ કરવા, કંપનીઓ, મિલ્કતો, જરઝવેરાત, વાહનો, બધુ જપ્ત કરવાને બદલે સરકાર ઉદ્યોગપતિઓને આપેલી લોનો એનપીએ એટલે કે પરત વસુલી શકાય નહી તેવા નાણાંકીય ધિરાણો તરીકે ગણાવીને માફ કરી દે છે. ભારતની બરબાદીમાં દેશની બેંકોના કાયદાઓની મુખ્ય ભૂમિકા રહી છે, પ્રોજેકટ લોન અને પ્રતિષ્ઠા ધિરાણ એટલે કે ટુંકી મુદતની માતબર લોનો કે જેમાં કોઈ મોરગેજ, સંપતિ ગીરવે મુકેલી હોતી નથી ફકત ઉદ્યોગપતિ અથવા કંપનીના નાણાંકીય વ્યવહારોની પ્રતિષ્ઠા ઉપર અબજોની લોનો આપવામાં આવે છે. લોન આપવામાં જે મુળ મુડી હોય છે એ મુડી જમીનો, મકાનો, વાહનો, મશીનરીઓ, કાચા માલની ખરીદી, વગેરેમાં ખર્ચી નાખવામાં આવે છે જેથી તે અબજો રૂપિયા કાયમી ધોરણે ફડચામાં જાય છે કરોડોની લોનો લેનારા ઉદ્યોગકારો લોનના પૈસાથી વ્યાજના હપ્તાઓ ભરે છે એટલે મુળ મુડી ક્યારેય કોઈ બેંક પાસે પાછી આવતી નથી. બેંકોએ ૫૦૦-૧૦૦૦ કરોડથી વધુની આપેલી એકપણ લોનની મુડી કે એ લોનથી ખરીદેલી મિલ્કતો બેંકોમાં પાછી આવી નથી. ભારતની બેંકોનું કામ પ્રજાને નાણાંકીય વ્યવહારોની સુવિધા આપવાનું કે બચતની મુડી ઉપર વ્યાજ આપવાનું નથી હકિકતમાં બેંકોનું કામ અને ઉદેશ્ય પ્રજાના વધુને વધુ પૈસા બેંકોમાં ખેંચીને ઉદ્યોગપતિઓને ધનવાન બનાવવાનું તેમજ સરકારને નાણાંકીય ફંડથી મદદ કરવાનું હોય છે.

ભારતની ચાર બેંકો બેન્ક ઓફ મહારાષ્ટ્ર, બેન્ક ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક, સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયાનું વેચાણ ખાનગીકરણ કરવામાં આવી રહ્યું છે જો પ્રજા આ ખાનગીકરણનો વિરોધ ના કરે તો બીજા તબક્કામાં પંજાબ બેંક, બેન્ક ઓફ બરોડા, જેવી મધ્યમ બેન્કો પણ વેચી નખાશે ત્યાર બાદ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા પણ વેચીને ખાનગીકરણ કરાશે, પ્રથમ ચાર બેંકોનું ખાનગીકરણ પ્રયોગીક ધોરણે કરવામાં આવી રહ્યું છે શિક્ષિત ગુલામ પ્રજા આ ખાનગીકરણ ચુપચાપ સ્વિકારી લેશે પછી તબક્કાવાર દેશની તમામ બેંકોને વેચી નાણાં ઉભા કરી ઉડાવી દેવામાં આવશે અથવા સંચાલન કરવાના નામે મફતમાં બેંકો ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવશે.

પ્રજા માટે બેંકોનું ખાનગીકરણ કેટલું ઘાતક બનશે તેનો અંદાજ ડીઝીટલ પેમેન્ટની ફરજીયાત બનતી પ્રથા છે, ઓનલાઈન નાણાંકીય વ્યવહારો ફરજીયાત બનાવાયા હોવાથી દરેક નાગરીકોએ બેંક ખાતુ, એટીએમ અને ઓનલાઈન આર.ટી.જી.એસ. બેંકીગ ફરજીયાત બની ગયુ છે. ખાનગીકરણ બાદ બેંકના માલીકો બનેલા ઉદ્યોગપતિઓ એ બેંકોને કંપની એકટ ના કાયદાઓ પ્રમાણે શેરબજારમાં આઈપીઓ લાવીને શેર વેચીને પ્રજામાંથી બમણી મુડી ઉભી કરશે, અને એના ઉદ્યોગ મંડળીઓના ઉદ્યોગપતિઓ, કંપનીઓને અવનવી લોનો આપશે. ખાનગીકરણ બાદ વ્યાજ એક બે ટકા વ્યાજ ઘટાડતા રહી ધીરે ધીરે બચત ઉપરનું વ્યાજ આપવાની આખી પધ્ધતિ નાબુદ કરાશે, ભવિષ્યમાં ગ્રાહકને બેંકો વ્યાજ આપશે નહી તેના બદલે ગ્રાહકોએ બેંકોને નાણાંકીય સંચાલનના ખર્ચાઓ પેટે વિવિધ પ્રકારના ચાર્જ અને દંડ ચુકવવા પડશે.

પ્રજાએ ખાસ નોંધ લેવાની છે કે બેંકોમાં પડેલા પ્રજાના રૂપિયાની જવાબદારી ગ્રાહકોની પોતાની છે પ્રજાના રૂપિયા ફડચામાં જાય, લોનો એનપીએ થાય કે સરકાર લોનો માફ કરી દે તો તમામ રૂપિયા પ્રજાએ ગુમાવવાના રહેશે,

(અનુસંધાન પાના નં. ૬ ઉપર)

# રાજકોટમાં જ્ઞાનગંગા જેવી સરકારી સ્કૂલ તરફ વાલીઓમાં આકર્ષણ

### નાનામોવા વિસ્તાર વિનોબા ભાવે પ્રાથમિક શાળા સર્વ શ્રેષ્ઠ શાળા



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૬

કોઈપણ નાગરીકના પાયાના, જીનેટિકલી ઘડતર અને સંસ્કાર-શિસ્ત માટે પ્રાથમિક બુનિયાદી શિક્ષણ મહત્વનું છે ૬ વર્ષથી ૧૪ વર્ષ સુધીના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ માટે ઉતરોતર નવતર પ્રયોગોથી પ્રગતિશીલ પરીણામ આપતી રાજકોટના નાના મવાની સરકારી પ્રાથમિક શાળાનું આકર્ષણ વાલીઓમાં વધી રહ્યું છે. સરકારી શાળાઓમાં પીએચડી, એમફીલ, ટ્રીપલ એમ. એ. જેવા ઉચ્ચ શિક્ષિત શિક્ષકો દ્વારા સર્વોચ્ચ વૈજ્ઞાનિક તથા સાયકોલોજીકલ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવી રહ્યું હોવાથી સરકારી શાળાના ભણેલા વિદ્યાર્થીઓ અનેક ઉચ્ચ પદ પ્રાપ્ત કરી રહ્યાના પરીણામો જાણીને ખાનગી સ્કુલોથી પ્રભાવિત વાલીઓનો પણ મોહ થવા લાગ્યો છે. મોટાભાગે વાલીઓને પોતાના બાળકો માટે શ્રેષ્ઠ શાળા ની શોધ હોય છે. શાળાની પસંદગી કરીને પ્રાથમિક શાળા જો સર્વશ્રેષ્ઠ પસંદગી થાય તો બાળકનું સર્વશ્રેષ્ઠ ઘડતર થતું હોય છે. રાજકોટમાં આવી શાળા છે શ્રી વિનોબા ભાવે પ્રાથમિક શાળા નંબર ૯૩ છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળા નંબર ૯૩ માં સર્વોત્તમ શિક્ષક ગણ છે જે શાળામાં શ્રેષ્ઠ શિક્ષણ આપી રહ્યા છે. તથા બાળકોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. શાળા નંબર ૯૩ ના આચાર્ય રાષ્ટ્રીય તથા રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ આચાર્ય નો એવોર્ડ પ્રાપ્ત કરેલ આચાર્ય વનીતાબેન રાઠોડ છે કે જેઓ બીબીએ, એમ.કોમ, બીએડ્ ત્રીપલ ગ્રેજ્યુએટ છે જે એચ. ટાટ પરીક્ષા પાસ કરેલ છે. ૨૦૧૨ થી તેઓ શાળામાં આગેવાની કરી રહ્યા છે. શાળા ને પ્રેરણા,પ્રોત્સાહન અને માર્ગદર્શન આપી રહ્યા છે. શાળામાં દીપાબેન ડઢાણીયા જે ધોરણ ૧ થી ૫ માં શિક્ષણ કાર્ય કરી રહ્યા છે તેઓ એમ.કોમ એમ.એડ. છે તથા અંગ્રેજી ભણાવતા ડો. ચેતનભાઈ સાકરીયા ધોરણ-૬થી ૮માં અંગ્રેજી વિષય ભણાવે છે જેઓ પીએચડી કરેલા છે. વિજ્ઞાન અને ગણિત શિક્ષણ આપતા ભવદીપભાઈ કાલાવાડિયા નેટ પરીક્ષા પાસ છે તથા સામાજિક વિજ્ઞાનના શિક્ષક શ્રી જોશી જસ્મીન એમ.કોમ એમ.ફીલ થયેલા છે ધોરણ ૬ થી ૮ ના તમામ શિક્ષકો બી.એડ પોસ્ટ ગ્રેજ્યુએટ સાથે કરેલું છે જે બધા જ શિક્ષકો કોલેજના અધ્યાપક બનવા સક્ષમ છે તેઓ પ્રાથમિક શિક્ષણ કાર્ય કરાવી રહ્યા છે. આ ઉપરાંત તમામ શિક્ષકો ની ટીમ ટેલેન્ટેડ તથા તાલીમબદ્ધ શિક્ષકો છે. શાળામાં સ્પોર્ટ્સ ઓથોરિટી દ્વારા ઈન સ્કુલ પ્રોજેક્ટ ચાલે છે. જે અંતર્ગત શાળાને બે કોચ પ્રાપ્ત થયેલા છે. બાસ્કેટબોલ માટેની નિલયભાઈ ચૌહાણ તથા એથલેટિક ગેમ માટે ગાયત્રીબેન ભેસાણીયા બાળકોના રમત-ગમતના કૌશલ્યને ખીલી રહ્યા છે. જેના લીધે શાળાના બાળકો ખેલ મહાકુંભમાં રાજ્યકક્ષા સુધી વિજેતાઓ બની અને શાળાનું ગૌરવ વધારેલ છે. શાળામાં મોટું રમત-ગમતનું મેદાન છે. કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ તથા અદ્યતન પુસ્તકોથી સજ્જ લાયબ્રેરી છે. શાળાના બાળકોને અવારનવાર દાતાશ્રીઓ દ્વારા વિવિધ ભેટ-સોગાદો પ્રાપ્ત થતી રહે છે. વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ આપતી શ્રી વિનોબા ભાવે શાળા નંબર ૯૩ નાના મોકાજી સર્કલ વિસ્તારમાં આવેલી છે. આસપાસના તમામ વિસ્તારના વાલીઓને સામાજીક કાર્યકરર્તાઓ દ્વારા ખાસ અપીલ કરવામાં આવી રહી છે સરકારી શાળાને જાણો અને સરકારી શાળામાં બાળકોને શિક્ષણ અપાવો. પ્રાચિન ગુરુકુળ સમાન પરીવારભાવ અને કર્તવ્યભાવથી વિવિધ કૌશલ્ય, કલાના વિકાસ માટે પ્રત્યેક બાળક ઉપર શિક્ષકો દ્વારા પ્રોત્સાહન અને સુવિધાઓ આપવામાં આવે છે જેથી શિક્ષણ ઉપરાંત કૃષિ, ઉદ્યોગ, કલાક્ષેત્રની કુદરતી શકિતોના વિકાસ માટે શિક્ષકો દ્વારા ઉતમ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપરાંત સરકારી શાળાના શિક્ષકો માટે પ્રેરણાદાયી, પ્રેરક બળ બની રહેલા શ્રેષ્ઠ શિક્ષક સન્માનિત વનીતા રાઠોડ રાત દિવસના અથાગ પ્રયત્નોથી એક શ્રેષ્ઠ શિક્ષણ અભિયાન ચલાવી રહ્યા છે.

# સુત્રાપાડા નગરપાલિકામા કોગ્રેસના ગઢમાં ગાબડું સુત્રાપાડાના ૨૦૦ કાર્યકરો ભાજપમાં જોડાયા



ચક્રવાત ટીમ સુત્રાપાડા, તા.૧૬

આજરોજ સુત્રાપાડા નગરપાલિકાની ચુંટણીના પડધમ વાગી રહ્યા છે ત્યારે કોગ્રેસ ના પુર્વ બાંધકામ સમીતીના ચેરમેન એવા જાદવભાઈ કુભાભાઈ રામ અને તેમના ૨૦૦ કાર્યકરો સાથે આજરોજ ભાજપમા જોડાયા હતા અને સુત્રાપાડા નગરપાલિકાના પુર્વ પ્રમુખ દિલિપભાઈ બારડ તેમને ભાજપનો ખેસ પહેરાવી આવકારેલ હતા.

# અમદાવાદ સારવાર મંડળ દ્વારા કેન્સર દિવસની ઉજવણી કરાઈ




ચક્રવાત ટીમ અમદાવાદ, તા.૧૬

કેન્સર ડે નિમિત્તે ગુજરાત કેન્સર સોસાયટીના સભ્યો અને અમદાવાદ સારવાર મંડળના પ્રેસિડેન્ટ બિમલાબેન એ બાળકો સાથે કેન્સર દિવસની ઉજવણી કરી હતી. કેન્સર દિવસ નિમિત્તે ઉજવાયેલ આ કાર્યક્રમની શરૂઆત અનુજાબેનએ પ્રાર્થનાથી કરી હતી. સારવાર મંડળ દ્વારા બાળકો માટે હોસ્પિટલમાં ૨૦ પંખા અને ૧ ટીવી ભેટમાં આપ્યું હતું. આ ઉપરાંત કેન્સર સોસાયટીના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦ બાળકોએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન યુવાનોને પણ હંફાવે તેવી ઉર્જા સાથે અમદાવાદ સારવાર મંડળના પ્રેસિડેન્ટ બિમલાબાએ તથા કમિટી મેમ્બર ગીતાબેન, દર્શનાબેન વગેરેએ કરી હતી.

# ગઢડા સર્વોપરી ગૌ શાળામાં વસંત પંચમીના પાવન પર્વે સરસ્વતીપુજન અને શિક્ષાપત્રી પઠન



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૬

ગઢડા, શહેરના હરીપર રોડ પર આવેલ સર્વોપરી ગૌશાળા ખાતે આજરોજ પાર્ષદ સંજય ભગત (માનવ અધિકાર એસોસિએશનના પ્રભારી, ગુજરાત ગૌરક્ષા કમાન્ડો) ના આશીર્વચન હેઠળ બ્રાહ્મણોએ વસંત પંચમીના પાવન પર્વે સરસ્વતી પૂજન અને શિક્ષાપત્રી વાચનનું આયોજન કરવામાં આવ્યું હતું. ભગવાન શ્રી સ્વામિનારાયણે લખેલ પાવન શિક્ષાપત્રીને અંદાજિત ૧૯૫ વર્ષ વીતી ચુક્યા છે. જે શિક્ષાપત્રીને આજે પણ હરિભક્ત સમુદાય પોતાના હરરોજની દિનચર્યાના ભાગરૂપે પઠન કરી રહ્યો છે અને સાથે આવનારી પેઢીઓમાં પણ શિક્ષાપત્રી વાંચનનું સંસ્કારોનું સિંચન બાળકોમાં કરાઈ રહ્યું છે.

# સૌરાષ્ટ્ર યુનિ.ના અંગ્રેજી અભ્યાસ સમિતિના ત્રીજી વખત ચેરમેન તથા અધર ધેન ચેરમેનની બિનહરીફ વરણી

### ચેરમેન તરીકે ડો. ઇરોસ વાજા તથા અધરધેન ચેરમેન તરીકે પ્રો. જયદિપસિંહ ડોડીયા



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૬

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી વિષયની અભ્યાસ સમિતિના ચેરમેન પદ માટે ડો. ઈરોસ વાજા તથા ડો. મુકેશ ભેસાણિયા એ ઉમેદવારી નોંધાવી હતી તેવી જ રીતે અધર ધેન ચેરમેન માટે પ્રો. જયદિપસિંહ ડોડીયા અને ડો. મુકેશ ભેસાણિયાએ ઉમેદવારી નોંધાવી હતી. ડો. મુકેશ ભેસાણિયા આ વખતે ચેરમેન અને અધર ધેન ચેરમેન એમ બંને પદો માટે ચૂંટણી જંગ માં ઝુકાવે એવી પ્રબળ સંભાવનાઓ હતી. પરંતુ અંગ્રેજી ના અધ્યાપકો ના સાથ, સહકાર અને ભાઈચારાની ભાવના સદા માટે જળવાઈ રહે એવા ઉમદા આશયથી આ વિષય ના વરિષ્ઠ અધ્યાપકો ની લાગણી ને માન આપીને બંને પદો માટે ડો ભેસાણિયાએ પોતાની ઉમેદવારી પરત ખેંચતા ઘીના ઠામમાં ઘી પડ્યું હતું અને ચૂંટણી ટળતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

અંગ્રેજી વિષયનું બોર્ડ એટલા માટે પણ ખૂબ મહત્વનું છે કેમકે આર્ટસ, કોમર્સ, સાયન્સ, મેનેજમેન્ટ, હોમ સાયન્સ, રૂરલ સ્ટડિઝ, પર્ફોર્મિંગ આર્ટસ જેવી વિવિધ વિદ્યાશાખાઓમાં અંગ્રેજી ભણાવવા માં આવે છે અને તમામ અભ્યાસક્રમોમાં અંગ્રેજી વિષયનું ખાસ્સું મહત્વ રહેલું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈતિહાસમાં ક્યારેયના જોય હોય એવી તીવ્ર રસાકસી ભરી ચૂંટણીઓ આ બોર્ડ માં થઇ ચુકી છે જેનું શિક્ષણ જગત તથા સમૂહ માધ્યમો સાક્ષી છે. ભૂતકાળ માં આર્ટસ ફેકલ્ટીના આ મહત્વના બોર્ડ ની ચૂંટણીઓ પ્રતિષ્ઠા ભર્યા જંગમાં ફેરવાઈ હોય અને સામ, દામ, દંડ, ભેદ જેવી તમામ યુક્તિ પ્રયુક્તિઓ પણ થઈ હોય, સમગ્ર શિક્ષણ જગત તેમજ મીડિયાની નજર આ બોર્ડ પર ખાસ કેન્દ્રિત હતી. પરંતુ સદનસીબે આ વખતે બોર્ડના પદાધિકારીઓની બિનહરીફ વરણી થતા સૌએ હાશકારો અનુભવ્યો હતો. બોર્ડ માં સુમેળ ભર્યું વાતાવરણ નિર્માણ થતા વિદ્યાર્થીઓના હિતમાં ઘણા સર્જનાત્મક તથા શૈક્ષણિક કાર્યો કરવાની અનુકૂળ પરિસ્થિતિ સર્જાય છે.

# વસંતપંચમીના પવિત્ર દિવસે દ્રોણેશ્વર ગુરૂકુલમાં હનુમાનજી મહારાજને પ્રાકૃતિક શણગાર



ચક્રવાત ટીમ ઉના, તા.૧૬

વસંત ઋતુના આગમનથી જીવમાત્રને એક નવી જ ઉજાસ મળે છે. પ્રકૃતિ ખીલી ઊઠે છે. આ પવિત્ર દિવસ એટલે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયીઓ માટે ભગવાન શ્રી સ્વામિનારાયણે લખેલી શિક્ષાપત્રી જયંતી. આ વર્ષે ૧૯૫મી જયંતિ છે . શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વરમાં બિરાજિત શ્રી કષ્ભંજનદેવ દેવને પૂજારી દ્વારા પ્રાકૃતિક શણગાર કરાયો હતો. દાદા ને પ્રિય એવા આંકડાના ફૂલની માળામાં રામ મંત્ર અંકિત કર્યો હતો. આ દિવ્ય દર્શનનો લ્હાવો અનેક ભક્તો એ પ્રત્યક્ષ અને સોશિયલ મીડિયાના માધ્યમથી લીધો હતો. નિલેશભાઈ સખવલા તથા હરિદર્શન સ્વામીએ શણગાર સેવા કરી હતી.

# વેરાવળ શહેર કોંગ્રેસ મહીલા પ્રમુખ દેવીબેન ગોહેલ ફરીથી કોંગ્રેસમાં જોડાયા

### કોંગ્રેસમાં ફરી સક્રિય બની કોંગ્રેસને વિજયી બનાવવા લાગ્યા કામે



ચક્રવાત ટીમ વેરાવળ, તા.૧૬

ગીરસોમનાથ જીલ્લાના વેરાવળ નગરપાલીકામાં કોગેસ દ્વારા ઉમેદવારની યાદી બહાર પાડવામા હતી તેમા વેરાવળ શહેર મહીલા કોગેસ પ્રમુખ દેવીબેન ગોહેલનુ નામ કપાતા દેવીબેન ગોહેલે કોગેસ પક્ષ માથી તેમજ તમામ હોદ્દા પરથી રાજીનામુ આપી અપક્ષમાં આખી પેનલનું ઉમેદવારી ફોર્મ ભરતા રાજકારણ ગરમાયુ હતુ. પરંતુ ખારવા સમાજના પૂર્વ પટેલ છોટાલાલ કોટીયા કોંગ્રેસમાં વિધિવત જોડાતાં અને વોર્ડ નંબર ૧૧ માંથી ઉમેદવારી ફોર્મ ભરતા દેવીબેન ગોહેલ સમાજ સાથે રહેવાનુ પસંદ કરી અપક્ષમાંથી ફોર્મ ખેંચી કોંગ્રેસમાં ફરીથી જોડાતા કોંગ્રેસ ગેલમાં આવી છે અને ભાજપ મવડીમંડળની ચિંતા વધતા રાજકારણ ગરમાયુ છે.

# વાંકાનેર તાલુકા પંચાયતની ચૂંટણીમાં ૧૦ ફોર્મ પરત ખેંચાતા ૨૪ બેઠકો માટે ૬૯ ઉમેદવારો મેદાનમાં

ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૧૬

વાંકાનેર તાલુકા પંચાયતની ચૂંટણી જંગમાં કુલ ૨૪ બેઠકો માટે ૧૦૭ ઉમેદવારોએ નામાંકન ભર્યા હતા જેમાં ગઈકાલે ઉમેદવારીપત્ર ચકાસણીમાં કુલ ૨૮ ફોર્મ રદ થયાં બાદ આજે ઉમેદવારી પત્ર પરત ખેંચવાના અંતિમ દિવસે ૧૦ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચતા હવે વાંકાનેર તાલુકા પંચાયતની કુલ ૨૪ બેઠકો પર ચૂંટણી જંગમાં ૬૯ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે.

અંતિમ દિવસે ૧). પીપળીયારાજ - અપક્ષ – રૂકશાનાબેન ઈકબાલહુસેનભાઈ શેરસીયા, ૨). તીથવા - અપક્ષ - નુરમામદ અહમદ પટેલ, ૩). તીથવા - અપક્ષ - નિઝામુદીન રેમાનભાઈ શેરસીયા, ૪). તીથવા - અપક્ષવ- અઝીઝ ઈબ્રાહિમભાઈ શેરસીયા, ૫). ચંદ્રપુર - અપક્ષ - દીપિકા જીજ્ઞેશભાઈ રામાનુજ, ૬). ચિત્રાખડા - અપક્ષ - રેખાબેન વિશાલભાઈ કૂંણપરા, ૭). ઢૂવા - અપક્ષ - અરજણભાઈ હિન્દુભાઇ પાંચિયા, ૮). જેતપરડા - અપક્ષ - રાજનભાઈ ચોથાભાઈ ડેણિયા, ૯). લુણસર - અપક્ષ - ભૂપતભાઈ સોંડાભાઈ કટુડીયા, ૧૦). રાતીદેવડી - અપક્ષ - રીતમબેન યુસુફભાઈ શેરસીયાએ પોતાના ઉમેદવારી પત્ર પરત ખેંચ્યા હતા. જેથી હવે વાંકાનેર તાલુકા પંચાયતની ૨૪ બેઠકો માટે ૬૯ ઉમેદવારો વચ્ચે ચુંટણી જંગ ખેલાશે.

# પાલઘર જિલ્લા પરિષદના પ્રમુખને માસ્ક ન પહેરવા બદલ ૨૦૦ રૂપિયાનો દંડ



ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૧૬

પાલઘર જિલ્લા પરિષદના પ્રમુખ ભારતી કામદીને રાજ્ય સરકારની 'નો માસ્ક, નો એન્ટ્રી' ની નીતિનો ભંગ કરવા બદલ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૨૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. રાજ્યમાં ફરીથી કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીથી જિલ્લામાં તકેદારીના સંકેત મળ્યા છે. પાલઘર જિલ્લા પરિષદના અધ્યક્ષ ભારતી કામડી સવારે ૧૧ વાગ્યે પાલઘર જિલ્લા કલેક્ટર કચેરીમાં એક વિષય પર ચર્ચા કરવા પ્રવેશ્યા હતા. કલેક્ટરની સામે વગર માસ્કે બેસલ હોવાથી જ્યારે આ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે સ્પષ્ટપણે સ્વીકાર્યું કે તે માસ્ક પહેરવાનું ભૂલી ગઈ છે.

રાજ્ય સરકારની નીતિ મુજબ જાહેર સ્થળે માસ્ક ન પહેરવો એ ગુનો છે અને તેને ૨૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો અને નવો માસ્ક અપાયો હતો. પાલઘર કલેકટર કચેરીમાં માસ્ક પહેરવાનું ફરજિયાત કરવામાં આવી રહ્યું છે અને જિલ્લામાં અન્ય સ્થળોએ પણ તેની નકલ બનાવવામાં આવે તેવી અપેક્ષા છે. માનિક ગુરસાલે વ્યક્ત કરેલ. રાજ્યમાં ફરીથી કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે અને તેના નિયંત્રણ માટે માસ્ક પહેરવાની સાથે સામાજિક અંતરનું અવલોકન કરવું પણ જરૂરી છે. એવું જોવા મળ્યું છે કે ઘણાં નાગરિકો ટ્રેનમાં મુસાફરી કરતી વખતે તેમજ અન્ય જાહેર પરિવહન પ્રણાલીઓ દ્વારા મુસાફરી કરતી વખતે માસ્ક પહેરતા નથી. બજાર તેમજ સાપ્તાહિક બજારમાં પણ નાગરિકો માસ્ક પહેરવા અંગે ઉદાસીન હોવાનું જણાય છે અને નજીકના ભવિષ્યમાં ઉદાસીનતા દર્શાવનારા નાગરિકો સામે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવશે તેમ પાલઘર જિલ્લા કલેકટરે સંકેત આપ્યું છે.

તંત્રીસ્થાનેથી......

# ગુજરાતમાં ચૂંટણીના માહોલ વચ્ચે ખેડૂત આંદોલન ભુલાઈ રહ્યું છે

હાલ ગુજરાતમાં બરોબર સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે છેલ્લા અઢી મહિના કરતાં પણ વધુ સમયથી પોતાના ઘર-બાર છોડી દિલ્હીમાં આંદોલન ચલાવી પોતાના હકની લડાઈ લડતા ખેડૂતોને ધીમે ધીમે જેમ સમગ્ર દેશના ખેડૂતોનું સમર્થન મળ્યું તેમ ગુજરાતમાંથી પણ ખેડૂતોએ દિલ્હીના ખેડૂત આંદોલનને પુરતું સમર્થન આપ્યું હતું, પરંતુ છેલ્લા ૧૫-૨૦ દિવસથી ગુજરાતમાં આ ખેડૂત આંદોલનની અસર ઓછી થઈ હોવાનું લાગી રહ્યું છે જો હું એક કારણ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી છે. દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલનની અસર ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ન પડે અને તેનું નુકસાન ભાજપને ન થાય તેની પુરતી તૈયારીઓ ગુજરાત ભાજપ દ્વારા કરવામાં આવી છે અને તેમાં મહદઅંશે સફળતા પણ મળી છે. હાલ ગુજરાતના ખેડૂતોને દિલ્હી આંદોલન વિશે ભુલવાડી અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ખેડૂતો ભાજપ પડખે ઉભા રહે તેવી સ્થિતિનું નિર્માણ કરવા પાછળ ભાજપનું મોવડી મંડળ ધમપછાડા કરી રહ્યું છે.ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને એ વાતનો ડર પેઠો છે કે, કૃષિ કાયદાના વિરોધમાં છેલ્લા ૮૦ દિવસથી ચાલી રહેલું ખેડૂત આંદોલન ગુજરાતમાં પંચાયતોની ચૂંટણીમાં ભાજપની ગણતરી ઊંધી પાડી શકે છે. અમદાવાદ સહિતના શહેરોમાં મહાનગરપાલિકાની ચૂંટણીનો ભાજપ બાજી મારી જશે તેમાં શંકાને સ્થાન નથી પણ ગામડાઓમાં હજુય મતદારો ભાજપ સરકારથી ખુશ નથી. ખુદ ભાજપના આંતરિક સર્વેમાં જ આ વાત બહાર આવી છે કે, ગામડાઓમાં ખેડૂત-મધ્યમ વર્ગની સમસ્યાઓને લીધે ભાજપ આક્રમક પ્રચાર કરી શકે તેમ નથી. પેટ્રોલ ડિઝલના ભાવ આસમાને પહોંચ્યાં છે, મોંઘવારી દિન પ્રતિદિન વધી રહી છે, કોરોનાને લીધે ગામડાઓમાં હજુય આર્થિક મંદીનો માહોલ છે. લોકોના ધંધા રોજગાર હજુય ડામાડોળ છે જેના લીધે ગ્રામ્ય વિસ્તારની જનતા ભાજપથી ભારોભાર નારાજ છે. આ પરિસ્થિતિને પગલે ગામડાઓના મતદારોને રિઝવવા ભાજપ માટે અઘરુ બન્યું છે. આ ઉપરાંત કૃષિ કાયદાના વિરોધમાં દિલ્હી બોર્ડર પર ખેડૂત આંદોલન ચાલી રહ્યુ છે જેના પ્રત્યે ગુજરાતના ખેડૂતોને ય ભારોભાર સહાનુભૂતિ છે. કેટલાંય ખેડૂતો ભાજપ સરકારથી નારાજ છે અને પોલીસની બાજ નજર ચૂકવીને દિલ્હી બોર્ડર જઈ આંદોલનમાં ભાગ લઈ આવ્યાં છે. જેના ખેડૂત આંદોલનને પગલે પંચાયતોની ચૂંટણીમાં ભાજપને ફટકો પડી શકે તેમ છે જે સ્થિતિ પર કાબુ મેળવવા ગુજરાત ભાજપ સરકાર પુરતો પ્રયાસ કરી રહી છે અને લોકોને દિલ્હીના ખેડૂત આંદોલનથી દુર કરી રહી છે. દિલ્હીમાં ચાલતા ખેડૂત આંદોલથી ગુજરાતમાં તાલુકા અને જિલ્લા પંચાયતોમાં ભાજપનો ભગવો લહેરાવાની ઇચ્છા અધુરી રહી શકે તેમ છે કેમકે, નારાજ ખેડૂતો આપ અથવા કોંગ્રેસને મત આપે તેમ છે. ખેડૂતોના પ્રશ્નો મુદ્દે સરકાર ઝાઝુ ધ્યાન આપી શકી નથી પરિણામે ખેડૂતો હવે મતના માધ્યમથી ભાજપ સરકારને પાઠ ભણાવવાના મૂડમાં હોય એટલે જ ગુજરાત ભાજપ સરકાર મુડને બદલાવવાની દિશામાં સતત પ્રયત્નશીલ છે.



યાકુબ બાદી
તંત્રી

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....

ધ જર્ની ઓફ ક્રિએટીવ હાર્ટિસ્ટ

## 'Krossing ગર્લ'

રવિ વિરપરીયા

## પ્રકરણ ૬૭

અભિમન્યુ મોદી એ માઈક હાથમાં લેતાં જ ક્રાઉડે સિટીઓથી તેના વધામણાં કર્યા. અહીંયા હાજર અન્ય લોકોની જેમ મને પણ સાગરની બૂક વિશે જાણવાની ઈન્તેજારી હતી. હું લાઈફની ફર્સ્ટ બૂક લોન્ચિંગ ઈવેન્ટ એટેન્ડ કરી રહ્યો હતો. જો કે, પાછળથી ખબર પડી કે એ બધી ઈવેન્ટ વેલ પ્લાનન્ડ અને ઓર્ગેનાઈઝ હોય. આવી ના હોય. ક્રાઉડ દ્વારા સ્વાગતનો ઉભરો શમતાં અભિમન્યુએ બોલવનું શરૂ કર્યું.

"હ્યુમન ટ્રાવેલ.........બચપણથી બાઈક અને ટ્રાવેલિંગનો ગજબ શોખ હતો. રાતે એક વાગ્યે ફિલ્મ પૂરી કરી મારા વતન જવા માટે બાઈકની કિક મારતો. રાતની એ સો કિલોમીટરની સફરમાં હવા સાથે વાતો કરતાં, મારા સપનાંઓ, ફિલ્મના પાત્રો, લાઈફના અનુભવો અને બીજું ઘણું બધું એકબીજા સાથે જોડાતું, વિખેરાતું... રાતના એ અંધકારમાં રસ્તા પરની દુકાનમાં ચા પિતા એક સવાલ મને સતત મુંઝવતો રહેતો....આખરે આ લાઈફ છે શું ?

મિન્સ કે....તમે કશુંક મેળવો કે ગુમાવો, કરોડપતિ હોવ કે સાવ ગરીબ, નિષ્ફળ હોવ કે સફળ, કાળા હોય કે ગોરા, સ્ત્રી હોય કે પુરુષ ...ઈવન કોઈ દેશ ,ધર્મ કે કલ્ચર કેમ ના હોય બધાની બેઝિક નિડ્સ એક સરખી છે. અને એ પાયાની જરૂરિયાતો પર જ આપણું અસ્તિત્વ ટકેલું છે. એ છે.... પ્રેમ અને ભૂખ.

માણસની શરીર, ખોરાક, સત્તા, પૈસા, પદ, પ્રતિષ્ઠા કે હું પદ ની ભૂખનો કોઈ અંત નથી. એવું જ પ્રેમનું છે. એની ભૂખ કે અભાવ શરીરની ભૂખ કરતાં વધુ ખતરનાક છે. વિશ્વના ગેમ ચેન્જર બનેલા લોકોના જીવન તપાસી લેજો. મોટાભાગના કિસ્સામાં પ્રેમનો અભાવ જવાબદાર હશે. એ દગો, દુઃખ કે અભાવોની માનસિક પીડા તમને આંતરિક વધુ મજબૂત બનાવે છે. એ અધૂરપમાંથી કલા જન્મે છે. જો એ કલા પર પ્રતિષ્ઠાની ભૂખ હાવી ના થઈ જાય તો માણસજાતને યાદગાર કહી શકાય તેવા સર્જનો ભેટ મળે છે.

તમને ચોક્કસ સવાલ થશે ...આબધી આ બધી વાર્તાને....હ્યુમન ટ્રાવેલ, સાગરની બૂક અને આ ઈવેન્ટ સાથે શું મતલબ છે ? સંબંધ છે અને બહુ ખાસ છે. કારણ કે આવી જ એક ભૂખ અને પ્રેમના અભાવમાંથી મારો જન્મ થયેલો. હું આગળ જતાં સાગરની બૂક માટે અનાયાસે નિમિત બન્યો.

તમે બોર થતાં હોય તો જઈ શકો છો.... એટલા માટે નહીંકે લાબું ચાલશે..પણ ઉપર કહેલા મુદ્દાને કન્ટેક્ટ થતાં થોડી વાર લાગશે. માણસ જેમ નવું શીખતો અને અનુભવતો જાય એમ ખુદને સંકોરતો જાય. દુનિયાદારી સમજવા માંડે પછી ખુદની ઓળખ સાથે સમાધાન કરતો જાય. ખુદમાંથી ખુદને બાદ કરતો જાય. ઉપરથી સુખી અને સમૃદ્ધ દેખાય પણ અંદરથી વધુ દુઃખી અને કંગાળ થતો જાય. અંતે, એક સમય એવો આવે કે અરીસા સામે કપડાં ઉતારીને ઉભો રહી ખુદને પૂછતો હોય 'હું કોણ છું...?

અત્યારે દુનિયાનો સહુથી ઘાતક રોગ કેન્સર, એઈડ્સ કે વિવિધ ફલૂ કે વાઈરસ કે ડિપ્રેશન માંથી કશું નથી. એનું નામ છે. 'એટેન્શન સિકનેસ'. સોશ્યલ મીડિયા એ અજાણતાં જ રાતોરાત સેલિબ્રિટી બની જાવાનું બ્રહ્માસ્ત્ર આ ટેકનો જનરેશનને હાથવગું કરી દીધું છે. સતત લોકોની નજરમાં રહેવા માટેની અને રાતોરાત દુનિયામાં છવાઈ જવાની ઘેલછા માટે માણસ વિચારોની વિકૃતિ કહી શકાય એ હદ સુધી જઈ રહ્યો છે.

એ લાઈફના દરેક કામ માટે દરેક સ્તરે શોર્ટકટ શોધી રહ્યો છે. એને રાતોરાત સેલિબ્રિટી બની જવું છે. પરંતુ બન્યા પછી શું ? આગળનું કોઈ વિઝન એમની પાસે નથી હોતું. પણ પૈસો થઈ ગયો હોય સમાજ તેમને પૂજે છે. માન, મોભો અને પદ આપે છે. દેશના ૮૦ ટકા સામાજીક અગ્રણીઓ પૈસાના જોરે બની બેઠેલા સેલિબ્રિટીઝ છે. દેશની ટેલેન્ટ, તરવરાટ અને વિઝનથી ફાટફાટ થતી નવી પેઢીને દિશાહીન બનાવવામાં કે આગળવધતી અટકાવવામાં આ બની બેઠેલાં આગેવાનોનો સિંહ ફાળો હોય છે. આ વાતનો હું સારી રીતે અનુભવ કરી ચુક્યો છું.

હું ભણવામાં બહુ હોંશિયાર પણ અતિ ગરીબ. કહેવાય છે ટેલેન્ટ ગરીબ હોય તો એને પૈસાના ગુલામ બનવું પ ડે છે. પણ હું આમાં થોડો સુધારો કરીશ. ટેલેન્ટ જો મૂર્ખ હોય તો એને પૈસાના ગુલામ બનવું પડે. કારણ કે આજે તમારી પાસે ટેલેન્ટને પ્રેઝન્ટ કરવા માટે અનેક પ્લેટફોર્મ છે. બસ જરૂર હોય છે સાફ નિયત અને દાનતની. જાત નિચોવાઈ જાય એટલી મહેનત કરવાની. અફસોસ સાથે કહીશ મોટભાગના યુવાનોને આગળ વધવાના રસ્તા શોધવાને બદલે કામ ના થવાના બહાના શોધવામાં વધુ રસ છે.

મને હું ગરીબ છું કે જોઈએ એવી તક નથી મળતી એવું જતાવીને બેઠા રહી રડવામાં રસ નહોતો. મારે આગળ વધવું હતું ...હું સતત વધતો રહ્યો. બધી આર્થિક અને સામાજિકદ તકલીફો વચ્ચે રસ્તો કરતો આગળ વધતો ગયો. ઘણીવાર, પડ્યો, છોલાયો, અથડાયો,ભાંગ્યો, તૂટ્યો, રસ્તો ભુલ્યો. પણ લડવાનું ના છોડ્યું. આખરે હું જીત્યો.

હું દસમા ધોરણમાં ચી ગુએરાની 'મોટરસાઈકલ ડાયરીઝ' ના પરિચયમાં આવેલો. ત્યારથી મારી પાસે એક લક્ષ્ય હતું. મારે કશુંક એક્સપલોર કરવું છે. પણ શું ? કેમ? અને કંઈ રીતે ? આ સવાલોના જવાબ મારી પાસે નહોતાં. વિઝન નક્કી હતું છતાં ધૂંધળું હતું. આખરે રખડપટ્ટીએ એ વિઝનનું રિઝન આપ્યું. ફોકસ અને રસ્તો એકદમ ક્લીઅર બનાવ્યો. મેં જ્યારે દોસ્તોને કહ્યું. હું 'હ્યુમન ટ્રાવેલ' માં કેરિયર બનાવીશ ત્યારે બધા હસતાં હતાં. ત્રણ વર્ષ પહેલાં આ જ દિવસે સમય અને સ્થળે એટલે કે કાકાની કિટલી પર.

એક જ મરદનો ફાડીયો નીકળ્યો. સાગર શેખ. એને મને ફૂલ સપોર્ટ આપ્યો. શરૂઆત કરવા માટે જરૂરી મૂડી, જગ્યા અને કોન્ટેકનું સેટઅપ પણ કરી આપ્યું. મારી સફરનો રફ વે અને માર્કેટિંગ સ્ટ્રેટેજી પણ ડિઝાઈન કરી આપી. એને ધાર્યું હોત તો મારી સાથે પાર્ટનરશીપ કરી શક્યો હોત. મેં ઓફર પણ કરેલી. એ ના માન્યો. એને ત્યારે એટલું જ કહેલું. "દોસ્ત, આ તારું સપનું છે. ભાગીદારી બિઝનેસમાં હોય સપનામાં નહીં. બસ આ સપનાનો બિઝનેસ શરૂ કરતો. નહીં તો તું ફક્ત માણસ નહીં પણ માનવતાનો ભરોસો ગુમાવી દઈશ."

મને કહેતાં ગર્વ થાય છે. આજ દિન સુધી હું સાગરની અપેક્ષામાં ખરો ઉતર્યો છું. એટલે જ કદાચ આજે તમારી સામે ઉભો છું. આ મારું અને સાગરનું કનેકશન થયું. હજુ બૂકનું કનેક્શન બાકી છે. બોર તો નથી થયાને.....!

બધા એકી આવજે બોલ્યા. "નો..નેવર...પ્લીઝ કન્ટીન્યુ....." મને પણ મજા પડતી હતી. 'હ્યુમન ટ્રાવેલ' આ શબ્દ મારા મનોજગતમાં છવાઈ ગયો હતો. હું મારી સ્કૂલની 'હ્યુમન લેબ' માં સ્ટડી કરી રહ્યો હોય એવું લાગતું હતું. અત્યાર સુધી ટાઈમ ટ્રાવેલ વિશે સાંભળેલું. આ 'હ્યુમન ટ્રાવેલ' વળી કંઈ બલા છે ?

અભિમન્યુ એ પોતાની વાત આગળ વધારી.

"'હ્યુમન ટ્રાવેલ'. હું સમજણો થયો ત્યારથી મને વિવિધ લોકો અને સમાજ વિશે જાણવું ગમતું. તેમનો ધર્મ, જાતિ, રંગ, રૂપ, પહેરવેશ, બોલચાલ, ભાષા, રીતરિવાજો, તહેવારો, માન્યતાઓ, સામાજીક માળખું, ખૂબીઓ, ખામીઓ, કામ વગેરેનું હું તેમની સાથે સંવાદ કરતી વખતે બારીકાઈથી અવલોકન કરતો. પછી મારી ભાષામાં વિગતવાર નોટ્સ બનાવતો. જેમાં સમય, સ્થળ અને ઘટના અચૂક નોંધતો. પછી નવરાશના સમયમાં હું વધુ ઊંડો ઉતર્યો.

આ વિષયને લગતાં કેટલાય પુસ્તકો, થિસિસ કે ગવર્મેન્ટના ઓફિશિયલ ડેટા ફેંદી નાખ્યા. ડિસ્કવરી જેવી ચેનલો અને આ બધું જાળવવા મથતી સંસ્થાઓ કે વ્યક્તિઓ દ્વારા બનાવવામાં આવેલી ડોક્યુમેન્ટરી ફિલ્મો પણ જોઈ. આ બધું જોયા અને જાણ્યા બાદ એટલો ખ્યાલ આવ્યો કે હજુ તો ફક્ત હીમશીલાની ટોચ જેટલું જ કામ થયું છે.

આપણાં દેશનો આટલો રંગબેરંગી અને વિવિધતા ભરેલો વારસો સમજવા અને સાચવવા મારા જેવા કેટલાય અભિમન્યુની જરૂર હતી. સમય બહુ ઓછો હતો. કારણ કે આ કલ્ચર સાથે સીધી રીતે જોડાયેલી છેલ્લી પેઢી નાશઃ પ્રાય થઈ રહી હતી. ટેકનોલોજીએ સર્જેલી ડિજિટલ રિવોલ્યુશનને કારણે પેઢી દર પેઢી વારસાનું સહજ રીતે થતું ટ્રાન્સફોર્મેશન અટકી ગયું હતું. જીનેટિક ગિફ્ટમાં મળેલી કેટલીક શારીરિક કે માનસીક ખૂબીઓ એ જે તે કલ્ચર એ ખાસિયત હતી. માણસને એકબીજાથી અલગ પાડવાનું માધ્યમ નહોતું. આપણે સામાન્ય બનવાની લ્હાયમાં આપણી કલા અને સાંસ્કૃતિક વારસાની અસામાન્ય ઓળખ ગુમાવી રહ્યા હતાં.

આ ઓળખ સાચવનાર પાસે એ ઓળખનો ઈતિહાસ, પરંપરા કે વારસાની વિગતો જાણ્યા, સમજ્યા વિના એને જાળવવું અશક્ય હતું. ફક્ત દસ્તાવેજીકરણ કરવાનું નહોતું. એના દરેક પાસાને બારીકીથી ઉજાગર કરવાના હતાં. આ માટે વાતનો મર્મ કે અર્ક પામી શકે એવા નિષ્ણાતોની જરૂર હતી. કારણ કે બધું એકબીજા સાથે જોડાયેલું હતું. એ જોડાણનું જાળું ભેદવું એ જ અમારું મુખ્ય મિશન હતું.

આ બધા માટે ઈતિહાસની પરત ઉખેડવા કરતાં માનવ મનની પરત ઉખેડવી વધુ અગત્યની હતી. અમુક ખાસ જેલોમાં કેદ થયેલાં અનુભવો અને લાગણીઓના દરવાજા ખૂલે એ અનિવાર્ય હતું. અહીંથી સાગરનું કામ શરૂ થયું. સાગર માટે હું ફક્ત એક જ શબ્દમાં કહીશ. હી ઈઝ 'કી પર્સન'. દુનિયાના કોઈપણ માનવ મનના દરેક તાળાની ચાવી તેની પાસે છે. તે ફિલિગ્સના લોકની કોઈપણ સિક્યુરીટી સિસ્ટમ ભેદવામાં માસ્ટર છે. એને મારા 'હ્યુમન ટ્રાવેલ' ના સપનાં માટે એ આબાદ રીતે કરી બતાવ્યું.

એના કમાલના પ્લાનિંગ, કોન્ટેક્સ્ નું કરોળિયા જેવું જાળું, ડેટા કલેકટિંગ એન્ડ પ્રોસેસિંગ, પ્રેઝન્ટેનશન, માર્કેટિંગ એન્ડ મની મેનેજમેન્ટ. તથા આ તમામ કામને અપાયેલો હ્યુમન ટચ. અમે પેઢીઓથી સચવાયેલા વારસાને ફક્ત અઢી વર્ષમાં કલેક્ટ કરી લીધો. હજુ કામ ચાલુ જ છે. હજુ કેટલાંક કોઠા ભેદવાના બાકી છે.

આ જર્નીમાં અમારો અચરજ પમાડે એવા કેટલાંક રહસ્યો સાથે પનારો પડ્યો. અમુક વાતો કેટલીક મર્યાદાને લીધે જાહેરમાં ના કહી શકાય. પણ એનો અર્ક અકબન્ધ રાખી એને રિપ્રેઝનટ જરૂર કરી શકાય.

આપણાં કલ્ચરના વૈભવનું મોર્ડન પ્રેઝન્ટેનશન એટલે સાગર શેખ રચિત પુસ્તક ' છોકરીના છપ્પા'. (ક્રમશઃ)

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૧૭-૦૨-૨૦૨૧, બુધવાર, મહા સુદ-છઠ, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરુ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

## રાશીફળ

» મેષ(અ,લ,ઈ): ઘરના વડીલોની સલાહ તથા માર્ગદર્શન ઉપર અમલ કરો, નિશ્ચિત જ તમને યોગ્ય સફળતા પ્રાપ્ત થશે.

» વૃષભ(બ,વ,ઉ): સમયમાં પોઝિટિવ પરિવર્તન આવી રહ્યું છે, તેનો યોગ્ય સદુપયોગ કરો.

» મિથુન(ક.છ.ઘ): કોઇ વિશેષ કાર્ય પ્રત્યે તમારી મહેનત આજે સફળ રહેશે. ભાગ્યની અપેક્ષાએ તમે તમારા કર્મ ઉપર વિશ્વાસ રાખશો તો તમને સફળતા મળશે.

» કર્ક(ડ,હ): ઘરના વડીલોના અનુભવ તથા માર્ગદર્શનનું અનુસરણ કરો, તેનાથી તમારી કાર્યપ્રણાલીમાં સારો સુધાર આવશે.

» સિંહ(મ,ટ): ઘરમાં પરિવર્તનને લગતી થોડી યોજના બનશે. બાળકોની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં તમારું વિશેષ યોગદાન રહેશે.

» કન્યા(પ,ઠ,ણ): આવકના નવા સ્ત્રોત બનશે. કોઈ નજીકના સંબંધીને ત્યાં સમારોહમાં આમંત્રિત થવાનો અવસર મળશે.

» તુલા(ર.ત.): આજે સામાજિક ગતિવિધિઓમાં કોઇ ગંભીર વિષય ઉપર ચર્ચા થશે. તમારા દ્વારા રાખવામાં આવેલો મજબૂત પક્ષ સર્વમાન્ય રહેશે.

» વૃશ્ચિક(ન.ય.): આજે તમે રોજિંદા કાર્યોથી અલગ કઈંક નવું શીખવાની કોશિશ કરશો. .

» ધન(ભ,ધ,ફ,ઢ): આજે ગ્રહ ગોચર તથા ભાગ્ય તમારા પક્ષમાં છે. તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે.

» મકર(ખ.જ.): તમારો ઉદારવાદી તથા સહાયક દૃષ્ટિકોણ સામાજિક કાર્યોમાં એક સારી બાબતની જેમ સામે આવશે.

» કુંભ(ગ,સ,શ,ષ): ઘણાં સમય પછી મહેમાનો ઘરે આવવાથી ચહેલ-પહેલનું વાતાવરણ રહેશે. જે તમે યોગ્ય રીતે નિભાવશો.

» મીન(દ,ચ,ઝ,થ): આજે તમે તમારા વ્યક્તિગત તથા રસના કાર્યોમાં વધારે સમય પસાર કરશો. જેથી માનસિક રૂપથી ખૂબ જ સુકૂન અને રાહત મળશે.

# શિક્ષણનું સત્યાનાશ (ભાગ-૨)



ચિંતન વૈષ્ણવ
'જાગતે રહો'

ભણતર તો એવું હોવું જોઈએ જે વિચારપ્રક્રિયાનું ઘડતર કરે. છેલ્લા કેટલાય વર્ષોથી શિક્ષણમા જાત-જાતના સુધારા થઈ રહયા છે અને તેના પરિણામો પણ જોવા મળી રહયા છે, પરંતુ એક ઉન્નત રાષ્ટ્રની શિક્ષણ વ્યવસ્થા પાસે જે આશા હોવી જોઈએ, તે જોતા આ સુધારા અપૂરતા છે. અત્યારે બાળકોને તાલીમ આપવા કરતા તેમને ભણાવનારા શિક્ષકોને તાલીમબધ્ધ કરવા બહુંં જરૂરી છે. એક સુધારો જે ઈ્ઈ ના સ્વરૂપમા કરવામા આવ્યો એ નોંધનીય છે. જો તેના પર કડક અમલવારી કરવામા આવશે તો, તેના પરિણામો ચોકકસ આવનારા સમયમા મળશે. પરંતુ વાસ્તવિકતા એ છે કે, દેશના દરેક બાળકને શાળાએ જવાનો અને અભ્યાસ કરવાનો હક છે એ સ્વિકારવામા સરકારને વર્ષો લાગી ગયા. આપણે ત્યા વિજ્ઞાનપ્રવાહનો વિધાર્થી સાથોસાથ મનોવિજ્ઞાન કે તત્વજ્ઞાનનો અભ્યાસ નથી કરી શકતો. બી.સી.એ. કરનાર વિધાર્થીને સંસ્કૃતમા રસ હોવા છત્તા તેનો અભ્યાસ નથી કરી શકતો. વિજ્ઞાનપ્રવાહના વિધાર્થીને રસાયણવિજ્ઞાનમા રસ નથી છતા પણ છેલ્લા વર્ષો સુધી તે વિષય અન્ય વિષય સાથે ભણવો જ પડે છે. જયારે સ્નાતક થઈને મોટા ફલક પર હરિફાઈ કરવા મેદાનમા ઉતરે છે ત્યારે કંઈક મારા જેવી પરિસ્થિતિ સર્જાય છે.

મે ભૌતિકવિજ્ઞાન વિષયમા સ્નાતક કર્યું. પછી બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાથી બી.એ. પણ કર્યું. જયારે જી.પી.એસ.સી. ની પરિક્ષા આપી ત્યારે પ્રિલિમિનરી પરીક્ષામા ઝુઓલોજી વિષય રાખ્યો કે જે હું કોલેજમા ભણ્યો જ ન હતો કારણકે હું 'એ' ગ્રુપમા હતો અને મુખ્ય પરીક્ષામા મને લાગ્યું કે સાયન્સના વિષયો રાખીશ તો બે છેડા ભેગા નહિ થાય એટલે મે ભૂગોળ કે જે હું ધોરણ ૧૦ પછી ભણ્યો જ ન હતો એ અને જે વિષય જિંદગીમા કયારેય પણ ભણ્યો ન હતો એવો રાજયશાસ્ત્ર પસંદ કર્યો. હું બંને વિષયમા સારા માર્કસ લાવ્યો પરંતુ કલાસ-૧ ડી.વાય.એસ.પી. માં માત્ર ૧૨ માર્કસથી રહી ગયો. કલાસ-૨ મામલતદારથી સંતોષ માનવો પડયો. પછી વિચાર આવ્યો કે, મે ધોરણ ૧૦ પછી આર્ટસ રાખ્યું હોત તો? તો કદાચ આ ૧૨ માર્કસનો ગેપ પુરાઈ ગયો હોત અને હું મારો ડી.વાય.એસ.પી. બનવાનો ગોલ પ્રાપ્ત કરી શકયો હોત. મને સાયન્સ કરતા વધારે મજા આ બંને આર્ટસના વિષયો ભણવામા આવી. મે કોઈ શિક્ષકની મદદ કે ટયૂશન કલાસમા ગયા વગર જાતે જ બંને અજાણ્યા વિષયો તૈયાર કરેલા. ટૂંકમા મારા મંતવ્ય મૂજબ આ આર્ટસ, સાયન્સ અને કોમર્સના ભાગલા બંધ કરવા જોઈએ અને કંઈક નવું વિચારવું જોઈએ. અત્યારે વિજ્ઞાનના વિધાર્થીઓ આઈ.ટી. ફિલ્ડમા સારું કામ કરી રહયા છે. આર્ટસના વિધાર્થીઓ બેંકીંગ સેકટરમા સારું કરી રહયા છે. કોમર્સનો વિધાર્થી મેડિકલ રિપ્રેઝન્ટેટિવ છે. તો એની સામે મેં અંગ્રેજી માધ્યમમા બી.એડ. કરેલાને ઘેરે ઘેરે કલરકામ કરીને ગુજરાન ચલાવતો જોયો છે. ડબલ ગ્રેજયુએટને ફર્નિચર કામ કરતા જોયો છે. કારણકે એમના કહેવા મૂજબ એમની ડીગ્રીઓ એમને યોગ્ય વળતર નથી અપાવી શકતી. યોગ્ય વળતર મેળવવા એમને એમની સ્કીલ મદદરૂપ થઈ રહી છે.

**RTE નો કાયદો માત્ર કાગળ પર જ છે. પાઠયપૂસ્તકોમા પુષ્કળ પ્રમાણમા ભ્રષ્ટાચાર થાય છે. સ્કુલ, કોલેજ, યુનિવર્સિટીઓ કરોડોનું ટર્નઓવર કરનારી મોટી દુકાનો બની ગઈ છે**

ઘણી વખત આપણને એવો વિચાર આવતો હશે કે, આપણે ભોળી પ્રજા છીએ. કોઈના દોરવાયા દોરાઈ જતા હોઈએ છીએ. ઈ.સ.૧૬૦૦ મા ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ આપણને ભોળવી લીધા. ઈ.સ.૧૭૫૭ મા આપણને રોબર્ટ કલાઈવે ભોળવી લીધા. ઈ.સ. ૧૮૩૪ મા આપણને લોર્ડ મેકોલે ભોળવી ગયો. ઈ.સ.૧૮૫૭ મા આપણને ચાર્લ્સ કેનિંગ ભોળવી ગયો. ૧૯૦૫ મા લોર્ડ કર્ઝન આપણને ભોળવી ગયો. ૧૯૪૭ મા આપણને એ સમયના નેતાઓ (અહિં નામ નથી લખતો કારણકે બિનજરૂરી વિવાદ ઉભો નથી કરવો) ભોળવી ગયા. ૧૯૪૭ પછી આજદિન સુધી આપણે ભોળવાતા જ આવીએ છીએ. છેલ્લા કેટલાય વર્ષોથી ગુજરાત અને ભારતની પ્રજા કેટલીક બાબતોમા ભોળવાતી આવી છે. જેના પરીણામો આવનારા વર્ષોમા બહુ ખતરનાક આવવાના છે એ યાદ રાખશો. વારંવાર ભોળવાતા હોય એમને ભોળા નહિ પણ મૂર્ખ કહી શકીએ કે નહિ? લોર્ડ મેકોલેએ આઈ.પી.સી. નામના કાયદાની હસ્તપ્રત તૈયાર કરી હતી. અંગ્રેજીને ભારતની સરકારી ભાષા અને શિક્ષાનું માધ્યમ બનાવવામા આ ભાઈનો મોટો ફાળો હતો. ભારતમા અંગ્રેજોને રાજ કરવું હતું એટલે એ બખૂબી જાણતા હતા કે ભારતમા નોકરો પેદા કરવા પડશે. નોકરોનું ઉત્પાદન કરવા માટે એમણે કારખાનાઓ ખોલ્યા. જેને આપણે સ્કુલ, કોલેજ અને યુનિવર્સિટીના નામથી ઓળખીએ છીએ. ભ્રષ્ટાચારી નેતાઓ અને અધિકારીઓના કારણે શાળા કોલેજોને મંજૂરીઓ મળતી જ જાય છે. ઈ્ઈ નો કાયદો માત્ર કાગળ પર જ છે. પાઠયપૂસ્તકો અને મટીરીયલ્સમા પુષ્કળ પ્રમાણમા ભ્રષ્ટાચાર થાય છે. સ્કુલ, કોલેજ અને યુનિવર્સિટીઓને આપણે અત્યારના સમયમા મોટી દુકાનો કહી શકીએ કે જેમનું વાર્ષિક ટર્નઓવર ઘણું વધારે હોય છે.

ઈ.સ.૧૮૧૯ થી જર્મનીના શાસકોએ જબરદસ્તીથી સ્કૂલપ્રથાનો પ્રારંભ કરેલ. આ પ્રથા શરૂ કરવાના મુખ્ય પાંચ હેતુંઓ હતા - (૧) લશ્કરમા કામ કરી શકે તેવા આજ્ઞાંકિત સૈનિકો તૈયાર કરવા. (૨) ખાણમા કામ કરી શકે તેવા આજ્ઞાંકિત મજૂરો તૈયાર કરવા. (૩) સરકાર ચલાવવા માટે નેતાઓનો પડયો બોલ ઝીલી લે તેવા નોકરો તૈયાર કરવા. (૪) ઉધોગોને ચલાવવા માટે શિસ્તબધ્ધ કામદારો તૈયાર કરવા. (૫) કોઈપણ વિષય પર એકસરખી રીતે વિચારે તેવા નાગરિકો પેદા કરવા જે સરકારની 'હા' મા 'હા' મિલાવે. હકીકતે અંગ્રજોએ જર્મનીનું આ મોડેલ ભારત માટે ઉપાડી લીધું. કારણકે, બ્રિટિશ હકુમત પણ ગુલામ દેશ પર પોતાનું શાસન ટકાવી રાખવા અને પગારદાર નોકરો અને આજ્ઞાંકિત નાગરિકો તૈયાર કરવા માંગતી હતી. હકીકતે જર્મનોના મત મૂજબ આપણે જેને સ્કૂલ તરીકે ઓળખીએ છીએ એ તો નોકરો અને મજૂરો ઉતપન્ન કરતી એક ફેકટરી છે. કયારેક નિરાંતે સ્કુલ સંચાલન અને ફેકટરી સંચાલનની સરખામણી કરી જોજો.

અંગ્રેજોએ શરૂ કરેલા આ કારખાનાઓ આજે વધુને વધુ પ્રમાણમા વધતા જ જાય છે. અને દર વર્ષે હજારો નોકરો આપણા દેશમા પેદા થતા જ જાય છે. એક મહામારીની જેમ બેરોજગારી ફેલાતી જ જાય છે. કેટલાય યુવાનો આજે બેરોજગારીને કારણે આત્મહત્યા પણ કરે છે. અત્યારે આપણી બોગસ શિક્ષણ પ્રણાલી અને ભૂતકાળમા આપણા જ લોકપ્રિય નેતાઓએ કરેલા નિર્ણયોને પ્રતાપે ટેલેન્ટેડ વ્યકિત જે સ્થાન પર હોવો જોઈએ ત્યા નથી પહોંચી શકતો અને નબળો વિધાર્થી સબળાનો સાહેબ બનીને આવે છે. (ક્રમશઃ)

## પ્રેમનું બંધન



પ્રેમ માત્ર બે વ્યક્તિ વચ્ચેના રોમાન્સ પૂરતો જ સીમિત નથી હોતો. પ્રેમ તો કોઈની પણ સાથે ક્યારેય પણ થઈ શકે, પ્રેમ માત્ર માણસ માણસ વચ્ચે જ નહિ, પ્રેમ કોઈ નિર્જીવ વસ્તુ, પ્રાણી કે કાર્ય સાથે પણ થઈ શકે. વેલેન્ટાઈન ડેના દિવસે ગમતી વ્યક્તિને મળીને લાલ કલરના દિલ કે ગિફ્ટ આપીને વ્યક્ત થયેલો પ્રેમ ગમતી વ્યક્તિની આપણા માટેની લાગણી ચોક્કસ હોય છે પરંતુ તે જ પ્રેમ કહી ન શકાય.આઈ લવ યુ કહેવાથી જો કોઈ આપણને સાચો પ્રેમ કરે છે તેવું સાબિત થતું હોત તો શહેનશાહે મહેલ ન બનાવ્યો હોય ! આ શબ્દ તો બસ કોઈ આપણને પ્રેમ કરે છે તેનો શાબ્દિક પુરાવો છે.

ખરો પ્રેમ તો એ છે જેમાં પુરાવો આપવો ન પડે પણ પુરાવો મળી જાય. એટલે કે આપણા માતા પિતા. માં બાળકને પોતાનાથી વધારે પ્રેમ કરતી હોય છે પણ બાળકને ક્યારેય આઈ લવ યુ નથી કહેતી તેનો પ્રેમ તો બસ તેના કામમાં આપણા માટે તેણે કરેલા બલિદાનમાં અવારનવાર છલકાતું રહે છે.

વેલેન્ટાઈન ડે વેસ્ટર્ન કલ્ચર ખરું પણ તેમ છતાંય ઈરાન, ઈન્ડોનેશિયા, રશિયા, પાકિસ્તાન મલેશિયા જેવા દેશમાં વેલેન્ટાઇન ડેની ઉજવણી પર બેન લાગેલું છે અહી પ્રેમીઓ બંધ દરવાજે ઉજવણી કરે છે.



શાહ ધ્વનિ
ધ્વનિના સથવારે

પ્રેમમાં વચન આપવાના ન હોય વચન વણકીધે નિભાવવાના હોય. પ્રેમમાં ક્યારેય સ્વાર્થ ન હોય એકબીજાની ખુશીમાં જ પોતાની ખુશીનો સમાવેશ થાય તે પ્રેમ. પ્રેમ જ્યારે કોઈ કામ કે પ્રવૃત્તિ સાથે થાય ત્યારે જીવનને ઉગરવા સિવાય છૂટકો નથી. પ્રેમમાં થતાં વાયદા જેવા કે, તારા વગર રહી ન શકાય તું નહિ તો હું નહિ. આ બધું તદ્દન નાદાન, બાલિશ અને વાસ્તવિકતાથી દૂર છે. હકીકત તો એ છે કે જ્યારે આપણો પ્રેમ ન હોય ત્યારે આપણે તેની પાછળ વધુ સમય બેસી રહેતા નથી આપણે પણ પ્રેક્ટિકલ બની સમય સાથે ફરીથી ગતિશીલ બનીને જ છૂટકો. સાચો પ્રેમ તો કુદરતે આપણને કર્યો છે ઑક્સિજન વગર આપણે જીવી નથી શકતા સૂર્ય પ્રકાશ પવન અને પાણીના સંગમ વગર ખેતીનો કોઈ પાક ઊગતો નથી જો આ બધું સંચાલન પ્રોપર ન થયું હોત તો આપણે આપણાં પ્રેમીના પ્રેમને માણી શક્યા ન હોત.

પ્રીત પરાણે ન થાય પ્રીત તો થઈ જાય કોઈની આપણા માટેની લાગણી ને લગાવ જોઈને પ્રીત થવી બહુ જ સ્વાભાવિક છે પણ માત્ર પ્રીત જોઈને જીવન મરણના સોદા કરવા પણ યોગ્ય નથી. પ્રેમ રેશમના પોત જેવો હોય છે એને સાચવો તો વર્ષો સુધી ચક્તો રહે. બધી સુખ સગવડ હોય પણ જો આપણને સાચો પ્રેમ કરનાર એક વ્યક્તિ ન હોય તો ઘણી વાર બધી સાહ્યબી નકામી વર્તાય છે.

પ્રેમમાં એકમેકની તબિયત,સગવડ, ખુશી વિષે ચિંતા હોય. ઉમર ગમે તે હોય પણ વ્યક્તિ બાળક જેવું બની જાય. હંમેશા પોતે ખુશ રહે અને ખુશ કરે. પ્રેમમાં માત્ર મોહ કે આકર્ષણ નથી પણ વિશ્વાસ અને સમજદારીપૂર્વક પ્રમાણિકતા સાથે પોતાની જીંદગી બનાવી પ્રેમ નિભાવવાની તૈયારી હોય છે.સાચા પ્રેમીઓ અંધારી શેરીઓમાં, પાર્કમાં કે રસ્તાના કોઈ ખૂણે દુપટ્ટાથી મોં છુપાવીને મળતા નથી પણ સમજદારીથી, સંયમથી છડેચોક પરિવારની સંમતિ સાથે પ્રેમ માણે છે.

# આખરે પૂજા ચૌહાણ આત્મહત્યા કેસમાં સંજય રાઠોડનું માત્તોશ્રીને રાજીનામુ





ચક્વાત ટીમ, મુંબઈ, તા. ૧૬

પૂજા ચવ્હાણ આત્મહત્યા કેસના વિવાદમાં ફસાયેલા વન મંત્રી અને શિવસેનાના નેતા સંજય રાઠોડે આખરે રાજીનામું આપી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર સંજય રાઠોડે મંગળવારે સવારે પોતાનો રાજીનામું પત્ર માતોશ્રીને મોકલ્યું હતું. શું મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે આ રાજીનામું સ્વીકારશે? મુખ્ય પ્રધાન પોતાનું રાજીનામું રાજ્યપાલને મોકલશે કે કેમ તે જોવું રહ્યું

દરમિયાન એવું કહેવામાં આવ્યું હતું કે, માટોશ્રી સંજય રાઠોડ અંગે નિર્ણય લેવા માટે વરિષ્ઠ શિવસેના નેતાઓની આજે એક મહત્વપૂર્ણ બેઠક યોજાશે. જો કે સંજય રાઠોડના રાજીનામા બાદ આ બેઠક થશે કે કેમ તે જોવું રહ્યું.

મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે કે જેઓ તેમના સંયમ પરંતુ કડક શિસ્ત માટે જાણીતા છે, તેમણે આ મામલાને ગંભીરતાથી લીધો. ઉદ્ધવ ઠાકરેએ મંત્રી સંજય રાઠોડનું રાજીનામું આપીને કડક કાર્યવાહી કરી હતી. ઉદ્ધવ ઠાકરે દ્વારા કાર્યવાહી કરનારો તે પહેલો પ્રધાન બન્યો છે. મહત્ત્વની વાત એ છે કે સંજય રાઠોડ મહા વિકાસ આઘાદીના પ્રધાન હોવા છતાં પણ તેઓ શિવસેનાના નેતા છે. તેથી ઉદ્ધવ ઠાકરેએ પોતાના જ મંત્રી વિરુદ્ધ કાર્યવાહી કરીને કડક ચેતવણી આપી છે. રાજ્યને બરાબર ખબર પડી ગઈ છે કે સંજય રાઠોડે રાજીનામું આપ્યું હતું તે કિસ્સામાં. મૂળ પરલીના,૨૨ વર્ષીય પૂજા ચવ્હાણ પૂણે અભ્યાસ કરવા માટે આવી હતી. તે પૂનાના હડપસર વિસ્તારમાં તેના ભાઈ સાથે રહેતી હતી. તે રવિવારે મધરાતના એક વાગ્યાની આસપાસ સોસાયટીના ત્રીજા માળેથી કૂદી પડી હતી. હોસ્પિટલ લઈ જતાં તેણીનું મોત નીપજ્યું હતું. આ ઘટના મહમંદવાડી વિસ્તારના હેવન પાર્કની છે. બીજા દિવસે સોશ્યલ મીડિયા પર તેની આત્મહત્યા અને વિદ્રભના એક પ્રધાન વિશે ચર્ચા થઈ હતી. એવી અફવા હતી કે પૂજાએ તેના પ્રેમ પ્રકરણને સમાપ્ત કરી દીધું હતું. પરંતુ પૂજાની આત્મહત્યા બાદ કોઈ પત્ર કે અન્ય સંદેશો મળ્યો નથી. પોલીસે આવી કોઈ માહિતી આપી નહોતી. પૂજા ચવ્હાણના આપઘાતને લગતી કેટલીક ઓડિઓ ક્લિપ્સ વાયરલ થઈ છે. તે જ કેસ સાથે સંબંધિત છે કે નહીં તે અંગે પોલીસ કે પૂજાના પરિવારજનોમાંથી કોઈએ ખુલાસો કર્યો નથી. પરંતુ તે સમજી શકાય છે કે કોઈ વ્યક્તિ કેસને દબાવવા માટે કેટલીક સૂચનાઓ આપી રહ્યો છે. આખું મામલો ગરમાયો અને તે સંજય રાઠોડના રાજીનામા તરફ દોરી ગયો. દરમિયાન સંજય રાઠોડે આ કેસમાં રાજીનામું આપી દીધું છે. પરંતુ હવે જોવાનું એ રહ્યું કે સંજય રાઠોડ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ. કારણ કે ન તો રાજીનામું આપીને કે સંજય રાઠોડને શિક્ષા આપીને પૂજા પાછા આવી શકે. જો કે વિરોધીઓ માંગ કરી રહ્યા છે કે સંબંધિત મંત્રીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવે જો તેઓ ફરી એકવાર સાબિત કરવા માંગતા હોય કે કાયદો બધા માટે સમાન છે. તેમાં કંઈપણ ખોટું ન હોવું જોઈએ.

# મુંબઈગરા નહિ સુધરે તો ફરી લોકડાઉન : મેયરની ચીમકી

## દેશમાં આજે સૌથી વધુ કેસ મહારાષ્ટ્રમાં નોંધાયા

ચક્વાત ટીમ મુંબઈ તા ૧૬

મુંબઈની લાઈફ લાઈન લોકલ સમય મર્યાદા સાથે બધા માટે ચાલુ કરાઈ છે પરંતુ લોકો સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેર્યા વિના બિન્ધાસ્ત મુસાફરી કરી રહ્યા છે જેને લઇ કોરોનાના કેસ ફરી વધી રહ્યા છે આથી મેયર કિશોરી પેડનેકરે ચીમકી આપી હતી કે જો લોકો નહિ સુધરે તો મુંબઈમાં ફરી લોકડાઉન થઈ શકે છે.

જાન્યુઆરી પછી આજે મહારાષ્ટ્રમાં દેશભરમાં સૌથી વધુ કોરોના કેસ નોંધાયા હતા. ૩૩૨૧ કેસ આજે નોંધાયા જે દેશભરમાં સૌથી વધુ છે. જો કે કેરળમાં સૌથી વધુ એક્ટિવ કેસ છે જ્યાં આજે ૨૨૮૫ કેસ નોંધાયા હતા. આ પહેલા મુખ્યપ્રધાન ઉદ્ધવ અને ડેપ્યુટી ચીફ મિનિસ્ટર અજિત પવારે પણ લોકલ સહુ માટે ચાલુ કરાઈ હોવાથી કોરોના કેસ વધી રહ્યા હોવાનું જણાવ્યું હતું અને લોકોને ગાઈડ લાઈન પાળવા માટે જણાવ્યું હતું અન્યથા કડક પગલાં લેવાની ચીમકી આપી હતી.

હાલમાં મુંબઈની સેન્ટ્રલ અને વેસ્ટર્ન લોકલ માં અંદાજે ૩૫ લાખ લોકો મુસાફરી કરે છે. જેમની પર નજર રાખવા અને ગાઈડ લાઈન પાળે તે માટે આરપીએફ અને જીઆરપી ની પૂરતી પોલીસ નથી. જો લોકલ ફૂલ ટાઈમ માટે તમામ માટે શરૂ કરાય તો આશરે ૭૫ લાખ પ્રવાસીઓ રોજની મુસાફરી કરે આવા સંજોગોમાં કોરોના ની નવી સુનામી ન આવે તો જ નવાઈ લાગે કરણ કે મુંબઈગરા સુધરે તેમાં માલ નથી આથી જ જો લોકો સેલ્ફ ગાઈડ લાઈન નહીં પાળે તો લોકડાઉન આવી શકે છે.

લાસ્ટ વિકમાં મુંબઈમાં ૨૪ હજાર કેસ નોંધાયા છે. આથી જ સીએમ દ્વારા આજે જે લોકો માસ્ક ન પહેરે અને સોશ્યલ ડિસ્ટન્સ ન પાળે તેમની વિરૂદ્ધ કડક પગલા તેમ જ દંડ વસૂલ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.



# અભિનેતા સંદીપ નાહરે ઘરે આત્મહત્યા કરી : મૃત્યુ પહેલા સંદીપે ફેસબુક પર એક ભાવનાત્મક વીડિયો શેર કર્યો



ચક્વાત ટીમ, મુંબઈ તા. ૧૬

'એમએસ ધોની; 'એમ.એસ. ધોનીઃ ધ અનટોલ્ડ સ્ટોરી' અને 'કેસરી' જેવી ફિલ્મોમાં અનેક ભૂમિકાઓ ભજવનાર અભિનેતા સંદિપ નાહરે તેમજ અનેક ટીવી સિરીઝમાં કથિત રીતે ગોરેગાંવમાં તેમના ઘરે આત્મહત્યા કરી હતી અને ફરી એકવાર ફિલ્મમાં હંગામો મચાવ્યો હતો. ઉદ્યોગ. સંદીપે પોતાનું જીવન સમાપ્ત કરતા પહેલા એક ભાવનાત્મક વિડિઓ પણ ફેસબુક પર શેર કરી છે. તે મુજબ સંદીપે આત્મહત્યા કરી હોવાનું પ્રથમ દૃષ્ટિએ સ્પષ્ટ થયું છે. જોકે સંદીપે ખરેખર આત્મહત્યા કરી છે કે કેમ તે અંગે ગોરેગાંવ પોલીસે તપાસ શરૂ કરી છે. અભિનેતા સુશાંત સિંહ રાજપૂત પ્રણય માત્ર ફિલ્મ ઉદ્યોગ જ નહીં દેશના રાજકીય અને સામાજિક ક્ષેત્રને પણ હચમચાવી નાખ્યો હતો. ત્યારબાદ સંદિપ નાહરના મોતના સમાચારથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં હલચલ મચી ગઈ છે. જો કે સંદિપ નાહરે આ વીડિયો ફેસબુક પર શેર કર્યો છે. તેણે આત્મહત્યા કરી હોવાના સમાચારોને જોર મળી રહી છે. જો કે પોલીસે આ મામલે કડક કાર્યવાહી કર્યા પછી, તે સાબિત થશે કે ફિલ્મ ઉદ્યોગની સાથે સાથે સામાન્ય લોકોમાં પણ ચર્ચા ચાલી રહી છે. સંદીપના ગળા પર ઘા મળી આવ્યા છે. પોલીસ પોસ્ટમોર્ટમ રિપોર્ટની રાહ જોઈ રહી છે. હાલમાં મુંબઈ પોલીસ સાયબર સેલ સંદિપ નાહરના સોશ્યલ મીડિયા એકાઉન્ટ પર પણ તપાસ કરી રહી છે. દરેક મુશ્કેલીને દૂર કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ હવે હું જે રાજ્યમાંથી પસાર થઈ રહ્યો છું તે સહનશક્તિની બહાર છે. હું જાણું છું કે આત્મહત્યા કરવી એ કાયરતાનું નિશાની છે. મારે પણ જીવવું હતું. પરંતુ જ્યાં શાંતિ નથી અને આત્મગૌરવ નથી ત્યાં રહેવાનો અર્થ શું છે? મારી પત્ની કંચન શર્મા અને તેની માતા વનુ શર્મા મને ન સમજતા ન મને સમજવાનો પ્રયત્ન કરતા. મારી પત્ની ગુસ્સે છે. તેનો અને મારો સ્વભાવ મેચ થઈ શકતા નથી, ''સંદીપે પોસ્ટ કર્યું હતું.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર અકસ્માત : એક જ પરિવારના ચાર સભ્યો સહિત પાંચના મોત



ચક્વાત ટીમ, મુંબઈ તા. ૧૬

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર એક ભયંકર અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને પાંચ લોકો ઘાયલ થયાં હતાં. ટ્રેઈલર, કાર અને ટેમ્પો એકબીજા સાથે ટકરાતાં આ અકસ્માત થયો હતો.

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર એક કન્ટેનર ટેમ્પોને ટક્કર મારી હતી. તે પછી, જ્યારે ટેમ્પો પલટી થયો ત્યારે પાછળથી આવી રહેલી બે કારે ટેમ્પોને ટક્કર મારી હતી. તો જાણવા મળ્યું કે પાછળથી આવતા ટેમ્પોએ આ ચાર ગાડીને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ફક્ત એક જ પરિવારમા ચાર જણ સહિત પાંચનું મોત નીપજ્યું છે. તો ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

મુંબઈ-પુણે એક્સપ્રેસ વે પર ખંડાલા ઘાટનાં ફૂડ મોલ પાસે ચાર વાહનોને નૂરના કન્ટેનર સાથે અથડાયા હતા.આ અકસ્માત મંગળવારે મધરારે એક વાગ્યાની આસપાસ થયો હતો. આ દુર્ઘટનામાં નવી મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના વેટરનરી ઓફિસર ડો.વૈભવ ઝુનઝારે(૪૧) અને તેના પરિવારના ચાર સભ્યોમા ત્રણ મહિલા, એક પુરુષ અને એક પાંચ વર્ષની બાળકીનું મોત નીપજ્યું હતું. તેઓના નામ ડો.વૈભવ ઝુનઝારે(૪૧) ,સો. ઉષા વસંત ઝુનઝારે(૬૩)સો. વૈશાલી વૈભવ ઝુનઝારે,(૩૮) ,શ્રિયા વૈભવ ઝુનઝારે(૫) તેમજ શ્રીમતી મંજુ પ્રકાશ નાહર,(૫૮) નું અકસ્માતમા મોત થયુ છે. આ દુર્ઘટનામાં ઝુનઝારે પરિવારના ચાર સભ્યોનાં મોત નીપજ્યાં છે. આ પરિવાર નવી મુંબઈમાં રહે છે અને એક કાર્યક્રમ માટે પુણે ગયો હતો. પુણેથી મુંબઈ પરત ફરતી વખતે ફૂડ મોલ નજીક આ અકસ્માત થયો હતો. ઝુંઝારે પરિવારના ચાર સભ્યોનાં મોત નીપજ્યાં અને ૧૧ વર્ષનો છોકરો ગંભીર રીતે ઘાયલ થયો. તો બીજી કારની એક મહિલાનું મોત નીપજ્યું છે. આ દુર્ઘટનામાં પાંચ જણ ઘાયલ થયા છે.જેઓના નામ સ્વપ્રીલ સોનાજી કુંબલે,(૩૦) ,પ્રકાશ હેમરાજ નાહર,(૬૫) ,કુ. અર્ણવ વૈભવ ઝુનઝારે,(૧૧),, કિશન ચૌધરી (ગંભીર) ,કાળુરામ જમનાજી જાટ (ગંભીર ) હોવાનું જાણવા મળેલ છે.

# સુપ્રિમનો કેન્દ્રને સવાલ, ઓટીટી પ્લેટફોર્મ પર નિયંત્રણને લઈને શું પગલાં ભર્યા?

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૬

ઓવર ધ ટોપ ઓટીટી પ્લેટફોર્મ પર દેખરેખ અને નિયંત્રણ માટે યોગ્ય સિસ્ટમની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું કે શું તમે આ મામલાને ગંભીરતાથી લઈ રહ્યા છો. એસ.જી. તુષાર મહેતાએ જણાવ્યું હતુ કે કામગીરી ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટે છ અઠવાડિયામાં જવાબ આપવા માટેનો સમય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે સ્પષ્ટપણે જણાવો કે અત્યાર સુધીમાં ઓટીટી પ્લેટફોર્મ બાબતે શું શું કરવામાં આવ્યું છે. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે ઓટીટી પ્લેટફોર્મ સતત એવા કાર્યક્રમો બતાવી રહ્યું છે જે સામાજિક અને નૈતિક ધોરણો અનુસાર હોતા નથી.

# ૨૮ વર્ષીય તબીબે આત્મહત્યા કરી

ચક્વાત ટીમ, મુંબઈ, તા. ૧૬

દેશની આર્થિક રાજધાની મુંબઈની નાયર હોસ્પિટલના એક ૨૮ વર્ષીય તબીબે આત્મહત્યા કરી છે. તેણે ગઈકાલે મધરાતે પોતાને ઈંજેકશન આપીને જીવન સમાપ્ત કર્યું હતું. ડોક્ટરની લાશ તેના ઓરડામાંથી મળી આવી છે.તેણે કેમ આત્યંતિક પગલું ભર્યું તેનું ચોક્કસ કારણ હજી પણ સમજાતું નથી. પ્રાથમિક માહિતી મુજબ ડો.ભીમસંદેશ તુપે ત્રણ દિવસ પહેલા ઔરંગાબાદ તેના પિતાને મળવા ગયા હતા. તેના પિતાને હાર્ટ એટેક આવ્યો હતો. શનિવારે ઔરંગાબાદથી પરત ફર્યા બાદ રવિવારે દિવસભર હોસ્પિટલમાં કામ કર્યું હતું. સાંજે ડ ડો. તુપે તેના રૂમમાં પરત ફર્યા ત્યારબાદ આત્મહત્યા કરી હતી. જ્યારે તેણે લાંબા સમય સુધી દરવાજો ખટખટાવ્યો, ત્યારે તેણે કોઈ જવાબ આપ્યો નહીં. ત્યારબાદ દરવાજો તોડ્યો ત્યારે તેનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. આ માહિતી હોસ્પિટલના વહીવટી તંત્રને તેના રૂમમાં અન્ય સહયોગી ડોકટર દ્વારા આપવામાં આવી હતી. તૂપે મુંબઈની નાયર મેડિકલ કોલેજમાં એનેસ્થેસિયા ડિપાર્ટમેન્ટમાં એમડીનો અભ્યાસ કરતા હતા. તેણે આ આત્મહત્યા કેમ કરી તે પાછળનું કારણ જાણી શકાયું નથી. બનાવની માહિતી મળતાની સાથે જ સ્થાનિક અગ્રીપાડા પોલીસ મથકે લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી છે. પોલીસે આ કેસમાં અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. નાયર હોસ્પિટલમાં આત્મહત્યા કરવાનો આ પહેલો કેસ નથી. થોડા વર્ષો પહેલા, મુંબઈની આ હોસ્પિટલમાં,ડો.પાયલ તડવીએ વરિષ્ઠ લોકોના રેંગીગને લીધે આત્મહત્યા કરી હતી. આ કેસમાં ત્રણ આરોપી તબીબોની પણ ધરપકડ કરવામાં આવી હતી.

# ટ્વિટ કરવા માટે સેલિબ્રિટીઓ પર દબાણ લાવવાનું ભાજપનું કાવતરૂં : સચિન સાવંત

## બીજેપી આઇટી સેલ અને અન્ય ૧૨ સામે તાત્કાલિક કાર્યવાહી કરો : ભાજપનું ટૂલકિટ દેશ માટે સૌથી ખતરનાક અને ઝેરી છે

ચક્વાત ટીમ, મુંબઈ, તા. ૧૬

ભાજપ દ્વારા સેલેબ્રીટીઓને ખેડુતોના આંદોલન વિરુદ્ધ ટ્વીટ કરવા દબાણ કરાયુ હોવાનો આકશેપ. મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તા સચિન સાવંતે કરી ભાજપના આઈટી સેલ અને ૧૨ અન્ય લોકો સામે તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આ પ્રસંગે બોલતા સાવંતે કહ્યું હતું કે, કોંગ્રેસે દેશના રાષ્ટ્રીય હસ્તીઓ પર ભાજપે દબાણ કરીને ટ્વિટ કરવાની ફરજ પાડી હોવાનો આક્ષેપ કરી તપાસની માંગણી કરી છે.. આટલું મોટું તોફાન રાષ્ટ્રીય કક્ષાએ ઉભરી આવ્યું છે. જે પી. નડ્ડા, કેન્દ્રીય પ્રધાન પ્રકાશ જાવડેકર અને પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દ્વારા ભાજપના ષડયંત્રને ઢાંકવાનો પ્રયત્ન કર્યો છે, તેમ છતાં આ હસ્તીઓનું મૌન ભાજપના ષડયંત્ર વિશે ઘણું કહે છે. આ કેસને આગળ ન આવવા અને ભાજપના કુટિલ ચહેરાને છુપાવવા માટે, ભાજપ નેતા ખોટા દાવો કરી રહ્યા હતા કે મહારાષ્ટ્ર સરકાર ભારત રત્ન લતા મંગેશકર અને સચિન તેંડુલકર જેવા ભારત રત્નોની તપાસ કરશે. પરંતુ હવે સત્ય બહાર આવ્યું છે અને વધુ પૂછપરછમા દેશની વિરુદ્ધ ભાજપનું કાવતરું બહાર આવશે સાવંતે જણાવ્યું હતું. ભાજપ પાસે દેશ માટે સૌથી ખતરનાક અને ઝેરી ટુલકિટ છે અને તે ભારતીય લોકશાહીનો નાશ કરવા માટે કામ કરી રહી છે. રાજદ્રોહના આરોપમાં એક યુવતીની ધરપકડ કરીને મોદી સરકારની ૫૬ ઈંચની છાતી કેટલી પોકળ છે તે પર્યાવરણવિદ્ દિશા રવિએ સાબિત કર્યું છે. તેમનો હેતુ દેશદ્રોહના આરોપસર દિશા રવિની સાથે મહારાષ્ટ્રના કેટલાક લોકોની ધરપકડ કરીને યુવાનો અને મધ્યમ વર્ગના અવાજને દબાવવાનો છે અને ગરીબ ખેડૂતો સાથે તે જોડાઈ નહિ તે માટે. મોદી સરકારે પણ દેશના ચિંતકોનો અવાજ દબાવ્યો છે. પરંતુ મોદી સરકાર એ પણ પૂછતી નથી કે બાલાકોટ જેવા રાષ્ટ્રીય સુરક્ષા મુદ્દાઓ પર અર્ણવ ગોસ્વામીને માહિતી કેવી રીતે મળી. ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટની કલમના ઉલ્લંઘન કર્યુ હોવા છતાં પણ તેની સામે કેમ કાર્યવાહી કરવામાં આવતી નથી તે સવાલ દેશની જનતા સમક્ષ જ છે.કપીલ મિશ્રા, મંત્રી અનુરાગ ઠાકુર કે પરવેશ શર્મા.ને ખુલ્લી છૂટ આપવામાં આવી રહી છે અને આવા બનાવોને રાજદ્રોહ ગણાવી રહ્યા છે. અભિનેતાઓ અને ભાજપના પૂર્વ સાંસદો. ટૂલકિટને લઈને પરેશ રાવલના ટ્વીટ અંગે ભાજપનો અભિપ્રાય પણ સામે આવવો જોઈએ. સાવંતે, મહારાષ્ટ્ર વિકાસ આઘાડી સરકાર અર્ણવ ગોસ્વામી વિરુદ્ધ કાર્યવાહી કરવા પહેલ કરે..તેવી માંગણી કરી છે.

# ચાલીસ ઘરફોડીના કેસના આરોપીઓની અટક : એક કિલો સોનું જપ્ત કરાયુ

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૧૬

૪૦ ચોરીના કેસમા સંડોવાયેલ ચોરોની સોલાપુર પોલીસે ધરપકડ કરી છે આંધ્રપ્રદેશ પોલીસે પણ ચોરોને પકડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, ચોર છેલ્લા મહિનાથી પોલીસને પૈસા થાપ આપતા હતા. અંતે સોલાપુર પોલીસે તેઓને સાથે પકડી પાડ્યા છે.

આંધ્રપ્રદેશમાં ચોરોએ ૪૦ જગ્યાએથી ચોરી કરી હતી આંધ્રપ્રદેશ પોલીસને છેલ્લા બે મહિનાથી ચોરો થાપ આપીને ફરાર થઈ જતા હતા. સોલાપુર શહેરની બીજપુર નાકા પાસે પોલીસે ચોરોને પકડી પાડ્યા છે. પોલીસે નાગુરાજ જક્કમશેટી અને ભોલા નાગસાઈ બંન્ને જણ ચોરી કરવામા રીઢાગુનેગાર છે. તેમણે ૯ ફેબ્રુઆરીના રોજ નાલદુર્ગ નજીક ફુલવાડી ટોલ પ્લાઝા પાસે પોલીસને થાપ આપીને ભાગતા ટોલ પ્લાઝા નજીક બેરિકેડ્સ તોડી નાખ્યા હતા. પોલીસને બાતમી મળી હતી કે બંને આરોપી સોલાપુરના સોરેગાંવ વિસ્તારમાં પાછા ફરશે. તો વીજપુર પોલીસે આ ગુનેગારોને પકડવા છટકું ગોઠવી બંને ચોરોની અટક કરી હતી. તેમની પાસેથી વીજાપુર નાકા પોલીસે એક કિલો સોનું, પાંચ કિલો ચાંદી અને સાડા ત્રણ લાખ રોકડા કબજે કર્યા છે. પોલીસ કસ્ટડીમાં રહેલા આરોપીએ આંધ્રપ્રદેશમાં ૪૦ જગ્યાએ ચોરી કરી હતી. તેમના સભંધીઓને ત્યં સ્થાયી થવા માટે પોતાના સામાન સાથે સોલાપુર આવ્યા હતા. ત્યારે પોલીસે તેઓને પકડયા છે.

# મિરારોડની લોજમા સેક્સ રેકેટ પકડાયુ : બે પીડિતાનો છૂટકારો બે જણને તાબામા લીધા

ચક્વાત ટીમ, મુંબઈ તા. ૧૬

મિરા-ભાયંદર,વસઈ-વિરાર પોલિસ કમિશ્નરેટની એન્ટી હ્યુમન ટ્રાફિક કિંગ વિભાગ દ્વારા મિરારોડમા એક લોજ પર છાપો મારી બે પિડિત મહિલાનો છૂટકરો કરાવી બે દલાલોની તાબામા લેવામા આવ્યા છે. એન્ટી હ્યુમન ટ્રાફિક કિંગના પીઆઈ ભાસ્કર પુકલેને માહિતી મળી હતી કે મિરારોડમા આવેલ અંતઃપુરા લોજીંગ એન્ડ બોડલ્ગમા ગેરકાયદેસર વેશ્યાવ્યવસાય ચલાવવામા આવે છે.પોલિસ સ્ટાફ દ્વારા તે સ્થળે બોગસ ગ્રાહક મોકલીને તપાસ કર્યા બાદ છાપો મારી બે પિડિત મહિલાનો છૂટકારો કરાવ્યો હતો.તેમજ વેશ્યા વ્યવસાય કરવા પ્રવૃત કરાવનાર બે દલાલ આશિકસાહેબ મોહમ્મદ ઈબ્રાહિમ શેખઃ ૨૭ અને નાલાસોપારામા રહેતી એક ૨૫ વર્ષની મહિલાને તાબામા લેવામા આવ્યા હતા. તેમજ તેઓ બંન્ને વિરુધ્ધ નયાનગર પોલિસમા ગુનો નોંધવામા આવ્યો છે.

# સરપંચની ચૂંટણીમાં હાર થતા મહિલા ગ્રામ પંચાયતના સભ્યની આત્મહત્યા





ચક્વાત ટીમ, મુંબઈ, તા.૧૬

કોલ્હાપુરના ચંદગડ તાલુકાના સોનારવાડીમાંથી નવી ચૂંટાયેલી મહિલા ગ્રામ પંચાયત સભ્યએ આત્મહત્યા કરી લેતા એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. યલ્લુબાઈ મારૂતિ ગાવડે (૩૨) એ આત્મહત્યા કરનારી મહિલા સભ્યનું નામ છે. તેણે બેલગામ જિલ્લાના મણીકેરી ખાતે આવેલ કૂવામાં કૂદીને આત્મહત્યા કરી લીધી હતી.

જાણવા મળ્યું છે કે સરપંચની ચૂંટણીમાં હારના મામલે યલ્લુબાઈ ગવડેએ હતાશાથી આત્મહત્યા કરી હતી. આ ઘટના ૧૨ ફેબ્રુઆરીએ મણીકેરી ખાતે બની હતી. આ મામલો કાકતી પોલીસમાં નોંધવામાં આવ્યો છે. યલ્લુબાઈનું પિયર મણીકેરીમાં છે. તેનું સાસરુ ચંદગડ તાલુકાના સોનારવાડીમા આવ્યું છે. અહીંથી તેણીએ ગ્રામ પંચાયતની ચૂંટણી લડી હતી અને જીત મેળવી હતી. તેમણે પ્રમુખ પદ માટે અરજી પણ કરી હતી. જો કે, તેઓ આ ચૂંટણી હારી ગયા. તો છેલ્લા કેટલાક દિવસોથી તે હતાશામાં છે. તેથી તેના પિતાએ બે દિવસ પહેલા તેને ઘરે બોલાવી હતી. મહિલા તેના પિયરેથી નીકળી ગઈ હતી અને શુક્રવારે રાત્રે તેણીએ કૂવામાં કૂદીને આત્મહત્યા કરી હતી. શનિવારે સવારે આ ઘટના પ્રકાશમાં આવી હતી. ત્યારબાદ પોલીસ બોલાવવામાં આવી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી પંચનામા કર્યુ હતુ. અને સ્થાનિકોની મદદથી યલ્લુબાઈનો મૃતદેહ કૂવામાંથી બહાર કાઢ્યો હતો. બાદમાં તેનું જિલ્લા હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરાયું હતું અને તેનો મૃતદેહ તેના સંબંધીઓને સોંપાયો હતો.

# કોટનના વાયદાના ભાવમાં રૂ.૫૦નો સુધારો

ચક્વાત ટીમ, મુંબઈ,૧૬

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૭૦૧૦૭ સોદામાં રૂ.૧૧૦૦૬.૨૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં વૃદ્ધિ હતી. એલ્યુમિનિયમ સિવાયની તમામ બિનલોહ ધાતુઓ ઘટી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઢીલું હતું, જ્યારે નેચરલ ગેસ વધીને ટ્રેડ થઈ રહ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં રૂ (કોટન)ના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૫૦ના સુધારા સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૩૫,૫૦૦ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કપાસ અને રબરના વાયદા વધવા સામે મેન્થા તેલ ઘટ્યું હતું. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૬૦૨૧ સોદાઓમાં રૂ.૫૧૬૫.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૭૪૦૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૪૮૦ અને નીચામાં રૂ.૪૭૩૪૧ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૫૬ વધીને રૂ.૪૭૩૯૭ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૯ વધીને ૮ ગ્રામદીઠ રૂ.૩૭૯૬૯ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ.૮ વધીને ૧ ગ્રામદીઠ રૂ.૪૭૧૧ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૪ વધીને બંધમાં રૂ.૪૭૨૬૨ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૭૦૫૧૦ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૮૬૪ અને નીચામાં રૂ.૭૦૦૬૫ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૭૯ વધીને રૂ.૭૦૩૦૮ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૧૯૬ વધીને રૂ.૭૦૨૫૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ.૨૦૦ વધીને રૂ.૭૦૨૨૨ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૩૮૯૩ સોદાઓમાં રૂ.૨૭૬૬.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૩૭૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૩૮૭ અને નીચામાં રૂ.૪૩૩૩ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૧૯ ઘટીને રૂ.૪૩૫૦ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૨૫૯૫ સોદાઓમાં કુલ રૂ.૩૬૫.૦૪ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૫૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૫૯૦ અને નીચામાં રૂ.૨૧૪૮૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૫૦ વધીને રૂ.૨૧૪૯૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૦૩૨.૨ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ.૨.૭ વધીને બંધમાં રૂ.૧૦૩૩ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૬ ખૂલી, ઊપરમાં રૂ.૯૬૬ અને નીચામાં રૂ.૯૪૨.૫ રહી, અંતે રૂ.૯૫૨.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧૨૪૧ ખૂલી, ઊપરમાં રૂ.૧૨૪૨ અને નીચામાં રૂ.૧૨૩૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ.૬ વધીને રૂ.૧૨૪૦.૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દૃષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૫૪૨૫ સોદાઓમાં કુલ રૂ.૨૦૪૪.૯૯ કરોડ ની કીમતનાં ૪૩૧૫.૩૮૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૮૦૫૯૬ સોદાઓમાં કુલ રૂ.૩૧૨૦.૧૨ કરોડ ની કીમતનાં ૪૪૨.૭૬૩ ટન, ક્રૂડ તેલમાં ૧૦૬૮૦ સોદાઓમાં રૂ.૭૩૨.૫૩ કરોડનાં ૧૬૮૦૧૦૦ બેરલ્સ, કોટનમાં ૮૧૧ સોદાઓમાં રૂ.૯૯.૩૩ કરોડનાં ૪૫૮૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૬૭૭ સોદાઓમાં રૂ.૨૫૯.૭૬ કરોડનાં ૨૫૩૪૦ ટન, મેન્થા તેલમાં ૪૩ સોદાઓમાં રૂ.૪.૭૭ કરોડનાં ૪૯.૬૮ ટન, કપાસમાં ૮ સોદાઓમાં રૂ.૨૪.૮૧ લાખનાં ૪૦ ટનના વેપાર થયા હતા.

# બોટાદમાં પ્રાથમિક સુવિધાથી વંચિત લોકોને ભારે હાલાકી



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૬

સૌનો સાથ સૌનો વિકાસ ના સૂત્ર સાથે ભારતીય જનતા પાર્ટી દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવે છે બોટાદમાં છેલ્લા ૨૦ વર્ષ કરતાં વધારે સમયથી ભારતીય જનતા પાર્ટીનું પ્રશાસન બોટાદ નગરપાલિકા પર છે પરંતુ છેવાડાના પછાત વિસ્તારોની હાલત જેમની તેમ છે તેનું ઉત્તમ ઉદાહરણ વોર્ડ નંબર ૮ ના પકાશેઠનીવાડી વિસ્તારમાં આવેલ રામદેવ નગર ની છે ત્યાંથી રોડ રસ્તા ગટર પાણી વીજળી કે નથી કોઈ શાળા સ્થાનિક રહીશોને પારાવાર મુશ્કેલી અને ગંદકી સામ્રાજ્ય માં રહેતા લોકો વારંવાર માંદગીના ભોગ બને છે ત્યારે શું પછાત વિસ્તાર હોવાથી આ વિસ્તારમાં આ વિસ્તાર સાથે ઓરમાયું વર્તન થાય છે કે પછી ભ્રષ્ટ કામગીરી માત્ર કાગળ પર થઈ જાય છે પ્રશ્ન જે હોય તે પરંતુ દયનિય સ્થિતીમાં જીવતા ગરીબ પછાત લોકો જીવન સ્તર ક્યારે સુધરશે ક્યારે લોકોના પ્રશ્નો હલ થશે.

# સદ્‌ભાવના યાત્રાનું ગાંધીનગર ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું

ચક્રવાત ટીમ ગાંધીનગર, તા.૧૬

ત્રિપુરા રાજ્યની સુવર્ણજયંતીના અવસરે અગરતલાથી સદભાવના યાત્રાનું ભવ્ય આયોજન થયેલ છે. ગત તા. ૨૭ ડિસેમ્બરના રોજ અગરતલાથી યુવા વિકાસ કેન્દ્ર, એનઆઈએફએએ ત્રિપુરા તેમજ ગોલ્ડન જ્યુબિલી સેલીબ્રેશન કમિટી - ત્રિપુરાના સહયોગથી રાષ્ટ્રીય એકત્રીકરણ, શાંતિ, સંવાદિતા, આત્મનિર્ભરતા, કલા-સંસ્કૃતિ અને પર્યટનને પ્રોત્સાહન આપવા માટેના અખિલ ભારત અભિયાનના ભાગરૂપે ૧૫ જેટલા રાઈડર્સ, ૨૮ રાજ્યો અને પાંચ કેન્દ્રશાસિત પ્રદેશો સહિતનો ૨૦,૦૦૦ કિ.મી.ના વિસ્તારને સાંકળશે. યાત્રા દરમ્યાન યાત્રા દરમ્યાન જોડાયેલ યુવાનોનો શાંતિ, સંપ અને ભાઈચારાના સંદેશ તે મુખ્ય ધ્યેય છે. આ સદ્‌ભાવના યાત્રા આજ રોજ ગાંધીનગર મુકામે આવેલ. આ સદ્‌ભાવના યાત્રાને આવકારવા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ, યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતા, ઓલ ઈન્ડિયા વાડો-કાઈ કરાટે-ડૉ એસોશિએશનના ટેકનીકલ ડાયરેક્ટર અરવિંદભાઈ રાણા, કેપિટલ ક્રાંતિના તંત્રી તેમજ રોટરી કલબના શ્રીપાર્થ ઠક્કર, લાયન્સ કલબના પ્રમુખ શ્રીમતી દર્શનાબેન ત્રિવેદી, ગુજરાત ચેમ્બર ઓફ એનજીઓના સેક્રેટરી શ્રી ભરતજી ઠાકોર, યુવા કાર્યકર રવિ ત્રિવેદી, હિરેન શાસ્ત્રી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહેલ.



આ પ્રસંગે મેયર રીટાબહેન કે. પટેલ દ્વારા સદભાવના ત્રિપુરા રાજ્યની સુવર્ણજયંતીના અવસરે રાષ્ટ્રીય એકત્રીકરણ, શાંતિ, સંવાદિતાના ઉદ્દેશ્ય સાથે અગરતલાથી નીકળેલ સદ્‌ભાવના યાત્રાના ઉદ્દેશ્યને આવકારી સૌ સદસ્યોને અભિનંદન આપીને આ યાત્રા પોતાના ઉદ્દેશ્યમાં સફળ થાય તેવી આશા વ્યક્ત કરી હતી. યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતાએ પણ યુવાનો દ્વારા શાંતિ અને સદ્‌ભાવના ઉદ્દેશ્ય થકી નીકળેલ યાત્રાની સફળતા નીવડે તેવી શુભેચ્છા સાથે સૌને અભિનંદન પાઠવેલ. તેઓએ યુવા શક્તિનો ઉપયોગ વધુમાં વધુ કરવા અપીલ કરી હતી. અરવિંદભાઈ રાણાએ પણ ઉમદા ધ્યેય સાથે નીકળેલ યુવાનોને શુભકામના પાઠવી આ યાત્રીઓને પૂર્ણ સહયોગ કરવાની પણ બાંહેધરી આપેલ. આ સદ્‌ભાવના યાત્રાના ઉદ્દેશ્ય વિશે શ્રી દેબાશિષ મજુમદાર દ્વારા માહિતી આપીને સુંદર સ્વાગત કરવા બદલ ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરેલ. વૈચારિક આદાન-પ્રદાન કરવા પણ તેઓએ તૈયારી દર્શાવેલ.

# નવી મુંબઈમાં બળાત્કારના ગુનામાં ચેટ ગ્રુપના એડમિનની ધરપકડ

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૬

બેલાપુર પોલીસે શનિવારે એક સામાજિક કાર્યકર્તાની ધરપકડ કરી છે તેના પર નવી મુંબઈની એક મહિલા પર બળાત્કાર ગુજાર્યાનો ગુનો નોંધવામા આવેલ છે. હતો, જેને તે સોશિયલ મેસેજિંગ ગ્રુપ દ્વારા મળી હતી. આરોપી સામાજિક કારણોસર રચાયેલા જૂથની એડમિન હતો., જ્યારે મહિલા આ જૂથની સભ્ય હતી.

આરોપીની ઓળખ બાલા પાટીલ (૩૯), સોલાપુરનો રહેવાસી અને વર્લ્ડ મરાઠા ઓર્ગેનાઈઝેશનના એડમિન વડા તરીકે કરવામાં આવી છે. તે બે વર્ષ પહેલા ફરિયાદીને મળ્યો હતો અને નવી મુંબઈમાં જૂથ પ્રવૃત્તિઓ સંભાળવા જણાવ્યું હતું. બંને તેમના જૂથની વિવિધ પ્રવૃત્તિઓ પર સતત સંપર્કમાં હતા. સૂત્રો દ્વારા જાણવા મળેલ છે કે લોકડાઉન દરમિયાન આરોપીએ ફરિયાદી સાથે તેની આર્થિક સમસ્યા શેર કરી હતી, જેના પગલે તેણે તેને ૭૨,૦૦૦ રૂપિયા આપ્યા હતા. જાન્યુઆરીમાં, આરોપીએ તેના પૈસા પાછા આપવા માટે બેલાપુરની એક હોટલમાં મળવાનું કહ્યું હતું. તેણે વ્યવસાયિક કુશળતા વધારવા માટે તેણીને હોટલની એક પરિષદમાં ભાગ લેવા જણાવ્યું હતું. જ્યારે મહિલા હોટલના રૂમમાં ગઈ ત્યારે તેણે તેના પર બળાત્કાર ગુજાર્યો હતો, તેમજ તેના ફોટો પણ પાડ્યા હતા. અને જો તેણી તેની વિરુદ્ધ ફરિયાદ કરશે તો તે ફોટા સર્ક્યુલેટ કરવાની ધમકી આપી હતી.

# જૂનાગઢ ભવનાથ તળેટી દેવોના દેવ મહાદેવ સાંજની આરતીના દર્શન



ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૬

સોમનાથ મહાદેવ સ્વયંભૂ શિવલિંગ તરીકે પ્રગટ થયેલ છે અને કહેવાય છે કે હજારો વર્ષ પહેલા જ્યારે મહાદેવ કૈલાશમાંથી અંતર્ધ્યાન થયેલ ત્યારે પાર્વતીજી ઘણા શોકમાં પડી ગયા અને તેણે મહાદેવને કેવી રીતે ફરીથી પ્રાપ્ત કરવા તે બાબતે નારદજી સાથે સવંદ કર્યો ત્યારે નારદજીએ જણાવ્યું કે આપ વસ્ત્રાપતહેશ્વર નામના ક્ષેત્રે આવેલા રેવાતચલ પર્વત ઉપર જઈને મહાદેવની આરાધના કરો તો આપને મહાદેવ જરૂર પ્રાપ્ત થશે નારદજીનું વૃતાંત સાંભળી પાર્વતીજી બધા જ તેત્રીસ કરોડ દેવતાઓ ને સાથે લઈ રેવતાચલ પર્વત ઉપર આવી મહાદેવજીને મેળવવા તપ સાધના કરવા લાગ્યા સમયાંતરે આ ક્ષેત્રમાં મૃગચર્મ ફેંક્યું અને દેવતાઓ તથા પાર્વતીજીને પ્રમાણ આપ્યું કે હું આ ક્ષેત્રમાં છું ત્યારબાદ ફરીથી દેવી-દેવતાઓએ ઉગ્ર તપશ્ચર્યા રેવતાચલ પર્વત ઉપર કરી અને તેમને તપ ના કારણે મહાદેવ જણાવ્યું કે તમારા તપ થી હું ખૂબ જ પ્રસન્ન થયેલ છો અને હવે હું તમારા તેમજ સમગ્ર મનુષ્ય યોનીમાં જન્મ ધારણ કરનાર જીવનના કલ્યાણ હેતુ આ માટે આ ક્ષેત્રમાં પ્રગટ થઈસ અને મારું તેજ ત્યાં સર્વના કલ્યાણ માટે લિંગમાં છોડીશ.

# જામનગર જિલ્લા કોંગ્રેસમાં ભૂકંપ, અનેક કોંગી આગેવાનોના રાજીનામા

## જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં ટીકીટ ફાળવણી મુદ્દે નારાજગી વ્યક્ત કરતા અગ્રણીઓ, જાણો કોણે કોણે કોંગ્રેસને અલવિદા કહ્યું



ચક્રવાત ટીમ હડિયાણા, તા.૧૬

હાલ રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈ રાજકીય પાર્ટીઓ તડામાર તૈયારીઓમાં છે. જીતના દાવા થઈ રહ્યા છે. ત્યારે જ જામનગર જિલ્લા કોંગ્રેસમાં મોટું ભંગાણ સર્જાયું છે.જામનગર જિલ્લા અને તાલુકા પંચાયતની ટીકીટ ફાળવણી મુદ્દે નારાજગી વ્યક્ત કરતા કોંગી આગેવાનોએ રાજીનામાં ધરી દીધા છે. જેને લઈ રાજકીય ખળભળાટ મચી ગયો છે. જામનગર જિલ્લા પંચાયત કોંગ્રેસના પૂર્વ ઉપપ્રમુખ વસરામભાઈ આહીર, જામનગર જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય હેમત ખવા, જામનગર તાલુકા કોંગ્રેસ મહામંત્રી નારણભાઈ શિયાળ, જામનગર જિલ્લા કોંગ્રેસ મંત્રી કાંતિભાઈ કાલાવડીયા, જામનગર ઉપપ્રમુખ તાલુકા કોંગ્રેસ રમેશ ધના મકવાણા, વરણા ગામના ઉપસરપંચ જગદીશભાઈ ચાંગણી, જિલ્લા યુવક કોંગ્રેસ ઉપપ્રમુખ શનિ આચાર્ય, જામનગર જિલ્લા યુવક કોંગ્રેસ ઉપપ્રમુખ ભગિરથભાઈ ગોહિલ, જિલ્લા યુવક કોંગ્રેસ આગેવાન બાબુભાઈ ડાંગર સહિતના જિલ્લાન પ્રથમ હરોળના નેતાઓએ રાજીનામુ ધરી દીધું છે ત્યારે કોંગ્રેસની હાલત કફોડી થઈ ગઈ છે.

# ઉપલેટાના ડુમીયાણી ટોલ પ્લાઝા પર વાહન ચાલકોને ફરજીયાત ફાસ્ટેગ અમલવારી

ચક્રવાત ટીમઈમરાનભાઈ, તા.૧૬

નેશનલ હાઈવે ઓથોરિટીના ટોલ પ્લાઝા ઉપર ગત તારીખ ૩૧ ડિસેમ્બર સુધીમાં દરેક વાહન ચાલકોને ટોલ પ્લાઝાનું ચુકવણું માત્ર ફાસ્ટેગથી જ કરવા સૂચન આપ્યું હતું જે બાદ તેમનું અલ્ટીમેટમ ફરી દોઢ માસ માટે વધારવામાં આવ્યું હતું અને આ તારીખ ૧૫ ફેબ્રુઆરી સુધી કરવામાં આવી હતી જેમનું અલ્ટીમેટમ ૧૫ ફેબ્રુઆરી મધરાત્રે પૂરું થઈ જતાં અને મધરાત બાદ સંપૂર્ણ ટોલ પ્લાઝા પર વાહન ચાલકોને ટોલ ચુકવણું માત્ર ફાસ્ટેગથી જ ફરજિયાત કરવાનું રહેશે તે શરૂ થઈ જશે ત્યારે વાહન ચાલકોમાં પણ ફાસ્ટ માટેની સંપૂર્ણ તૈયારીઓ પણ પૂર્ણતઃ થઈ ચૂકી છે તો ઘણા લોકો હજુ પણ આ કામગીરી કરાવી રહ્યા છે સાથે જ



ટોલ પ્લાઝાના મેનેજર દ્વારા જણાવાયું હતું કે જે વ્યક્તિ પાસે ફાસ્ટેગ નહીં હોય તો વાહન ચાલકે ટોલ પ્લાઝા પર બમણી રકમ ચૂકવવી પડશે. આ સાથે ટોલ પ્લાઝા મેનેજર દ્વારા એ પણ જણાવ્યું હતું કે લોકલ વાહનો હોય તેમને પોતાના લોકલ વાહન માટેનું અલગથી ઓફિસમાં ડોક્યુમેન્ટ આપી અને લોકલ વાહન અંગેનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે જેથી કરીને લોકલ વાહન ચાલકોને તેમના ફાસ્ટેગ માંથી લોકલ કપાત થતી રહેશે એટલે કે તેમના ફાસ્ટેગ માંથી માત્ર લોકલના જ પૈસા કપાશે. આ સાથે જ નેશનલ હાઈવે પર આવેલા ટોલ પ્લાઝાઓ પર ૧૫ ફેબ્રુઆરી મધરાત ૧૨ વાગ્યાથી જ સંપૂર્ણ ટોલ પ્લાઝા પર ફાસ્ટેગથ ફરજિયાત થઈ જશે ઉપરાંત જેમની પાસે ફાસ્ટેગ નહીં હોય તેમને રોકડમાં બમણો ટોલ ચૂકવવો પડશે.

(અનુસંધાન પાના નં 3નું ચાલું)

# લોકશાહીનો મૃત્યુઘંટ

પ્રજા બેંકો સામે, બેંકોના બોર્ડ, ચેરમેનો, ખાનગી માલીકો સામે ફરીયાદ કરી શકે એવો કોઈ કાયદો ભારતમાં અસ્તિત્વમાં નથી, હજારો બેંકો ફડચામાં ગયેલી છે, નાદાર થયેલી છે, ઉઠમણું કરી બંધ થયેલી છે આજ સુધી ખ બેંકોમાંથી લોન લેનારાઓ પાસેથી એક પાઈ ની વસુલી કરવામાં આવી નથી પ્રજાની બચત અને મુડી ખાક થઈ ચુકી છે. બેંકોનું ખાનગીકરણ લોકશાહી દેશની અર્થ વ્યવસ્થા માટે ઘાતક બને છે, સરકારના સીધા સંચાલન વિના સ્વતંત્ર નાગરીકોના નાણાં મેળવીને મુડીવાદી સતાઓ ઉભી કરવાનો અધિકાર કોઈને પણ નથી,

બેંકોના નિયમો, કાયદાઓ, લોનના નિયમો, વસુલીના નિયમો પ્રજા વિરોધી રહ્યા છે બેંકોનું સંચાલન કરનાર રીઝર્વ બેંક અને ભારત સરકારના નાણાં વિભાગના વ્યાપક ભ્રષ્ટાચારને પરીણામે બેંકોના ખાનગીકરણનો કુપ્રારંભ થયો છે, સરકારે લોન લેનારાઓ સામે કડક અને પરીણામદાયી કાયદાઓ બનાવી સખતપણે વસુલીઓ કરવાને બદલે અબજો રૂપિયાની લોનો માફ કરી દેશના એક એકથી ચડીયાતા દેશદ્રોહી ઉદ્યોગપતિઓને દુનિયાના મોટા સંપતિવાન બનાવી દિધા છે ઉદ્યોગપતિઓની ગુલામી કરતી સરકારોએ પ્રજાને લૂંટી લેવાના અનેક કાયદો બનાવીને ઉદ્યોગપતિઓની મદદ કરી છે. ભારતમાં શિક્ષણ, આરોગ્ય, રેલ્વે, કૃષિ, વિમા કંપનીઓ, સંચાર સેવાઓ, પછી નાણાકીય વ્યવહારોનુ ખાનગીકરણ કરવામાં આવતા હવે ભારતની માલીકી કંપનીઓ અને ઉદ્યોગપતિઓની બનશે.

અંગ્રેજના કંપનીરાજ પછી ભારતમાં ૭૨ વર્ષ પછી રાષ્ટ્રવાદી સરકારે હિન્દુત્વના અને ધર્મના નામે દેશના બહુમતિ વસતી ધરવતા શિક્ષિત હિન્દુ પ્રજાને ષડયંત્ર પુર્વક મુર્ખ બનાવી ગુલામ બનાવી દિધી છે. કૃષિ કાયદાઓ, જમીનોના કાયદાઓ, ફોજદારી કાયદાઓના નિર્ણય કરવાની સતાઓ સરકારી અધિકારીઓ એટલે જનતાના નોકર એવા રાજયસેવકોને આપવામાં આવી છે અદાલતો અને ન્યાયતંત્રની ક્રમશઃ બાદબાકી કરવામાં આવી છે. પ્રજાને ધ્યાનમાં લેવાની એક ખતરનાક બાબત છે કે ફોજદારી કાયદાઓના અમલ કરતી ન્યાય પદ્ધતિમાં સતા વર્ષ સુધીની સજા ધરાવતા ગુનાઓના આરોપીને જામીન ઉપર મુકત કરવાની સતા પોલીસ સ્ટેશનોને આપી છે પોલીસ રાજયસેવક છે હવે પોલીસ ન્યાય તંત્રનો હિસ્સો બની ગયુ છે, કોઈ વ્યક્તિ બેદરકારી ના રાખશો..સમાજમાં બનતા ગુનાઓમાં સતા વર્ષની સજાના દાયરામાં પોણા ભાગના ગુનાઓ આવી જાય છે.

સમૃદ્ધ અને બળવાન ગુનેગારો અને ભ્રષ્ટ પોલીસની સાંઠગાંઠ રહેશે એટલે ગુનાહિત પ્રવૃત્તિ એક વ્યવસાય, ધંધો પણ બની શકે છે. શિક્ષણ, આરોગ્ય, બેંકોનું નાણાં સંચાલન, કૃષિ પેદાશો, જમીનો, પાણી, વિજળી, રોડ રસ્તાઓ, ખનીજો, સંચાર વ્યવસ્થા, રેલ્વે, વિમા કંપનીઓ, બસ પરીવહન સેવાઓ, ન્યાય પાલીકા, આઉટસોર્સિંગથી સરકારી કચેરીઓનુ ખાનગીકરણ કરવામાં આવ્યુ છે એની ભાન અને સમજણ ભારતના શિક્ષિતોમાં નથી, ગ્લોબલ ડેવલોપમેન્ટના કાલ્પનીક સપનાઓ જોતી સોશિયલ મિડિયાથી માનસિક નપુંસક બનેલી શિક્ષિત પ્રજાએ રાષ્ટ્રવાદ, કોમવાદ,જાતીવાદ અને ધર્મવાદની પશુતાઓને સમર્થન અને મતદાન આપી આપી દેશને પુર્ણરૂપે બરબાદ કર્યો છે એમાં શંકાને સ્થાન નથી. મોદી સરકારે ૨,૦૦,૦૦૦,૦૦,૦૦,૦૦૦ બે લાખ કરોડનું વિદેશી દેવું કર્યું છે, કંપનીઓ વેચી રૂપિયા ઉભા કર્યા છે, જીએસટી બમણો કરીને વેપારી પ્રજાને લુંટી છે, સર્વિસ ટેકસ, ટોલ ટેકસ, શેષ જેવા વધારાના કરવેરાઓની લૂંટમાર કરી છે, તો આ બધા ખર્વો-નિખર્વો રૂપિયા ક્યાં જાય છે ? સનાતની હિન્દુ જનતાએ એક ટકો બુદ્ધિ બચી હોય તો થોડીવાર જાતીવાદ, કોમવાદ, રાષ્ટ્રવાદના બેભાન નશામાંથી બહાર આવીને વિચારવું જોઈએ કે ખરેખર જમીની હકીકત શું છે, દેશહિતના ભ્રમમાં પ્રજા તેના પરીવારને બરબાદ કરી રહી છે સાથે સાથે દેશને બરબાદ કરી દિધો છે.

# આપ અને કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ પાછા ખેંચાવી ભાજપે ઉના પાલિકા કબ્જે કરી

## ૨૧ બેઠકો બિનહરીફ થતાં ભાજપનું સાશન નિશ્ચિત



ચક્રવાત ટીમ ઉના, તા.૧૬

ઉના નગરપાલિકામાં ભાજપ ૨૧ સીટો પર બિનહરીફ થતાં રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ઉના નગરપાલિકાની ૩૬ બેઠકોમાંથી ૨૧ સીટો પર ભાજપ બિનહરિફ થઈ છે. એટલે હવે પછી ઉના નગરપાલિકા માટે ૧૫ સીટો પર જ મતદાન થશે. કોંગ્રેસના ૨૧ ઉમેદવારો અને આમ આદમી પાર્ટીના ૧૧ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા ઉના નગરપાલિકામાં ભાજપ તરફી વાતાવરણ થઈ ગયું છે. આમ આદમી પાર્ટીના ગીરસોમનાથ જિલ્લાના પ્રમુખ મોરી સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે ૧૧ ઉમેદવારોના ફોર્મ ભર્યા હતા. જેમાં ત્રણ દિવસ પહેલા પાંચ લોકોએ ફોર્મ ખેંચી લીધા હતા, તેમજ ગઈકાલે ૨ અને આજે ચાર લોકોએ ફોર્મ પરત ખેંચ્યા છે, જેમાં ત્રણ લોકોને ભાજપ વાળા એ ધાક-ધમકી આપી અને ફોર્મ પરત ખેંચાવ્યા હોવાનો જિલ્લા પ્રમુખ દ્વારા આક્ષેપ લગાવવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારોને ભાજપના લોકોએ ધમકી આપીને ફોર્મ પરત લેવડાવ્યા હોવાના આક્ષેપ કરી રહ્યા છે. જ્યારે ઉના શહેર પ્રમુખના આમ આદમી પાર્ટીના ઉમેદવાર હતા તેની સામે ભાજપે તેના કાકાને ઉતારતા પારિવારિક રીતે આમ આદમી પાર્ટીના ઉમેદવાર ફોર્મ પરત ખેંચવું પડયુ. કોંગ્રેસના યુવા પ્રમુખની સાથે વાતચીત કરવામાં આવી ત્યારે તેઓએ જણાવ્યું કે અમે વિશ્વાસ રાખી અને અમેં ટિકિટ આપી હતી પરંતુ તેઓએ આજે અમારા ઉપર વિશ્વાસઘાત કર્યો હતો અને ક્યાંક વહીવટ થયો હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. પરંતુ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ઉના નગરપાલિકાની અંદર આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવારોને ભાજપના લોકો દ્વારા વહીવટ કરવામાં આવ્યો હતો. વહીવટમાં અમુક ઉમેદવારો ન માનતા તેને આગામી સમયમાં કામ આપવાનો પણ વાદો કરવામાં આવ્યો છે, અને તેમાં પણ ન માનતા છેલ્લે ધમકીથી ફોર્મ પરત ખેંચાવ્યા હોવાની માહિતી મળી રહી છે.

કોરોનામહામારીને હરાવવામાં રોગપ્રતિકારક શક્તિનો પ્રયોગ રહ્યો સફળ : જૂનાગઢના આયુર્વેદિક તબીબની મહેનતથી

# ગુજરાત યુનિવર્સીટી અમદાવાદને સીટીઆરઆઈમાં ટ્રાયલ રજીસ્ટ્રેશન

## અમદાવાદની બે હોસ્પિટલમાં કરવામાં આવેલ પ્રિ-ક્લનિકલ ટ્રાયલને મળી હતી ૧૦૦ ટકા સફળતા કોરોના પોઝિટિવ દર્દીઓમાં રોગપ્રતિકારક શક્તિ વધારીને એન્ટિબોડી બનાવવામાં માત્ર ૨૧ દિવસમાં મળી સફળતા

ચક્રવાત ટીમ જૂનાગઢ, તા.૧૬

કોરોના મહામારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે છેલ્લા એક વર્ષથી આ મહામારીના કારણે લોકો મરી રહયા છે ત્યારે વિશ્વના તબીબી વૈજ્ઞાનિકો આ મહામારીને રસીથી કેમ અટકાવી શકાય તેના સંશોધનમાં પડયા હતા ભારતના વૈજ્ઞાનિકોએ પણ રસીનું સંશોધન કર્યું છે આધુનિક તબીબી વિજ્ઞાન તરફ લોકોની નજર હતી ત્યારે ભારતમાં ૫ હજારથી વધુ વર્ષ જુના આયુર્વેદના વારસાનું જતન કરતા આયુર્વેદના નિષ્ણાતો પણ આ મહામારીને આયુર્વેદિક એટલે કે વનસ્પતિમાંથી બનાવેલી દવા દ્વારા કોરોનને કેમ મ્હાત કરી શકાય તે દિશામાં કાર્યરત હતા પરંતુ જૂનાગઢમાં રહીને ગુજરાત યુનિવર્સીટી અમદાવાદ સાથે જોડાઈને કાર્ય કરતા ડો અક્ષય સેવકે કોરોના મહામારીના પ્રારંભિક કાળમાં એ નક્કી કરી લીધું હતું કે જો વનસ્પતિનો યોગ્ય ઉપયોગ કરીને કોરોનો પોઝિટિવ દર્દીની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કરવામાં આવે તો તેને નાથી શકાય અને એ માટે સરકારી ધારાધોરણ મુજબ મંજૂરી લઈને કામ કરવા માટે ગુજરાત યુનિવર્સીટીએ આયુસ વિભાગ ગાંધીનગરથી ૫ મહિનાની લાંબી મથામણ બાદ ત્રાયલની મંજૂરી મેળવી



હતી જેમાં સફળતા બાદ હવે આ દવાની ટ્રાયલને કેન્દ્ર સરકારના સીટીઆરઆઈ માં રજીસ્ટ્રેશન આપી દેવાંમાં આવતા ગુજરાત યુનિવર્સીટીનું નામ સમગ્ર દેશમાં રોશન થયું છે. કોરોના મહામારી શરુ થયા પછી કેન્દ્ર સરકારના આયુસ મંત્રાલય દ્વારા વિવિધ ગાઈડ લાઈન બહાર પાડવામાં આવી હતી અને વિવિધ ઉકાળા અને દવાથી પણ કોરોનને મહાત કરી શકાય છે તેવું લોકોને સમજવયું હતું જોકે આ બધી સારવાર પરંપરાગત હતી જેના કોઈ વૈજ્ઞાનિક આધાર હતા નહીં પરંતુ ઈમ્યુનોલોજી ઉપર વર્ષોથી કામ કરતા જૂનાગઢના આયુર્વેદિક તબીબ ડો અક્ષય સેવક એ વાત ઉપર મક્કમ હતા કે કોરોના વાઈરસ માનવ શરીરમાં ડેમેજ કરે ત્યારે જો તેની રોગ પ્રતિકારક શક્તિ વધારવામાં આવે તો આ મહામારીમાંથી દર્દી બચી શકે છે. ગુજરાત આયુસ વિભાગ દ્વારા ગુજરાત યુનિવર્સીટીમાં ટ્રાયલની મંજૂરી આપવામાં આવી હતી એ સમયે બે હોસ્પિટલ અને હોમકોરોનટાઈન દર્દીઓને તમામ પરીક્ષણ પર કરી ચુકેલી આ દવા આપવામાં આવે હતી જેમાં માત્ર ૨૧ દિવસમાં એન્ટિબોડી બની ગયા હતા એ ઉપરાંત તમામ લક્ષણો પણ ૭ થી ૧૫ દિવસમાં દૂર થઈ ગયા હતા પ્રિ-ક્લિનિકલ ટ્રાયલ ગુજરાત યુનિવર્સીટીએ પૂર્ણ કર્યા પછી એથિકલ કમિટીના મંજૂરીના આધારે ફાયનલ ટ્રાયલ માટે ભારત સરકારના આઈ સી એમ આર વિભાગના રજીસ્ટ્રેશન સીટીઆરઆઈમાં એપલાઈ કરવામાં અવાયું હતું જેને રજીસ્ટ્રેશન મળી જતા કોરોના મહામારીને નાથવા માટે મોઢેથી લેવામાં આવતી દવાની આખરી ટ્રાયલ ટૂંક સમયમાં શરુ કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સીટીમાં આવેલ લાઈફ સાયન્સ વિભાગના વડા ડો રાકેશ રાવલ જૂનાગઢના ડો અક્ષય સેવક સાથે મળીને વિવિધ રોગ ઉપર કામ કરી રહયા છે ઈમ્યુનોલોજી ઉપર કામ કરતી વિવિધ આયુર્વેદિક એટલે કે વનસ્પતિજન્ય દવા માનવ શરીરમાં આવતા રોગને નાથવામાં ખુબ મોટી ભૂમિકા ભજવે છે અને કોઈપણ વાઈરસ ઉપર એલોપેથી દવાની જેમ જ વનસ્પતિજન્ય દવા વધુ સારું પરિણામ આપી શકે છે તેનો આ પુરાવો છે મહત્વની વાત એ છે કે કોરોના મહામારીને નાથવા માટે ભારત સહીત વિશ્વની અનેક યુનિવર્સીટીમાં કામ થતું હતું પરંતુ વનસ્પતિજન્ય દવા દર્દીને પીવડાવી કોરોના પોઝિટિવ દર્દીઓમાં એન્ટિબોડી બનાવી શક્યા હોય તેવી વિશ્વની આ પહેલી ઘટના છે અને આવનારા દિવસોમાં આખરી ટ્રાયલ પૂર્ણ થયા પછી સમગ્ર વિશ્વની નજર આ વનસ્પતિજન્ય દવા ઉપર હશે તેમાં શંકા નથી.

# જેતપુર પીઠડીયા ટોલનાકામાં આજથી ફાસ્ટેગની અમલવારી શરૂ



ચક્રવાત ટીમ જેતપુર, તા.૧૬

દેશના ટોલનાકા ઉપર લાગી જતાં વાહનોના થપ્પા અને તેના ધૂમાડાને કારણે ફેલાતું પ્રદૂષણ અટકાવવા અને વાહનચાલકોનો સમય બચાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વાહન ઉપર ફરજિયાત ફાસ્ટેગનો નિર્ણય લીધો છે. ત્યારે આ પહેલાં નિયમ ૧ ડિસેમ્બરે લાગુ કરવાનો હતો પરંતુ જોઈએ તેવી સફળતા ન મળતાં વાહનચાલકોને વધુ સમય આપવામાં આવ્યો હતો અને ૧૫ ફેબ્રુઆરી એટલે કે ગઈકાલ થી ટોલનાકા પરથી પસાર થનારા તમામ વાહનો ઉપર ફાસ્ટેગ ફરજિયાત આ સાથે જ જેતપુરના પીઠડીયા ટોલનાકા ઉપર પણ ફાસ્ટેગનો નિયમ લાગુ પડી ગ્યો અને જો વાહન પર ફાસ્ટેગ લગાવેલું નહીં હોય ફાસ્ટેગની લેનમાં બમણો ટેક્સ ચૂકવવો પડશે. હાઈ-વે ઓથોરિટીના અધિકારીએ જણાવ્યું હતું કે ટોલનાકા પર ફાસ્ટેગ ફરજિયાત કરી દેવામાં આવ્યું છે પરંતુ હજુ અમુક વાહનચાલકોએ ફાસ્ટેગ ખરીદયા ન હોઈ તે ફાસ્ટેગ ખરીદી લે અન્યથા પેનલ્ટી ભરવાની રહે છે.

### પ્રથમ ઈનિંગમાં અશ્વિનની પાંચ તો અક્ષર પટેલની ડેબ્યુ મેચની બીજી ઈનિંગમાં ૫ વિકેટથી ઈંગ્લેન્ડની બેટિંગનો ફિયાસ્કો

# ચેન્નાઈમાં ઈંગ્લેન્ડ સામે ભારતનો ૩૧૭ રન સાથે ભવ્ય વિજય

ચેન્નાઈ,તા.૧૬

ભારતે ચાર ટેસ્ટ શ્રેણીની બીજી મેચમાં ચેન્નઈ ખાતે ઈંગ્લેન્ડને ૩૧૭ રને હરાવ્યું છે. આ સાથે ભારતે શ્રેણીમાં ૧-૧ની બરાબરી કરી લીધી છે. ૪૮૨ રન પીછો કરતાં ઈંગ્લેન્ડની ટીમ ૧૬૪ રનમાં ઓલઆઉટ થઈ હતી. ભારત માટે અક્ષર પટેલે ૫, રવિચંદ્રન અશ્વિને ૩, જ્યારે કુલદીપ યાદવે ૨ વિકેટ લીધી છે. ત્રીજી ટેસ્ટ ૨૪ ફેબ્રુઆરીએ અમદાવાદના નવનિર્મિત મોટેરા સ્ટેડિયમ ખાતે રમાશે. આ ડે-નાઈટ ટેસ્ટ પિન્ક બોલથી રમાશે.

આ મેચ જીતીને વિરાટ કોહલીએ કપ્તાન તરીકે ઘરઆંગણે ૨૧મી ટેસ્ટ જીતી છે. તેણે આ મામલે ધોનીની બરાબરી કરી છે. અમદાવાદ ખાતેની ૨માંથી એક ટેસ્ટ જીતીને કોહલી ટેસ્ટમાં ઘરઆંગણે સૌથી સફળ ભારતીય કપ્તાન બની જશે.

જો રૂટ ૩૩ રને અક્ષર પટેલની બોલિંગમાં રહાણેના હાથે સ્લીપમાં કેચ આઉટ થયો હતો. તે પ્રથમ દાવમાં ૬ રને અક્ષરનો જ શિકાર થયો હતો. રૂટ ૮ ટેસ્ટમાં પહેલીવાર ભારતમાં ફિફટી મારી શક્યો નથી. આ પહેલાં તેણે ભારતમાં રમેલી તમામ ટેસ્ટમાં






ફિફટી મારી હતી.

ડેનિયલ લોરેન્સ રવિચંદ્રન અશ્વિનની બોલિંગમાં વિકેટકીપર ઋષભ પંત દ્વારા સ્ટમ્પ થયો હતો. તેણે ૫૩ બોલમાં ૨ ફોર અને ૧ સિક્સની મદદથી ૨૬ રન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે, લોરેન્સને આઉટ કર્યો તે ચોથા દિવસે અશ્વિનનો પ્રથમ બોલ હતો. તે પછી બેન સ્ટોક્સ ૮ રને અશ્વિનની બોલિંગમાં સ્લીપમાં કોહલી દ્વારા કેચ આઉટ થયો હતો.

ટેસ્ટમાં સૌથી મોટો ટાર્ગેટ ચેઝ કરવાનો રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝ સામે છે. તેણે ઓસ્ટ્રેલિયા સામે ૨૦૦૩માં ૪૧૮ રનના ટાર્ગેટને ચેઝ કર્યો હતો. ભારતના મેદાન પર અત્યાર સુધીમાં સૌથી મોટો ૩૮૭ રનનો ટાર્ગેટ ચેઝ થયો છે.

માત્ર વેસ્ટ ઈન્ડિઝની ટીમે ભારતમાં ૨૭૬ રનના ટાર્ગેટને ચેઝ કર્યો હતો. તેણે ૧૯૮૭માં દિલ્હી ટેસ્ટમાં ભારતને ૫ વિકેટે હરાવ્યું હતું.

પૂજારા (૭) રનઆઉટ થઈ ગયા. ત્યારપછી રોહિત પણ વધુ ટક્યા નહીં અને ૨૬ રન બનાવીને પવેલિયન પાછા ગયા. જેક લીચના બોલ પર વિકેટકીપર બેન ફોક્સે તેમને સ્ટમ્પ કર્યા. રહાણેએ ઉપર રમવા આવેલા ઋષભ પંત ૮ રન બનાવીને લીચના બોલ પર સ્ટમ્પ આઉટ થયા હતા. ચોથી વિકેટ માટે અજિંક્ય રહાણે(૧૦) આઉટ થયા. મોઈન અલીએ તેમને ઓલી પોપના હાથે ચેક આઉટ કરાવ્યા.

બીજા દિવસે ટીમ ઈન્ડિયાએ પહેલી ઈનિંગમાં ૩૨૯ રન બનાવ્યા. રોહિત શર્માએ ૧૬૧ રનની ઈનિંગ રમી. તેના જવાબમાં ઈંગલેન્ડની ટીમ રોહિતના સ્કોરની પણ બરાબરી ન કરી શકી અને ૧૩૪ રન પર જ સમેટાઈ ગઈ.જેને ધ્યાનમાં રાખી ભારતને પહેલી ઈનિંગમાં ૧૯૫ રનની લીડ મળી.

ભારતીય જમીન પર અત્યાર સુધી સૌથી મોટો ૩૮૭ રનનો ટાર્ગેટ ચેઝ કરી શકાય છે. ડિસેમ્બર ૨૦૦૮માં ભારતે ઈંગ્લેન્ડને ચેન્નાઈના જ મેદાન પર ટેસ્ટમાં ૪ વિકેટથી હાર અપાવી

## જેનિફર બ્રેડી માટે ક્વોરેન્ટાઈન ફાયદારૂપ : ક્વોરેન્ટાઈન પછી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચનાર એકમાત્ર મહિલા

ન્યુયોર્ક,તા.૧૬

ઓસ્ટ્રેલિયન ઓપન બીજા સપ્તાહમાં પહોંચી છે. ટૂર્નામેન્ટથી પહેલા મહિલા સિંગલ્સની ૨૬ ખેલાડીને ૧૪ દિવસના હાર્ડ ક્વોરેન્ટાઈનમાંથી પસાર થવું પડ્યું હતું. હાર્ડ ક્વોરેન્ટાઈનમાં પ્રેક્ટિસની પણ મંજુરી ન હતી. પરિણામે પૂર્વ ચેમ્પિયન વિક્ટોરિયા અઝારેન્કા અને એન્જેલિક કેર્બર પ્રથમ રાઉન્ડમાં જ હારી ગઈ. બીજી ખેલાડી પણ ત્રીજા રાઉન્ડ સુધીમાં બહાર થઈ ગઈ હતી.

હાર્ડ ક્વોરેન્ટાઈનને કારણે માત્ર એક જ ખેલાડી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે - જેનિફર બ્રેડી. ૨૨મી



ક્રમાંકિત બ્રેડીએ પ્રથમ રાઉન્ડમાં અલિયોના બોલસોવાને ૬-૧, ૬-૩, બીજા રાઉન્ડમાં મેડિસન બ્રેન્ગલને ૬-૧, ૬-૨, ત્રીજા રાઉન્ડમાં કાજા જુવાનને ૬-૧, ૬-૩ અને ચોથા રાઉન્ડમાં વેકિચને ૬-૧, ૭-૫થી હરાવી હતી. અમેરિકાની બ્રેડીએ કહ્યું, 'પહેલા થોડી ચિંતિત થઈ, પરંતુ મેં વિચાર્યું કે, ઠીક છે, ઈટ્સ ઓકે. રૂમમાં ૧૪ દિવસ રહેવાની મુશ્કેલી દુનિયાભરમાં છે. ગ્રાન્ડ સ્લેમની તૈયારી માટે આ ઉચિત ન હતું, પરંતુ છતાં ૮ દિવસનો સમય મળ્યો હતો'. ક્વોરેન્ટાઈન દરમિયાન બ્રેડી સામાન્યથી વધુ ઊંઘતી હતી. સવારે ૧૧ કલાકે જાગતી હતી. દિવસમાં બે વખત વર્ક-આઉટ કરતી હતી.

બ્રેડીના કોચ માઈકલ ગેસરરે કહ્યું કે, માઈન્ટ સેટ સૌથી મહત્ત્વનો છે. અમે ફરિયાદ કરતા ન હતા. લૉકડાઉન પછી બ્રેડીના પ્રદર્શનમાં ઘણું પરિવર્તન આવ્યું છે.

## ૧૬ વર્ષની ઉંમરથી અંડરવર્લ્ડ માફીયાઓની પકડમાં હોવાનો કંગના રનૌતનો ખુલાસો

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૬

કંગના રનૌત એક એવી અભિનેત્રી જે તેની ફિલ્મો કરતા વધુ અંગત જીવન અને સોશિયલ મીડિયા પર તેના બેધડક જવાબને કારણે ચર્ચામાં છવાયેલી રહે છે. તે ટ્વિટર પર ખૂબ જ સક્રિય કલાકારોમાંની એક છે જે નિખાલસતાથી જાહેરમાં બોલે છે. કંગનાએ એક ટ્વિટમાં કહ્યું કે જ્યારે તે ૧૫ વર્ષની હતી ત્યારે તે ઘરેથી ભાગી ગઈ હતી. આટલું જ નહીં તેણે કોઈની મદદ વગર મુંબઈમાં પોતાનું ઘર બનાવ્યુ.

કંગના તેના સંઘર્ષના દિવસો વિશે કહે છે કે તે દિવસોમાં તેના પિતાએ તેની કોઈ મદદ કરી ન હતી. કંગના કહે છે કે ૧૬ વર્ષની ઉંમરે તેણી અન્ડરવર્લ્ડ માફિયાની પકડમાં હતી. આ બધું હોવા છતાં તે સતત સંઘર્ષ કરતી રહી અને ફિલ્મ ઉદ્યોગમાં પોતાની ઓળખ બનાવી. કંગનાએ ટ્વીટ કર્યુ હતું કે 'હું ૧૫ વર્ષની ઉંમરે ઘરેથી નીકળી ગઈ હતી અને મારા પિતાએ મારા સંઘર્ષના દિવસોમાં મને ટેકો આપવાનો ઈનકાર કર્યો હતો. હું મારી જાતે મહેનત કરી આગળ વધી હતી. ૧૬ વર્ષની ઉંમરે મને અન્ડરવર્લ્ડ માફિયાએ પકડી હતી. ૨૧ વર્ષની ઉંમરે, મેં મારા જીવનના બધા દુશ્મનોને કચડી નાંખ્યા અને રાષ્ટ્રીય એવોર્ડ મેળવ્યો સફળ અભિનેત્રી બનવાની જીત મેળવીને તે મુંબઈના ૫ોશ બાંદ્રા વિસ્તારમાં તેના પહેલા ઘરની માલિક બની ગઈ હતી.

## વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમમાં વીવીઆઈપી ગેઈટથી એન્ટ્રી કરશે ભારત-ઈંગ્લેન્ડની ટીમ

અમદાવાદ,તા.૧૬

અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરા ખાતે ૨૪ ફેબ્રુઆરીએ પ્રથમ ઈન્ટરનેશનલ મેચમાં ઈન્ડિયા-ઈંગ્લેન્ડની ટીમ ટકરાશે, જેને લઈને ગુજરાત ક્રિકેટ એસોસિયેશન (GCA) દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. પહેલી મેચ જોવા માટે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને ગૃહમંત્રી અમિત શાહ પણ આવે એવી શક્યતા સેવાઈ રહી છે. એને લઈને VVIP ગેટ પર સુરક્ષામાં કોઈ ચૂક ન થાય એનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. સ્ટેડિયમના જે VVIP ગેટથી અગાઉ ડોનાલ્ડ ટ્રમ્પે




એન્ટ્રી મારી હતી, ત્યાર બાદ હવે બંને ટીમ આ ગેટથી જ સ્ટેડિયમમાં એન્ટર થશે. જ્યારે બીજી બાજુ, દર્શકોએ મેચ જોવા માટે સ્ટેડિયમની બહાર પાર્કિંગ પ્લોટમાં વાહન પાર્ક કરીને લગભગ ૧ કિલોમીટર ચાલીને સ્ટેડિયમમાં આવવું પડશે. VVIP ગેટની બહાર સિક્યોરિટી કેબિન તૈયાર કરવામાં આવી રહી છે, જેથી એ ગેટથી અન્ય કોઈ વ્યક્તિ પ્રવેશી ન શકે . આ ગેટની બાજુમાં હેલિપેડ પણ બનાવવામાં આવ્યું છે, જે કોઈ ઈમર્જન્સીમાં અથવા તો કોઈ VVIP માટે ઘણું ઉપયોગી છે તેમજ સ્ટેડિયમના ગેટની આજુબાજુના રોડને પણ રિસર્ફેસિંગ કરવામાં આવી રહ્યો છે.

## અમલા પોલ ટૂંક સમયમાં બોલીવુડમાં કરશે પદાર્પણ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૪

દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં અમલા પોલ એક મોટું નામ છે. તેણે ઘણી સુપરહિટ ફિલ્મોમાં કામ કર્યું છે. તે સોશિયલ મીડિયા પર પણ તેના ચાહકો માટે કંઈક શેર કરતી રહે છે. અમલા તેની ફિલ્મ અદાઈ માટે પણ જાણીતી છે, એટલા માટે કે અમલાએ આ ફિલ્મમાં ન્યૂડ સીન આપીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. અમલાએ જુલાઈ ૨૦૧૯ માં હેડલાઈન્સ બનાવ્યા હતા. ખરેખર, અમલા પોલે ફિલ્મ 'અદાઈ' માં ન્યૂડ સીન આપ્યો હતો, જેના કારણે તે ચર્ચામાં આવી હતી. ફિલ્મમાં અમલા પોલે એક પુત્રીનું પાત્ર ભજવ્યું હતુ જે એક રાત્રે દારૂના નશામાં ગુમ થઈ ગઈ હતી. અમલા પૌલે જણાવ્યું કે જ્યારે તે નગ્ન દ્રશ્યો કરી રહી હતી, ત્યારે તે સમયે ફિલ્મના સેટ પર લગભગ ૧૫ લોકો હાજર હતા.

અમલાએ કહ્યું હતું, હું આ દ્રશ્યથી ખૂબ જ પરેશાન હતી. હું જાણવા માંગતી હતી કે સેટ પર શું થવાનું છે અને સેટ પર કોણ હાજર રહેશે. મને પરેશાન જોઈને ડિરેક્ટર રત્ના કુમારે કહ્યું કે તમે ન્યૂડ સીનનાં શૂટિંગ દરમિયાન ખાસ કોસ્ચ્યુમ પહેરી શકો છો, પરંતુ મેં તે સીન કોસ્ચ્યુમ પહેર્યા વગર કરી બતાવ્યો. અમલાની કારકિર્દીની વાત કરીએ તો તેણે મલયાલમ ફિલ્મ નીલમથારામાં સહાયક ભૂમિકાથી તેની ફિલ્મી કેરિયરની શરૂઆત કરી હતી. આ ફિલ્મ એક બ્લોકબાસ્ટર હિટ રહી હતી. પરંતુ આ પછી તે ઘણી ફિલ્મોમાં ભૂમિકા લેવામાં સફળ રહી. તેને અડાઈ માટે સોશિયલ મીડિયા પર પણ ટ્રોલ કરવામાં આવી હતી.

જ્યારે અમલા પોલ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક તસવીર શેર કરે છે, ત્યારે તે તરત જ ઈન્ટરનેટ પર વાયરલ થઈ જાય છે. લોકો આમલાને ઈન્ટરનેટ સેંસેશન માને છે. જણાવી દઈએ કે આ સાઉથની અભિનેત્રીઓ ટૂંક સમયમાં હિન્દી સિનેમામાં પણ જોવા મળશે. સિત્તેરના દાયકાની પ્રખ્યાત અભિનેત્રી પરવીન બોબી પર આધારિત ફિલ્મમેકર મહેશ ભટ્ટ એક વેબ સિરીઝ બનાવી રહ્યા છે.

## ડિરેક્ટર રાજામૌલીની ફિલ્મ 'આરઆરઆર'ના હિન્દી વર્ઝનમાં આલિયા ગાશે બે સોન્ગ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૫ : 'બાહુબલી' ફેમ ડિરેક્ટર એસએસ રાજામૌલીની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'આરઆરઆર'ને લઈને એક સમાચાર સામે આવ્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ આલિયા ભટ્ટ તેની આ ફિલ્મમાં ખુદ માટે બે સોન્ગ ગાવાની છે. આ પહેલાં આલિયાએ ડિરેક્ટર ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'હાઈવે' અને શશાંક ખૈતાનની ફિલ્મ 'હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયા'માં સોન્ગ ગાયું હતું. સૂત્રોના જણાવ્યા મુજબ સાઉથ સુપર સ્ટાર રામ ચરણ અને જુનિયર એનટીઆર સ્ટારર 'આરઆરઆર'માં આલિયા એક સોન્ગ અને એક ડાન્સ નંબરને પોતાનો અવાજ આપી શકે છે. આલિયા આ ફિલ્મના માત્ર હિન્દી વર્ઝન માટે સોન્ગ ગાશે. ફિલ્મ ૫ ભાષાઓ હિન્દી, તેલુગુ, તમિળ, મલયાલમ અને કન્નડમાં રિલીઝ થશે. થોડા દિવસ પહેલાં રાજામૌલીની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'આરઆરઆર'ની રિલીઝ ડેટનું ઓફિશિયલ અનાઉન્સમેન્ટ થયું હતું. આ વાતની જાણકારી આલિયા ભટ્ટે ૨૫ જાન્યુઆરીએ સોશિયલ મીડિયા પર ફિલ્મનું એક નવું પોસ્ટર શેર કરીને આપી હતી. આલિયા ભટ્ટે પોસ્ટર શેર કરી લખ્યું હતું, આરઆરઆર માટે તૈયાર થઈ જાઓ. ૧૩ ઓક્ટોબરે થિયેટરમાં રિલીઝ થશે. રામ ચરણ અને જુનિયર એનટીઆર સિવાય ફિલ્મમાં અજય દેવગણ, શ્રિયા સરન અને આલિયા ભટ્ટ પણ ફિલ્મમાં લીડ રોલમાં છે. ફિલ્મ વિશે વાત કરતા પ્રોડ્યુસર ડીવીવી દાનય્યાએ કહ્યું હતું, 'અમે 'ઈઈઈ'ના શૂટિંગ શેડ્યુઅલના એન્ડની નજીક પહોંચી ગયા છીએ અને આ ફિલ્મને દર્શકો સામે લાવવા માટે ઘણા ઉત્સુક છીએ. અમે દર્શકો સાથે થિયેટરમાં દશેરા જેવા મોટા તહેવારને મનાવવા માટે પણ ઘણા ઉત્સુક છીએ.

**અગાઉ હાઈવે અને હમ્પ્ટી શર્મા કી દુલ્હનિયામાં ગાયું હતું સોન્ગ**



## ગહના વશિષ્ઠ પર લાગ્યો અભિનેત્રીઓને કામની લાલચે ખરાબ કામ કરાવવાનો આરોપ



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૫

અભિનેત્રી અને મોડેલ ગહના વશિષ્ઠ પર સામૂહિક દુષ્કર્મ અને ખોટા ઈરાદા સાથે કેદ કરવાનો આરોપ લાગ્યો છે. તાજેતરમાં ગહના પોર્ન વીડિયો શૂટ કરવાને લઈને તેની ધરપકડ થઈ ચુકી છે. મળતી માહિતી અનુસાર, પોલીસે ગહના વશિષ્ઠ સહિત ત્રણ લોકો વિરુદ્દ રેપ, મહિલાઓવા શીલ તોડવા અને અશ્લીલ હરકતોની કલમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. ગહના પર આરોપ છે કે તે સ્ટ્રગલ કરી રહેલી અભિનેત્રીઓને કામની લાલચ આપી પોર્ન વીડિયો શૂટ કરાવતી હતી. કામના બદલામાં દરેક ફિલ્મ માટે ૧૫-૨૦ હજાર રૂપિયા આપતી હતી. તાજેતરમાં જ મોડલે ગહના વસિષ્ઠ અને ત્રણ અન્ય લોકોને એક વીડિયો શૂટ દરમિયાન સેક્શુઅલ એક્ટમાં બળજબરીથી સામેલ કરવાનો આરોપ મૂક્યો હતો અને તેના વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. જો કે, જ્યારે મોડેલના આક્ષેપોને ખોટા ગણાવી ગહનાના વકીલે સ્પષ્ટતા કરી હતી કે તેમણે માટે ઈરોટિક વીડિયો બનાવ્યા છે. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર, ગેહનાએ કથિત રૂપે ૮૭ પોર્નોગ્રાફી વીડિયો શૂટ કર્યા છે, જેને તેણે પોતાની વેબસાઈટ પર અપલોડ કર્યા છે. તેમને જોવા માટે, પેઈડ સબ્સ્ક્રિપ્શનની જરૂર પડે છે., જેનો ચાર્જ ૨૦૦૦ રૂપિયા રાખવામાં આવ્યો છે.તમે જણાવી દઈએ કે ગહના વશિષ્ઠને ૬ ફેબ્રુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી અને ૭ ફેબ્રુઆરીએ કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી, જ્યાંથી તેને ૧૦ ફેબ્રુઆરી સુધી પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવી હતી. ૩૨ વર્ષની ગહના સ્ટારપ્લસના શો બહેનેમાં લીડ રોલમાં નજરે પડી હતી. તેણે રોબોટિક સાયન્સમાં એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો હતો. તેણે ૨૦૧૨ માં મિસ એશિયા બિકિની હરીફાઈ જીતી હતી.

# ચૂંટણી પંચની હાજરીમાં લોકશાહીનું વસ્ત્રાહરણ

**અસંખ્ય ચૂંટણીઓમાં પ્રમાણિકતા ગાયબ થતાં હારેલા જીતે અને જીતેલા હારી જાય છે : મત ગણત્રી અને મતદાનમાં ઘાલમેલ થતી હોવાની અનેક ઘટનાઓ બહાર આવેલ છે**

**શું આપણા વિશાળ દેશમાં ટી.એન. શેષાન, જે.એમ. લિંગ્દોહ, ગોપાલસ્વામી કે. કુરેશી જેવા અમલદારો પસંદગીમાં નથી મળતા ?**

**ચૂંટણી પંચ સ્વાયત્ત સંસ્થા હોવા છતાં તેની કામગીરીમાં લોકહિત નહિંવત અને રાજકીય છાંટ વધુ જોવા મળે છે તે ક્યારે દૂર થશે ?**

**શું આપણા વિશાળ દેશમાં ટી.એન. શેષાન, જે.એમ. લિંગ્દોહ, ગોપાલસ્વામી કે. કુરેશી જેવા અમલદારો પસંદગીમાં નથી મળતા ?**

**સખત બંદોબસ્ત અને વિડીયો રેકોર્ડીંગની વાતો વચ્ચે પણ બુથ કેપ્ચરીંગ કરી અયોગ્ય ઉમેદવાર ચૂંટાઈ આવે છે જેમાં તંત્રનાં અમલદારોની પણ વરવી ભૂમિકા જવાબદાર**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૬

ચૂંટણી પંચની રચના-સ્વાયતતા-આંતરરાષ્ટ્રીય નિયમો હેઠળ કરવામાં આવી ત્યાર બાદ સામયાંતરે તેમાં ફેરફારો થતાં રહ્યા પરંતુ પંચની મુખ્ય-મહત્વની કામગીરી દેશમાં મુક્ત-ન્યાયી પ્રમાણિકતા અને શાંતિપૂર્વક ચૂંટણી પ્રક્રિયા બીન જરૂરી અવરોધો વગર યોજવા અને ચૂંટણી પરિણામો જાહેર કરવાની હોય છે. લોકશાહી પધ્ધિતમાં આ જવાબદારી અત્યંત મહતવની હોવાથી પંચને વિશાળ સત્તાઓ પણ બંધારણીય રીતે આપવામાં આવેલ છે. પંચનાં મુખ્ય ચૂંટણી કમિશ્નરના હોદ્દા પર આજ સુધીમાં ટી.એન.શેષાન, જેમ્સ માઈકલ લિગ્દોહ, ગોપાલ સ્વામી, કુરેશી જેવા ઘણા પ્રમાણિક અને નિષ્ઠાવાન અધિકારીઓ આવી સફળ ફરજો બજાવી ચૂક્યા છે. ચૂંટણી પ્રચાર, મતદાન અને મતગણત્રી સુધી આદર્શ આચાર સંહિતાનું કડકાઈથી ચુસ્ત પાલન પંચ દ્વારા મતદારો તેમજ રાજકીય પક્ષોના નેતાઓ અને ઉમેદવારો પાસે કરાવેલ તેટલું જ નહીં તેના તાબાના અધિકારીઓ પાસેથી પણ એકંદરે આજની સ્થિતી કરતા અનોકગણી સારી કામગીરી બજાવી આપણી લોકશાહી પ્રણાલીનાં આધારસ્તંભોને વધુ મજબુત કરવાની કામગીરી બજાવી પ્રત્યેક મતદારને પણ ખબર પડી કે ચૂંટણી શું છે તેવું સુંદર આયોજન ઘડી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાઓ ઈમાનદારીપૂર્વક પાર પાડેલ હતી. અગાઉની ચૂંટણીઓમાં થતી હિંસા, બુથ કેપ્ચરીંગ મતદાનમાં આવરોધ સર્જવાની ઘટનાઓ ભાગ્યેજ બહાર આવતી તો કડક પગલા પણ લેવાત હતા.

મોટા ભાગે આદર્શ ચૂંટણી આચર સંહિતાથી રાજનેતાઓને દોઢ-બે માસ દરમ્યાન ભારે ગૂંગળામણનો અનુભવ થતાં કેટલાક ફેરફાર પોતાના હિત માટે જ દલાતર વાડીની જેમ કરી તેનો અમલ નેતાઓએ પંચ પાસે કરાવવાનું શરૂ કર્યુ ત્યાર બાદની પ્રત્યેક ચૂંટણીમાં ધીમેધીમે આચર સંહિતાનો અમલ હળવો થતો ગયો, પરિણામે આજે આદર્શ આચર સંહિતા અમલી છે પણ કાગળ પર જ અથવા ઘણા કિસ્સામાં વ્હાલા દવલાના ઉપયોગ વધુ થઈ રહ્યાની સામાન્ય મતદારોના માનસ પર છાપ છોડેલ છે.

ચૂંટણી પંચની રચના બાદ રાજકીય પક્ષો, પ્રાદેશિક પક્ષો કે અપક્ષોએ રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય નોંધણી કરાવવાની હોય છે. ચૂંટણી પંચ દ્વારા માન્યતા પ્રાપ્ત પક્ષોને તેમના ચૂંટણી નિશાન ફાળવવામાં આવે છે. આવા પક્ષનાં ઉમેદવારો પક્ષના આદેશપત્ર બાદ ચૂંટણી લડવા મેદાનમાં ઉતરે ત્યારે પક્ષનું માન્ય નિશાન પંચ દ્વારા આપવામાં આવે છે.

ચૂંટણી પંચની સ્થાપના બાદ આપણી ચૂંટણી વ્યવસ્થા આશરે ત્રણેક દશકાપૂર્વે બિલ્કુલ ખાડે ગયેલ જેમાં ચૂંટણીમાં પક્ષ કે ઉમેદવાર કે તેના મળતીયાઓ દ્વારા હિંસા આચરવામાં આવતી લોકોને પ્રલોભનો આપી મતદાન માટે પ્રેરવામાં આવતા કે દૂર રાખવા પ્રયાસો થતાં તેમાં આંતર રાષ્ટ્રીય નિયમો અનુસાશ ફેરફારો કરવામાં આવ્યા જે લોકશાહીને વધુ મજબૂતી પ્રદાન કરનાર બની રહે તેવી આશા સેવવામાં આવેલ નવા સુધારાઓમાં ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન મનફાવે તેમ વર્તન કરતાં નેતાઓ-પક્ષ પર લગામ કસવામાં આવેલ તેમજ ચૂંટણીમાં થતા નાણાં અને ગુંડાગીરી પર પ્રતિબંધ મુકાયો ચૂંટણી પ્રક્રિયામાં ગુન્હેગારો ચૂંટણી લડતા અટકે તેવા પગલા લેવાની જાહેરાતો થઈ પરંતુ અમલ થતો જ નથી !

ચૂંટણી લડનારા ઉમેદવારો તથા પક્ષ માટે કેટલીક લક્ષ્મણરેખા નિશ્ચિત કરવામાં આવી છે. ગુન્હેગારીવાળો ઈતિહાસ ધરાવતા શખ્સોને દૂર રાખવાના પ્રયાસો અને શિક્ષિત અને સારા લોકો ચૂંટણી મેદાનમાં ઉતરે તેવી વ્યવસ્થાઓ થયેલી છે પણ તે માત્ર કાગળ ઉપર જ રહી જવા પામેલ છે.

અનેક સુધારાઓ થવા છતાં ચૂંટણી પ્રક્રિયામાં પંચ દ્વારા પણ અનેક કિસ્સાઓમાં રાગદ્વેષ-વ્હાલા દવલાની રસમ નિભાવવામાં આવતી હોવાના કિસ્સાઓ પણ સતત વધતા રહ્યા છે. મતદારો પાસે કાયદા-નિયમોનું પાલન કરાવવાની ઈચ્છા રાખતા ચૂંટણી પંચે પોતાની મુખ્ય ફરજોમાં શરતચૂક કે અન્ય કારણોસર અમલદારો દ્વારા ભૂલો થાય ત્યારે આવા અમલદારો વિરૂધ્ધ આકરા પગલા ભરવામાં આવતા ન હોવાથી ચૂંટણી પ્રક્રિયામાં ક્યારેક હારેલા ઉમેદવાર જીતેલા અને કાયદેસર જીતેલા ઉમેદવારને પરાજીત જાહેર કરાયાના તેમજ સત્તાપક્ષની શરમમાં કેટલીક ક્ષતિઓ દરગુજર કર્યાનાં બનાવો બહાર આવતા રહ્યા છે જે સામાન્ય રીતે ચૂંટણી પંચના નિયુક્ત અમલદારો દ્વારા સીધું લોકશાહીનું વસ્ત્રાહરણ કરવામાં આવી રહેલ છે. જેમં કેટલાક કિસ્સામાં સ્થાનિક તંત્ર અને કાયદો વ્યવસ્થા જાળવનારાઓ પણ મહદઅંશે ભાગ ભજવતા રહે છે.

લોકશાહી પધ્ધતિમાં સરકારી તંત્રએ ચૂંટણી સમયે મૌન બની તમાશો નિહાળવાનું નથી તેવી જ રીતે કેટલીક બાબતોમાં કોઈ પણ પક્ષની કે ઉમેદવારની તરફેણ પણ કરવા પર કાયદા મુજબ મનાઈ છે પરંતુ કાયદાનું સગવડીયું અર્થઘટન કરવામાં માહેર અમલદારો આડા અવળા દ્રષ્ટાંતો કે દાખલાઓ આપી પોતાને અનુરૂપ નિર્ણય આવી જનતા અને લોકશાહીનો દ્રોહ કરી રહ્યા છે. જે આપણી પરિપક્વ બનતી લોકશાહી માટે ઘાતક સાબિત થઈ શકે તેવી બાબત છે.

સરકારી અમલદારોએ રાજકીય પક્ષાપક્ષી કે દખલ ઉપરાંત શેહશરમ વગર સમાજહિતમાં ફરજ બજાવવાની હોય છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી પંચ તથા તંત્રનાં અમલદારોની ચૂંટણી સમયે કરવાની કે થતી કામગીરીમાં ઘણા અમલદારો યેનકેન પ્રકારે રાજકીય પક્ષને ફાયદા કરી આપવાની વૃત્તિ દર્શાવતા રહ્યા છે જેમં વર્તમાન ચૂંટણીમાં આવી વ્હાલા દવલાની વૃત્તિ કે આંખ આડા કાન કરવાની આદત સામે રાજ્યની વડી અદાલતે ભૂતકાળમાં પણ તંત્રની ઝાટકણી કાઢી ચૂંટણી રદ કરવા સુધીનાં ચૂકાદા આપેલ છે. વર્તમાનમાં પણ ચૂંટણી પંચ અને અમલદારો સામે વડી અદાલતે આકરૂ વલણ દર્શાવવું પડ્યું ત્યાર બાદ બન્ને ઢીલા પડ્યા!

લોકશાહીમાં ચૂંટણી સમયે ફરજ પરનાં અમલદારો જો નિષ્પક્ષ ન રહે તો ન્યાયી-પ્રમાણિકતાથી ચૂંટણી યોજવાની વાત કાગળ પર જ રહી જાય ! આવા અમલદારોના કારણે ખોટા હારેલા કે હારનાર ઉમેદવાર જીતે અને જનતાએ મત આપી બહુમતિ આપેલ હોય તે પરાજીત થઈ ઘેર બેસી જાય છે ! આવી બિન લોકશાહી પ્રણાલીથી ચૂંટાયેલ સભ્યને ગેરલાયક સાબિત કરવામાં પાંચ વર્ષથી વધુ સમય પસાર થઈ જાય છે તેની પાછળ પણ અમલદારોની મેલી મુરાદ છૂપાયેલ

આભાર - નિહારીકા રવિયા હોય છે. જનતા બધું જાણે છે સમજે છે. એ વાત આજના નેતાઓ અને કહ્યાગરા બનેલ અમલદારોએ સમજી જવાની જરૂરત છે !

## કેશોદ ભાજપના બિનહરીફ થયેલા ઉમેદવારે ચલણી નોટો ઉડાવી

**નગરપાલિકાનાં વોર્ડનં.-૩ના ઉમેદવારે ઉત્સાહમાં આવી જઈ રૂા.૫૦૦નાં દરની નોટો જાહેરમાં ઉડાવતા ફરીયાદ**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૬

રાજ્યમં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં ઉમેદવારી પત્રકો પરત ખેંચવાના દિવસે રાજ્યમાં અનેક સ્થળોએ કોંગ્રેસ-આપ તથા અપક્ષ સહિતનાં અનેક ઉમેદવારોએ પોતાના પત્રકો પરત ખેંચ્યા હતા. દરમ્યાન આજે જૂનાગઢ જિલ્લાની કેશોદ પાલિકાના વોર્ડ નં.-૩માં ભાજપના સીધા સ્પર્ધકે ઉમેદવારી પત્રક પરત ખેચતા વોર્ડ નં.-૩ના ભાજપના ઉમેદવાર વિરા સિંઘલ બિનહરીફ જાહેર થતાં અતિ ઉત્સાહમાં આવી જઈ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શિકાનો ભંગ કરી વિજય ઉત્સવ મનાવી જાહેરમાં રૂા.૫૦૦ સિહતનાં દરની ચલણો નોટો ઉડાવી માર્ગદર્શિકા તથા આદર્શ આચાર સંહિતાનો ભંગ કર્યો હતો.

કેશોદ પાલિકામાં વોર્ડ નં.-૩માં ભાજપનાં ૪, કોંગ્રેસનાં ૪ તથા આમ આદમી પાર્ટીનાં ૧ મળી કુલ ૯ ઉમેદવારો ચૂંટણી જંગમાં વોર્ડ નં.-૩માં ઉતર્યા હતા. આજે પત્રકો પરત ખેંચવાની કાર્યવાહી દરમ્યાન કોંગ્રેસનાં ૨ તથા આમ આદમી પાર્ટીનાં એક ઉમેદવારે પત્રક પરત ખેચતા વોર્ડ નં.-૩ની ૨ બેઠક ભાજપના ફાળે બિનહરીફ થતાં ભાજપનાં વિરા સિંઘલ તથા એક મહિલા ઉમેદવાર મતદાન પહેલા જ બિનહરીફ જાહેર થતાં ઉત્સાહમાં આવી બિનહરીફ થતાં પક્ષનાં કાર્યાલય ખાતે કાર્યકરો અને આગેવાનીની ઉપસ્થિતિમાં જાહેરમાં ચલણી નોટો ઉડાવી આચર સંહિતાનો ભંગ કરતાં વિપક્ષો દ્વારા આ મામલે ચૂંટણીપંચ સમક્ષ (તંત્રને આ કાર્યવાહી નજરે નહીં ચડતા) સમક્ષ ફરીયાદ કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવનાર છે.

## સુત્રાપાડામાં નગરપાલિકાની ચૂંટણી પહેલા હિંસા, આરટીઆઈ એક્ટિવિસ્ટ ચેતન બારડ પર હૂમલો

ચક્રવાત ટીમ ગીર સોમનાથ,તા.૧૬



ગીરસોમનાથ જિલ્લાના સુત્રાપડામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી હિંસક બની રહી છે આજ રોજ સુત્રાપડાના સિવિલ હોસ્પિટલ આગળ યુવક પર હુમલો થતાં નગરપાલિકાની ચૂંટણીના વિવાદમાં આવી છે રાજકીય વગ ધરાવતા વરશીંગ ઝાલાએ હુમલાનો આક્ષેપ કરવામાં આવ્યો છે જે પૂર્વ મંત્રી જશાભાઈ બારડ નજીકના માનવામાં આવી રહ્યા છે જે વર્સીંગ ઝાલા દ્વારા યુવક ચેતન બારડ પર હુમલો કરાયા હોવાનો આક્ષેપ લગાવ્યો છે,

સુત્રાપાડા સિવિલ હોસ્પિટલ નજીક યુવકને ઢોરમાર માર્યો માર્યા હોવાની ફરિયાદ ચેતન બારડ દ્વારા નોંધાવી છે ચેતન બરદને રસ્તા પરથી રોકીને યુવકને ઢોરમાર મારી અને ત્યાંથી શખ્સો ફરાર થઈ ગયા હતા હાલ તો ઈજાગ્રસ્ત યુવકને સિવિલ ખાતે સારવાર હેઠળ સુત્રાપાડા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે યુવક ચેતન બારડ આરટીઆઈ અંતર્ગત માહિતી માંગવા મુદ્દે હુમલો થયા હોવાની પણ ચર્ચા થઈ રહી છે જે સુત્રાપાડા નગરપાલિકાની ઈૂં મારફતે માહિતી મંગાવી અને સુત્રાપાડા નગરપાલિકાના કથિત કૌભાંડ ઉજાગર કરતો હતો...

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ચેતનને તડીપાર કરવાનો ઓર્ડર મળ્યો હતો ત્યાર બાદ ચેતન બારડએ તડીપારના હુકમને હાઈકોર્ટમાં પડકાર્યો હતો જેમાં ગુજરાત હાઈકોર્ટે તડીપારના હુકમ પર સ્ટે મૂક્યો હતો, સુત્રાપાડા નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને નુકસાન થયા હોવાની અનુભૂતિ થાય તેવી ભીતિને કારણે હુમલો કર્યા હોવાની ચર્ચા થઈ રહી છે.

## જિલ્લા-તાલુકા પંચાયત અને પાલિકામાં ભાજપે ૨૧૯ બેઠકો બિનહરીફ મેળવી

**જાહેરનામા બાદ પણ બેઠકો બિનહરીફ થતા મતદારોને મતદાનથી વંચિત રહેવું પડે તે કેટલું વ્યાજબી?**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૧૬

રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો પ્રચાર શરૂ થઈ ચૂક્યો છે. બીજા તબક્કામાં યોજાનાર જિલ્લા-તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણીનાં ઉમેદવારીપત્રો પરત ખેંચવાની પ્રક્રિયાના અંતે પ્રતિ સ્પર્ધા પક્ષોના ઉમેદવારોનાં એક યા બીજા કારણોસર ઉમેદવારી પત્રકો રદ થવા ઉપરાંત ઉમેદવારોએ ક્યાંક નારાજગી દર્શાવી તો ક્યાંક ધાક ધમકી અને પ્રલોભનના કારણે ઉમેદવારી પત્રો પરત ખેચતા ભાજપે જિલ્લા-તાલુકા પંચાયત તેમજ પાલિકામાં મતદાન યોજાય તે પહેલા ૨૧૯ બેઠકો બિનહરીફ કબ્જે કરેલી છે.

ભાજપે ગીર સોમનાથ જિલ્લાની ઉના તથા મહેસાણા જિલ્લાની કડી પાલિકામાં મતદાન પહેલા જ પોતાની સત્તા સ્થાપિત કરી લીધેલ છે. જ્યારે રાજ્યમાં અન્ય પક્ષો કોંગ્રેસ-આપ કે અન્યો બિન હરીફ બેઠક કબ્જે કરવા મામલે ભાજપ કરતાં ક્યાંય પાછળ છે.

## રાજકોટ મહાનગરપાલિકાનો ભાજપ દ્વારા ચૂંટણી ઢંઢેરામાં વચનોનો પટારો ખુલ્યો

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૬

સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે આજે રાજકોટમાં ભાજપે ચૂંટણી ઢંઢરો જાહેર કર્યો છે. રાજકોટ મનપાની ચૂંટણી માટે ભાજપનો સંકલ્પ પત્ર આજે પ્રેસ કોન્ફરન્સ કરીને જાહેર કરવામાં આવ્યો છે. રંગીલા રાજકોટનો કિલ્લો સર કરવા માટે ભાજપે આજે સવારે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. જેમાં લોકોને આકર્ષવા માટે અલગ અલગ વાયદાઓ કરવામાં આવ્યા છે. ભાજપના સંકલ્પ પત્રમાં મહત્વપૂર્ણ કહી શકાય તેવા ૧૨ જેટલા મુદ્દાને આવરી લેવાયા છે. રાજકોટની હદમાં વધારો થયા પછી ૧૮ વોર્ડ યથાવત રાખવામાં આવ્યા છે. રાજકોટમાં મોટા મવા, મુંજકા, માધાપર, ઘંટેશ્વર અને મનહરપુર એમ પાંચ ગામનો રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવ્યો છે. કોર્પોરેશનની ચૂંટણીમાં ૭૨ કોર્પોરેટરો ચૂંટવાના રહેશે. જેમાં ૩૬ બેઠકો મહિલા અનામત છે.

કુલ ૭૨ બેઠકો પૈકી ૫ બેઠકો અનુસૂચિત જાતિ અનામત રહેશે. તે પાંચ પૈકી ૩ મહિલા અનુસૂચિત જાતિ માટે રહેશે. ૭ બેઠકો બક્ષીપંચ માટે અનામત રહેશે. આ ૭માં ૭ બેઠકો બક્ષીપંચ મહિલા માટે અનામત રહેશે. ૧ બેઠક આદિજાતિ મહિલાઓ માટે અનામત રહેશે. રાજકોટમાં પ્રથમ વખત આદિવાસી મહિલા માટે એક બેઠક અનામત રહેશે. ભાજપના સંકલ્પ પત્રમાં મહત્વપૂર્ણ કહી શકાય તેવા ૧૨ જેટલા મુદ્દામાં રાજકોટને સર્વોત્તમ, સુંદર બનાવવાનું સપનું છે. આ સિવાય આત્મનિર્ભર સ્ત્રી શક્તિ પર ભાર મુકાયો, ઈન્ટરનેટ, જ્ઞાન સાથે ગમ્મતની ભેટનો વાયદો, યુવાનો માટે યુથસ્પોટ, યુવા કોટ પર ભાર મુકાયો, વડીલ વંદના, સામાન્ય જનના મુદ્દા પર ભાર મુકાયો, નવા વિસ્તારોને નવી સુવિધાનો વાયદો, કળા, સંસ્કૃતિ, વેપાર – ઉદ્યોગોને પ્રોત્સાહનનો વાયદો, દરેક આરોગ્ય કેન્દ્રના આધુનિકીકરણનો વાયદો અને ઈન્ડોર સ્ટેડિયમ, જીમ, યોગખંડ, શહેરમાં અલગ-અલગ સ્થળે ૫ અંડરબ્રિજ બનશે.

## આજે સ્મૃતિ ઈરાની રાજકોટમાં બે જાહેર સભાઓ સંબોધશે

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૬

વડોદરામાં જાહેરસભા દરમિયાન મુખ્યમંત્રી વિજય રૂપાણીની તબિયત લથડી હતી અને તેઓ ઢળી પડ્યા હતા. આ સમાચાર વાયુવેગે ફેલાયા હતા. હોસ્પિટલમાં તાત્કાલિક દાખલ કરાયા બાદ તેઓ કોરોના પોઝિટિવ જાહેર થયા હતા. હાલ તેઓ ક્વોરેન્ટાઈનમાં છે. તેમની તબિયતથી ભાજપના ચૂંટણી પ્રચાર પર કોઈ અસર પડી નથી. મુખ્યમંત્રીના બદલે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની રાજકોટમાં પ્રચાર કરશે તેવી જાહેરાત કરાઈ છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી કોરોના પોઝિટિવ આવતા તેમના તમામ કાર્યક્રમ રદ થયા છે.

તો આજે સ્મૃતિ ઈરાની મુખ્યમંત્રીના હોમટાઉન રાજકોટમાં ૨ સભામાં હાજરી આપશે. કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પાંચ જગ્યાએ સભાને સંબોધશે. રાજકોટમા વોર્ડ નંબર ૧૩ અને ૧૪ માં સ્મૃતિ ઈરાનીની જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્મૃતિ ઈરાની વોર્ડ નંબર ૭ માં લોક સંપર્ક માટે ઘરે ઘરે જશે અને મતદારોને મળશે. ભાજપના સ્ટાર પ્રચારકો આજે ગુજરાતભરમાં ઝંઝાવતી પ્રચાર કરશે. ત્યારે પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલની વડોદરામાં આજે ૨ સભાનું આયોજન કરાયું છે.









## કોંગ્રેસની ફોર્મ રદ થવા મામલે થયેલ અરજી હાઈકોર્ટે ફગાવી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૬

અમદાવાદ અને ભાવનગરમાં કોંગ્રેસના ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતાં હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી હતી. આ ત્રણેય ઉમેદવારોની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આ અરજીઓને લઈને એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે હાલમાં ચૂંટણી પ્રક્રિયા ચાલુ હોવાથી અરજીઓ ટકી શકે નહીં, અરજદાર ઈચ્છે તો ચૂંટણી બાદ ઈલેક્શન પીટીશન કરી શકશે. કોંગ્રેસના દિનેશ પરમાર, દેવલબેન ચાવડા અને શિલ્પાબેન રાણાની અરજીઓ હાઈકોર્ટે ફગાવી દીધી છે. ઉમેદવારી રદ થવાના કિસ્સાઓમાં એક ફોર્મમાં ઉમેદવારના વાસ્તવિક નામ અને મેન્ડેટના નામમાં તફાવત હોવાથી ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)